દૈનિક
# મુંબઈ સમાચાર
R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૫ ■ Volume 69 ■ Issue 236 ■ વિક્રમ સંવત ૨૦૮૨

ભાદ્રપદ વદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 October 2026, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૭ ઑક્ટોબર ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u




LIKE & FOLLOW: /Mumbaisamachar4u

## અમદાવાદના ન્યુ રાણીપમાં બાળક અપહરણના કેસનો પર્દાફાશ: એક મહિલા સહિત ત્રણ આરોપીની ધરપકડ

અમદાવાદ: શહેરના ન્યુ રાણીપ વિસ્તારના અહવાલીયા તળાવ નજીક ફૂટપાથ પરથી એક માસના બાળકના અપહરણના કેસનો ક્રાઈમ બ્રાન્ચે પર્દાફાશ કર્યો હતો. પોલીસે અપહરણ કેસમાં એક મહિલા સહિત ત્રણ આરોપીની ધરપકડ કરી હતી. તેમજ આ અપહરણ નિઃસંતાન દંપતીને બાળક વેચવાના ઇરાદે કરવામાં આવ્યું હોવાની વિગતો પ્રકાશમાં આવી છે.

આ સમગ્ર અપહરણ કેસની વિગતો મુજબ મજૂરીકામ કરતા દંપતી શુક્રવારે રાત્રે ન્યુ રાણીપ વિસ્તારમાં અહવાલીયા તળાવની ફૂટપાથ પર એક માસ અને સાત દિવસના બાળક સાથે ખાટલામાં સૂતું હતું. મોડી રાત્રે આશરે ૩.૧૫થી ૩.૩૦ વાગ્યાના સુમારે માતા-પિતા જાગ્યા ત્યારે બાળક ખાટલામાંથી ગાયબ હોવાનું જણાયું હતું. ત્યારે આસપાસ શોધખોળ કર્યા બાદ પણ બાળકનો પત્તો ન લાગતા તેમણે તાત્કાલિક પોલીસને જાણ કરી હતી. જેની બાદ પોલીસે સીસીટીવી કેમેરાના આધારે તપાસ શરૂ કરી હતી. જેમાં પોલીસે બાળકને ઉઠાવી જનાર યુવતી, બે સગીર અને યુપીના એક આરોપીની ક્રાઈમ બ્રાન્ચે બાળ તસ્કરી રેકેટમાં ધરપકડ કરી હતી.

## ભાવનગરના ત્રાપજ ગામ નજીક ઊભેલા ટ્રક ટ્રેલરની પાછળ કાર ઘૂસી ગઈ, સાત લોકો કાળનો કોળિયો બન્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભાવનગર : ગુજરાતમાં માર્ગ અકસ્માતો ચિંતાજનક રીતે વધી રહ્યા છે. ૭ ઓક્ટોબર મંગળવારના રોજ વહેલી સવારે ભાવનગર-તળાજા નેશનલ હાઇવે ત્રાપજ ગામ પાસે આવેલી શિવ શક્તિ હોટલની પાસે સર્વિસ રોડ ઉપર ઊભેલા ટ્રક ટ્રેલર પાછળ કાર ઘૂસી જતા ધડાકાભેર અથડાતા ઘટનાસ્થળે જ છ લોકોનાં મોત નીપજ્યાં હતાં, જ્યારે ગંભીર રીતે ઈજાગ્રસ્ત જયેશભાઈ વાંસણીનું સારવાર દરમિયાન હૉસ્પિટલમાં મોત થયું હતું. બોલેરો કાર અલંગ તરફ જઈ રહી હતી. બનાવ બન્યા બાદ આસપાસના લોકોના ટોળા એકત્રિત થઈ ગયા હતા. ટ્રક ટેલરનું પાછળનું વ્હિલ નીકળી ગયું હતું જ્યારે કારના આગળનો બોનેટનો ભાગનો ભુક્કો બોલી ગયો હતો. આ ગોઝારા અકસ્માત અંગે માહિતી આપતા ભાવનગર સિટી ડીવાય એસપી આર.આર. સિંઘાલે જણાવ્યું હતું કે, હેવી ટ્રક સર્વિસ રોડ પર ઊભો હતો. પ્રાથમિક માહિતી મુજબ ટ્રકનો ડ્રાઈવર ટ્રક પાર્ક કરીને ચા પીવા ગયો હતો. આ દરમિયાન ભાવનગરથી અલંગ તરફ જઈ રહેલી મહિન્દ્રા બોલેરો કારની પાછળના ભાગમાં ધડાકાભેર અથડાઈ હતી. બોલેરોમાં કુલ સાત લોકો સવાર હતા. અકસ્માત એટલો ગંભીર હતો કે છ લોકોનાં ઘટનાસ્થળે જ મોત થયાં, જ્યારે એક ઈજાગ્રસ્તનું સારવાર દરમિયાન મોત થયું હતું. પોલીસે તમામ મૃતદેહોનો કબજો મેળવી ભાવનગરની સરકારી હૉસ્પિટલ ખાતે ઇન્ક્વેસ્ટ અને પોસ્ટમોર્ટમની કાર્યવાહી શરૂ કરી હતી.

## ભુજમાં આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ પર સટ્ટો રમતા બે બુકી ઝડપાયા: ₹૧૦.૭૦ લાખનો મુદ્દામાલ જપ્ત

(અમારા પ્રતિનિધી દ્વારા)

ભુજ: શહેરના વ્યસ્ત ગણાતા હૉસ્પિટલ રોડ પર આંતરરાષ્ટ્રીય ક્રિકેટ મેચ પર મોબાઇલ ફોનમાં માસ્ટર આઈડી મારફતે સટ્ટો રમી તેમજ રમાડી રહેલા માધાપરના બે શખ્સોને પોલીસે રંગેહાથ ઝડપી પાડ્યા હતા. પોલીસે આરોપીઓ પાસેથી બે સ્માર્ટફોન તેમજ એક કાર મળી કુલ રૂપિયા ૧૦,૭૦,૦૦૦નો મુદ્દામાલ કબજે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો અનુસાર, ભુજના હૉસ્પિટલ રોડ પર એક કારમાં બેસી કેટલાક શખ્સો ક્રિકેટ મેચ પર ગેરકાયદે સટ્ટા બેટિંગનું નેટવર્ક ચલાવી રહ્યા હોવાની ચોક્કસ બાતમી પોલીસને મળી હતી જેના આધારે પોલીસે સ્થળ પર આકસ્મિક દરોડો પાડી શંકાસ્પદ હાલતમાં ઊભેલી કારને કોર્ડન કરી તપાસ હાથ ધરી હતી.

પોલીસ તપાસ દરમિયાન કારમાં સવાર શખ્સો આઈસીસી સીડબલ્યુસી લીગ-૨ અંતર્ગત નામીબિયા અને યુએઈ વચ્ચે રમાઈ રહેલી વન-ડે મેચ પર ઓનલાઈન માસ્ટર આઈડી દ્વારા હાર-જીતનો જુગાર રમી રહ્યા હોવાનું પકડાઈ ગયું હતું.

## રેવાડી સેક્શનમાં બ્લોકના પગલે કચ્છ-દિલ્હી રૂટની રેલવે સેવાઓ પ્રભાવિત: ભુજ-દિલ્હી સ્પેશ્યલ ટ્રેન રદ

ભુજ: ઉત્તર પશ્ચિમ રેલવે અંતર્ગત આવતા રેવાડી સેક્શનમાં આધુનિક ઑટોમેટિક સિગ્નલિંગ પ્રણાલીના કમિશનિંગ અર્થે લેવાયેલા ટ્રાફિક બ્લોકના કારણે કચ્છથી દિલ્હી તરફ દોડતી રેલવે સેવાઓ પ્રભાવિત થઈ છે. રેલવે વહીવટી તંત્ર દ્વારા હાથ ધરાયેલી તકનિકી કામગીરીને પગલે ભુજ-દિલ્હી સરાય રોહિલ્લા ટ્રેન તા. ૬ ઑક્ટોબર તેમ જ સામે દિલ્હી સરાય રોહિલ્લા-ભુજ એક્સપ્રેસ તા. ૭ ઑક્ટોબરના રોજ રદ કરવાનો નિર્ણય લેવાયો હતો.

રેલવે વિભાગના સત્તાવાર સૂત્રો પાસેથી મળતી માહિતી અનુસાર, આ બ્લોકના સમયગાળા દરમિયાન મુસાફરોની સુવિધા જળવાઈ રહે તે માટે કેટલીક મહત્ત્વપૂર્ણ ટ્રેનોના રૂટમાં ફેરફાર (ડાયવર્ઝન) કરવામાં આવ્યા છે. તા. ૬ ઑક્ટોબરના રોજ ઉપડનારી ટ્રેન નંબર ૧૯૪૦૩ (ભુજ-દિલ્હી સરાય રોહિલ્લા એક્સપ્રેસ) પોતાના નિયત માર્ગ 'રેવાડીપાલમદિલ્હી'ના બદલે ડાયવર્ટ કરાયેલા રૂટ 'રેવાડી ભિવાની દિલ્હી' થઈને દોડશે. ટ્રેન નંબર ૧૪૩૧૨ (ભુજ બરેલી 'આલા હજરત' એક્સપ્રેસ) તા. ૬ ઑક્ટોબરના રોજ પોતાના નિર્ધારિત રૂટના સ્થાને પરિવર્તિત માર્ગ 'રેવાડી ભિવાની દિલ્હી' થઈને આગળ પ્રસ્થાન કરશે. ટ્રેન નંબર ૧૪૩૨૧ (બરેલી ભુજ એક્સપ્રેસ) ટ્રેન પણ પોતાના નિયત માર્ગના બદલે 'દિલ્હી રોહતક ભિવાની રેવાડી' થઈને ભુજ તરફ આવશે. રેલવે પ્રશાસને જણાવ્યું હતું કે, ઓટોમેટિક સિગ્નલિંગ સિસ્ટમ કાર્યરત કરવા માટે આ ટ્રાફિક બ્લોક લેવામાં આવ્યો છે, જેથી ભવિષ્યમાં ટ્રેનોની ગતિ અને સુરક્ષા વ્યવસ્થા વધુ સુદ્રઢ બનશે. રૂટમાં ફેરફાર અને ટ્રેનો રદ થવાના કારણે કચ્છથી રાજધાની દિલ્હી તેમજ ઉત્તર ભારત તરફ મુસાફરી કરી રહેલા પ્રવાસીઓને રેલવે સમયપત્રકની ખાતરી કરીને મુસાફરી શરૂ કરવા અનુરોધ કરાયો છે.

## અમદાવાદમાં નવનિર્મિત મકરબા બ્રિજની ડિઝાઇનમાં ગંભીર ખામીઓ, મનપાએ કન્સલ્ટન્સી કંપનીને નોટિસ ફટકારી

(અમારા પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ: શહેરના એસ.જી. હાઇવે અને જુહાપુરાને જોડતા નવનિર્મિત મકરબા રેલવે ઓવરબ્રિજની ડિઝાઇનમાં ગંભીર ખામીઓ હોવાનું પ્રકાશમાં આવ્યું છે. જેના લીધે બ્રિજના લોકાર્પણ સાથે ટ્રાફિક જામ અને અવ્યવસ્થાની સ્થિતિ સર્જાતા તંત્ર વિરુદ્ધ સવાલો ઊઠ્યા છે.

આ બ્રિજની ડિઝાઇનમાં ખામી સામે આવ્યા બાદ હવે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશને કાર્યવાહી શરૂ કરી છે. અમદાવાદ મનપા દ્વારા બ્રિજની ડિઝાઇન તૈયાર કરનાર 'ડેલ્ફ કન્સલ્ટન્સી' કંપનીને નોટિસ ફટકારવામાં આવી છે. આ નોટિસમાં ડિઝાઇન અંગે ખુલાસો માંગવામાં આવ્યો છે. તેમજ આ બ્રિજના છેડા પર ટ્રાફિક વ્યવસ્થામાં સર્જાયેલી સમસ્યા અંગે જવાબ રજૂ કરવા જણાવાયું છે. ડિઝાઇન તૈયાર કરતી વખતે ટ્રાફિક ફ્લો અને કનેક્ટિવિટીને ધ્યાનમાં લેવામાં આવી હતી કે નહીં તે અંગે પણ સ્પષ્ટતા માંગવામાં આવી હોવાનું બહાર આવ્યું હતું.

આ અંગેની વિગતો મુજબ મકરબા રેલવે ઓવરબ્રિજનું નિર્માણ એસજી હાઈવે અને જુહાપુરા વિસ્તાર વચ્ચેની અવરજવર સરળ બનાવવા માટે કરવામાં આવ્યું હતું. પરંતુ બ્રિજના લોકાર્પણ બાદ જ ટ્રાફિક જામ, મુખ્ય રોડ બંધ કરવાની ફરજ અને ડાયવર્ઝન જેવી સ્થિતિ સર્જાતા પ્રોજેક્ટના આયોજન પર સવાલો ઊભા થયા છે.

મકરબા રેલવે ઓવરબ્રિજના છેડા પર ચાર રસ્તા તરફની ટ્રાફિક વ્યવસ્થાનું યોગ્ય આયોજન કરવામાં આવ્યું ન હતું. જેના કારણે વાહનોની અવરજવરમાં અડચણ ઊભી થઈ રહી છે. તેમજ બ્રિજના ઈ-લોકાર્પણના બીજા જ દિવસે ટ્રાફિકની સ્થિતિને ધ્યાનમાં રાખીને કોર્પોરેટ રોડના મુખ્ય માર્ગને બંધ કરીને વાહનચાલકો માટે ડાયવર્ઝન આપવામાં આવ્યું હતું. તેમ જ અચાનક મુખ્ય રોડ બંધ કરી દેવાતા વાહનચાલકોને વૈકલ્પિક રસ્તાઓનો ઉપયોગ કરવાની ફરજ પડી રહી છે.

## નવસારીમાં દીપડો બાળકને ઉઠાવી ગયો: ઘરથી ૫૦૦ મીટર દૂર ક્ષત-વિક્ષત હાલતમાં મૃતદેહ મળ્યો

(અમારા પ્રતિનિધિ તરફથી)

નવસારી: જિલ્લાના વાંસદા તાલુકાના ભીનાર ગામે આંગણામાં રમી રહેલા અઢી વર્ષના બાળકને દીપડો જંગલમાં ખેંચી ગયો હતો. વન વિભાગ અને ગ્રામજનો દ્વારા હાથ ધરાયેલી વ્યાપક શોધખોળ બાદ વહેલી સવારે ઘરથી ૫૦૦ મીટર દૂર બાળકનો ક્ષત-વિક્ષત હાલતમાં જંગલમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. જેથી સમગ્ર પંથકમાં શોકનું મોજું ફરી વળ્યું છે. તેમજ સ્થાનિક રહીશોમાં ભય જોવા મળી રહ્યો છે.

ભીનાર ગામે રહેતા અરૂણ પટેલનો અઢી વર્ષનો પુત્ર આરવ ઘરના આંગણામાં રમતો હતો. તે જ સમયે જંગલ વિસ્તાર નજીકથી આવેલા એક ખૂંખાર દીપડાની નજર માસૂમ બાળક પર પડી હતી. દીપડાએ તેને શિકાર સમજીને અચાનક હુમલો કર્યો હતો. તેમજ પળભરમાં બાળકને ઉઠાવી અંધારામાં જંગલ તરફ ભાગી છૂટ્યો હતો. બાળક અચાનક ગુમ થઈ જતા પરિવારજનોએ તાત્કાલિક શોધખોળ શરૂ કરી હતી, જોકે, બાળકને દીપડો લઈ ગયો હોવાની જાણ થતાં પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. મશાલ અને લાકડા સાથે જંગલમાં રેસ્ક્યૂ ઓપરેશન આ ઘટનાને પગલે વાંસદા પૂર્વ અને પશ્ચિમ વન વિભાગના અધિકારીઓ તેમજ કર્મચારીઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. ગ્રામજનો પણ મોટી સંખ્યામાં એકઠા થયા હતા.

## ગુજરાતમાં સેવા સંકલ્પ અભિયાન અંતર્ગત આજે સેવા જ્યોત યાત્રા યોજાશે

અમદાવાદ: નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્ય પ્રધાનથી લઈને દેશના વડા પ્રધાન તરીકે જાહેર સેવાના ૨૫ વર્ષ પૂર્ણ કર્યા છે. તેમના આ ૨૫ વર્ષના નિઃસ્વાર્થ નેતૃત્વ, વિકાસ અને સુશાસનના શાસનકાળ પ્રત્યે કૃતજ્ઞતા અને સ્નેહ વ્યક્ત કરવા માટે સમગ્ર દેશ અને ગુજરાતમાં 'સેવા સંકલ્પ અભિયાન' ચાલી રહ્યું છે.

ત્યારે ગુજરાતના પ્રવક્તા પ્રધાન જીતુ વાઘાણીએ આ અંગેની માહિતી આપતા જણાવ્યું હતું કે, આ અભિયાન અંતર્ગત તા. ૭ ઓક્ટોબરના રોજ 'વિકસિત ભારત સંકલ્પ સભા'નું રાષ્ટ્રવ્યાપી આયોજન કરવામાં આવ્યું છે. વડા પ્રધાન નરેન્દ્ર મોદી સવારે ૧૦.૦૦ કલાકે આ સભાના માધ્યમથી સમગ્ર દેશને સંબોધશે તેમ જ 'વિકસિત ભારત ૨૦૪૭' નો સામૂહિક સંકલ્પ લેવડાવશે.

આ સભા અંતર્ગત ગુજરાતના દરેક જિલ્લામાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં, અમદાવાદ ખાતે મુખ્ય પ્રધાન ભૂપેન્દ્ર પટેલ, વાવ-થરાદ ખાતે વિધાનસભા અધ્યક્ષ શંકર ચૌધરી, રૂપાલ (ગાંધીનગર જિલ્લા) ખાતે નાયબ મુખ્ય પ્રધાન હર્ષ સંઘવી તથા અન્ય જિલ્લાઓમાં વિવિધ પ્રભારી મંત્રીઓ, ચૂંટાયેલા જનપ્રતિનિધિઓ, કાર્યકર્તાઓ અને મોટી સંખ્યામાં સ્થાનિક નાગરિકો ઉત્સાહભેર જોડાશે.

આ કાર્યક્રમ પૂર્ણ થયા બાદ 'સેવા જ્યોત યાત્રા' ને પ્રસ્થાન કરાવવામાં આવશે. સમગ્ર દેશમાં તા. ૦૭ ઓક્ટોબરના રોજ સેવા જ્યોત યાત્રા યોજાશે. ગુજરાતના દરેક જિલ્લા અને મહાનગરના પ્રસ્થાન સ્થળે વડા પ્રધાનના સંબોધનનું લાઈવ પ્રસારણ કરવામાં આવશે. ત્યારબાદ સ્થાનિક અગ્રણીઓ દ્વારા 'સેવા જ્યોતિ' પ્રજ્વલિત કરી યાત્રાનો સત્તાવાર પ્રારંભ કરાવાશે.

# વેપાર વાણિજ્ય

## સોનામાં ₹ ૨૭૬ની આગેકૂચ, ચાંદીમાં ₹ ૧૩૩૭ની પીછેહઠ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકી ફેડરલ રિઝર્વ ઑક્ટોબર મહિનાની નીતિવિષયક બેઠકમાં વ્યાજદરમાં વધારો કરે તેવી શક્યતા નબળી પડતાં આજે લંડન ખાતે સોનામાં સુધારો આગળ ધપ્યો હતો. જોકે, આજે ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ ઊંચી સપાટીએ હોવાથી સુધારો મર્યાદિત રહ્યો હતો.

જ્યારે ચાંદીમાં સાંકડી વધઘટે ટકેલું વલણ રહ્યું હોવાના અહેવાલ હતા. આમ વૈશ્વિક મિશ્ર અહેવાલોને ધ્યાનમાં લેતા સ્થાનિક ઝવેરી બજારમાં પણ બન્ને કિંમતી ધાતુઓના ભાવમાં સામસામા રાહ જોવા મળ્યા હતા, જેમાં સોનાના ભાવમાં ૧૦ ગ્રામદીઠ રૂ. ૨૭૪થી ૨૭૬નો સુધારો આવ્યો હતો અને ચાંદીના ભાવ કિલોદીઠ રૂ. ૧૩૩૭ ઘટી આવ્યા હતા. બજારનાં સાધનોના જણાવ્યાનુસાર આજે ચાંદીમાં સ્ટોકિસ્ટોની નફારૂપી વેચવાલીનું દબાણ ઉપરાંત ભાવઘટાડાના માહોલમાં ઔદ્યોગિક વપરાશકારો તથા જ્વેલરી ઉત્પાદકોની લેવાલી પણ ખપપૂરતી રહેતાં હાજરમાં વેરારહિત ધોરણે ભાવ કિલોદીઠ રૂ. ૧૩૩૭ના ઘટાડા સાથે રૂ. ૨,૨૨,૮૨૦ના મથાળે રહ્યા હતા. તેમ જ આજે સોનામાં પણ છૂટીછવાઈ રોકાણલક્ષી માગને બાદ કરતાં જ્વેલરી ઉત્પાદકો અને રિટેલ સ્તરની માગ નિરસ રહી હોવા છતાં વૈશ્વિક પ્રોત્સાહક અહેવાલે વેરારહિત ધોરણે ૧૦ ગ્રામદીઠ ૯૯૫ ટચ સ્ટાન્ડર્ડ સોનાના ભાવ રૂ. ૨૭૪ વધીને રૂ. ૧,૪૭,૮૭૯ અને ૯૯૯ ટચ સ્ટાન્ડર્ડ સોનાના રૂ. ૨૭૬ વધીને રૂ. ૧,૪૮,૪૭૪ના મથાળે રહ્યા હતા.

આજે લંડન ખાતે સત્રના આરંભે હાજરમાં સોનાના ભાવ ગઈકાલના બંધ સામે ૦.૩ ટકા વધીને ઔંસદીઠ ૪૧૫૨.૦૪ ડૉલર અને ડિસેમ્બર ડિલિવરી વાયદામાં ભાવ ૦.૫૬ ટકા વધીને ૪૧૮૦ ડૉલર આસપાસ ક્વૉટ થઈ રહ્યા હતા, જ્યારે હાજરમાં ચાંદીના ભાવ સાંકડી વધઘટે અથડાઈને ઔંસદીઠ ૬૧.૧૦ ડૉલરની સપાટીએ ટકેલા રહ્યા હતા.

ડૉલર ઈન્ડેક્સમાં મજબૂત વલણ અને ૩૦ વર્ષની લાંબા સમયગાળાની અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ ૨૪ વર્ષની ઊંચી સપાટીએ રહેવા જેવાં વિપરીત પરિબળો છતાં હાલ સોનાના ભાવ ઔંસદીઠ ૪૧૦૦ ડૉલરની ટેકાની સપાટી આસપાસ રહ્યા હોવાનું સાક્સો બૅન્કનાં કૉમૉડિટી સ્ટ્રેટેજી વિભાગના હેડ ઑલે હસને જણાવતાં ઉમેર્યું હતું કે હાલમાં સીએમઈ ફેડ વૉચ ટૂલ પર બજાર વર્તુળો ઑક્ટોબર મહિનાની બેઠકમાં ફેડરલ દ્વારા વ્યાજદરમાં વધારો કરવામાં આવે તેવી શક્યતા ઘટીને ૨૧ ટકા થઈ ગઈ છે, પરંતુ ડિસેમ્બર મહિનામાં વ્યાજદરમાં વધારાની શક્યતા હજુ ૭૦ ટકા મૂકી રહ્યા છે. જોકે, આ સપ્તાહે અમેરિકાના આર્થિક ડેટાની કોઈ ખાસ જાહેરાત ન હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન સોનાના ભાવની વધઘટ ડૉલર ઈન્ડેક્સની વધઘટ પર અવલંબિત રહેવાની શક્યતા તેમણે વ્યક્ત કરી હતી.

વધુમાં જી-૭ના દેશો તરફથી કટોકટી માટેનો સ્ટોક છૂટો કર્યો હોવાથી આજે ક્રૂડતેલના ભાવમાં ઘટાડો જોવા મળ્યો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું.

## ડૉલર સામે રૂપિયામાં ટકેલું વલણ

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઈ: અમેરિકા-ઈરાન વચ્ચેની ભૂરાજકીય અનિશ્ચિતતા, ડૉલર ઈન્ડેક્સમાં મક્કમ વલણ અને સ્થાનિક ઈક્વિટી માર્કેટમાં વિદેશી સંસ્થાકીય રોકાણકારોની અવિરત વેચવાલીના દબાણ હેઠળ સ્થાનિક ફોરેક્સ માર્કેટમાં ડૉલર સામે રૂપિયો બેતરફી વધઘટે અથડાઈને અંતે ગઈકાલની જ ૯૬.૩૫ની સપાટીએ બંધ રહ્યો હતો. જોકે, આજે બ્રેન્ટ ક્રૂડ તેલના ભાવમાં વધ્યા મથાળેથી સાધારણ પીછેહઠ જોવા મળી હોવાથી રૂપિયામાં ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું ટ્રેડરોએ જણાવ્યું હતું.

આજે સ્થાનિકમાં ડૉલર સામે રૂપિયો ગઈકાલના ૯૬.૩૫ના બંધ સામે સુધારાના અન્ડરટોને ૯૬.૨૯ની સપાટીએ ખૂલ્યા બાદ સત્ર દરમિયાન નીચામાં ૯૬.૪૫ અને ઉપરમાં ૯૬.૨૯ની રેન્જમાં રહીને અંતે ગઈકાલના ભાવ ટૂ ભાવ ૯૬.૩૫ના મથાળે બંધ રહ્યો હતો. નોંધનીય બાબત એ છે કે ગઈકાલે રૂપિયો ૧૦ પૈસા નબળો પડ્યો હતો.

એકંદરે આજે ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ રહેતાં સત્ર દરમિયાન નીચામાં ૧૦ પૈસા સુધી ગબડ્યો હતો, પરંતુ વિશ્વ બજારમાં ક્રૂડ તેલના ભાવમાં વધ્યા મથાળેથી પીછેહઠ જોવા મળતાં રૂપિયામાં અમુક અંશે ઘટાડો મર્યાદિત રહ્યો હોવાનું મિરે એસેટ્ શૅરખાનના વિશ્લેષક અનુજ ચૌધરીએ જણાવતાં ઉમેર્યું હતું કે અમારા મતે હાલમાં અમેરિકા અને ઈરાન વચ્ચેની ડીલમાં અનિશ્ચિતતા, ડૉલરમાં તેજી અને અમેરિકી ટ્રેઝરીની યિલ્ડ વધી રહી હોવાથી આગામી ટૂંકા સમયગાળા દરમિયાન ડૉલર સામે રૂપિયામાં નરમાઈનું વલણ રહેતાં ૯૬.૧૫થી ૯૬.૬૦ની રેન્જમાં રહે તેવી શક્યતા છે. જોકે, ક્રૂડ તેલના ભાવમાં ઘટાડો અને અમેરિકી ફેડરલ દ્વારા ઑક્ટોબરમાં વ્યાજદરમાં વધારાની શક્યતા નબળી પડતાં રૂપિયાને અમુક અંશે ટેકો મળી શકે છે, એમ તેમણે ઉમેર્યું હતું.

## સ્મોલ ગ્રેડની ખાંડમાં ધીમો સુધારો

નવી મુંબઈ: મહારાષ્ટ્રની ખાંડ મિલો પર સ્થાનિક તેમ જ દેશાવરોની માગને ટેકે સ્મોલ ગ્રેડની ખાંડના ટેન્ડરોમાં ધીમો સુધારો આવ્યાના નિર્દેશો સાથે સ્થાનિક જથ્થાબંધ ખાંડ બજારમાં પણ આજે સ્મોલ ગ્રેડની ખાંડના ભાવમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૨૦નો સુધારો આવ્યો હતો, જ્યારે મિડિયમ ગ્રેડની ખાંડમાં મથકો પરનાં અહેવાલ ઉપરાંત માલની ગુણવત્તાને ધ્યાનમાં લેતા મિશ્ર વલણ રહ્યું હતું જેમાં નીચલા મથાળેથી ક્વિન્ટલે રૂ. બાવીસનો સુધારો અને ઉપલા મથાળેથી ક્વિન્ટલે રૂ. ૧૦નો ઘટાડો આવ્યો હતો. તેમ જ આજે નાકા ડિલિવરી ધોરણે મથકો પાછળ ભાવમાં ક્વિન્ટલે રૂ. ૩૦નો સુધારો આવ્યો હતો.

દરમિયાન આજે બૉમ્બે સુગર મર્ચન્ટ્સ એસોસિયેશનની બેઠકમાં સંગઠનના પ્રમુખ તરીકે સતત ૧૧મી ટર્મ માટે અશોકકુમાર યુ રાણાવતની વરણી કરવામાં આવી છે. આ સિવાય ઉપપ્રમુખ તરીકે હરખચંદ કે વોરા અને ઉતીન પી લોડાયા, માનદ્ સચિવ તરીકે મુકેશ કુવડિયા અને સંયુક્ત સચિવ તરીકે જગદીશ બી રાવલની નિયુક્તિ કરવામાં આવી હોવાનું એસોસિયેશને યાદીમાં જણાવ્યું હતું.

## ટીન અને કોપરની આગેવાની હેઠળ ધાતુમાં સુધારો

મુંબઈ: લંડન મેટલ એક્સચેન્જ ખાતે આજે કોપર સહિતની ચોક્કસ ધાતુઓનાં ભાવમાં સુધારાતરફી વલણ રહ્યું હોવાના પ્રોત્સાહક અહેવાલ સાથે સ્થાનિક જથ્થાબંધ ધાતુ બજારમાં પણ માત્ર નિકલમાં જોવા મળેલા કિલોદીઠ રૂ. પાંચના ઘટાડા અને બ્રાસ યુટેન્સિલ્સ સ્ક્રેપ તથા લીડ ઈન્ગોટ્સમાં રહેલા ટકેલા વલણને બાદ કરતાં અન્ય તમામ ધાતુઓમાં ટીન અને કોપરની આગેવાની હેઠળ ભાવમાં કિલોદીઠ રૂ. બેથી ૨૯નો સુધારો આવ્યો હતો. સ્ટોકિસ્ટોની ઘટ્યા મથાળેથી લેવાલી ઉપરાંત ઔદ્યોગિક વપરાશકારો તથા સ્થાનિક ડીલરોની માગને ટેકે જે ધાતુઓમાં સુધારાતરફી વલણ જોવા મળ્યું હતું તેમાં ટીનના ભાવ કિલોદીઠ રૂ. ૨૯ વધીને રૂ. ૫૩૭૫, કોપર યુટેન્સિલ્સ સ્ક્રેપના ભાવ કિલોદીઠ રૂ. ૧૦ વધીને રૂ. ૧૩૧૦, કોપર કેબલ સ્ક્રેપ અને કોપર સ્ક્રેપ હેવીના ભાવ કિલોદીઠ રૂ. નવ વધીને અનુક્રમે રૂ. ૧૪૦૮ અને રૂ. ૧૩૯૮, કોપર વાયરબારના ભાવ કિલોદીઠ રૂ. આઠ વધીને રૂ. ૧૪૭૨, કોપર આર્મિચરના ભાવ કિલોદીઠ રૂ. સાત વધીને રૂ. ૧૩૮૭ અને બ્રાસ શીટ કટિંગ્સ તથા એલ્યુમિનિયમ ઈન્ગોટ્સના ભાવ કિલોદીઠ રૂ. પાંચ વધીને અનુક્રમે રૂ. ૧૦૦૫ અને રૂ. ૩૪૭ના મથાળે રહ્યા હતા.

## ક્રૂડ ઓઈલના ભાવ ૧૦૦ ડૉલરથી નીચે આવતા શૅરબજારમાં સતત બીજા દિવસે તેજી

મુંબઈ: ક્રૂડ ઓઈલના ભાવ પ્રતિ બેરલ ૧૦૦ ડોલરની સપાટીથી નીચે આવવા સાથે બેંકિંગ શેરો તેમજ ઇન્ડેક્સ હેવીવેઇટ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં લેવાલી નીકળતાં સુધરેલા સેન્ટિમેન્ટને પરિણામે બજારમાં અગાઉના સત્રની તેજીનો દોર જળવાઈ રહ્યો હતો અને મંગળવારે શેરબજારના મુખ્ય બેન્માર્ક સેન્સેક્સ અને નિફ્ટીમાં નોંધપાત્ર ઉછાળો જોવા મળ્યો હતો. સેન્સેક્સ ૬૮૫.૩૪ પોઈન્ટ અથવા ૦.૯૫ ટકાના ઉછાળા સાથે ૭૩,૦૬૭.૮૧ પર બંધ થયો હતો.જ્યારે નિફ્ટી ૨૨૦.૩૫ પોઈન્ટ અથવા ૦.૯૮ ટકા વધીને ૨૨,૭૭૬.૧૦ પર બંધ થયો હતો.

ટાટા જૂથની ટ્રેન્ટમાં સૌથી વધુ ૧૨.૭૮ ટકાનો ઉછાળો નોંધાયો હતો. કોટક મહિન્દ્રા બેંક, હિન્દુસ્તાન યુનિલિવર, રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝ, ઈન્ટરગ્લોબ એવિએશન, ઈટરનલ અને એશિયન પેઈન્ટ્સ પણ વધનારા શેરોમાં સામેલ હતા. બીજી તરફ, સેન્સેક્સની ૩૦ કંપનીઓમાંથી ટેક મહિન્દ્રા, ટાઇટન, બજાજ ફાઇનાન્સ અને આઇટીસી સૌથી વધુ નબળો દેખાવ કરનારા શેરોમાં સામેલ હતા. ગ્લોબલ ઓઈલ બેન્ચમાર્ક ગણાતા બ્રેન્ટ ક્રૂડના ભાવમાં ૧.૭૦ ટકાનો ઘટાડો થયો હતો અને તે પ્રતિ બેરલ દીઠ ૯૮.૫૯ ડોલર પર પહોંચ્યું હતું.

સેબીએ સ્વાર બોબી પ્રોડક્ટને રૂ. ૧૦૦૦ કરોડના આઇપીઓ માટે મંજૂરી આપી છે. ઇન્ડોનેશિયાના પામ ઓઇલ એસોસિએશન (જીએપીકેઆઇ)એ ૩૦ સપ્ટેમ્બરના રોજ ગ્લોબઓઇલ ઇન્ડિયા ૨૦૨૬ ખાતે દેશની આકાર પામી રહેલી ક્રૂડ પામ ઓઇલ (સીપીઓ) નીતિ અંગેની તાજી માહિતી રજૂ કરી હતી, ગ્લોબઓઇલ વિશ્વની સૌથી મોટા ખાદ્ય તેલ અને કૃષિ વેપાર પરિષદોમાંથી એકનું ૨૯મુ સંસ્કરણ છે, જેનું ૨૯ સપ્ટેમ્બરથી પહેલી ઓક્ટોબર દરમિયાન મુંબઇ ખાતે આયોજિત થયું હતું.

જીઓ પ્લેટફોર્મ આઇપીઓને આધારે કંપનીનું વેલ્યુએશન અગાઉના રૂ. ૧૭૦ અબજ ડોલરને સ્થાને હવે રૂ. ૧૧ લાખ કરોડ રહેવાની ધારણાં છે. ઇંધણ અને ઇન્ફલેશનના કેન્દ્ર સ્તાન સાથેની, એટ ધ ઇન્ફ્લેક્શન પોઇન્ટ: એનર્જી, સસ્ટેનેબિલિટી એન્ડ ઇન્ડિયાઝ ડિમાન્ડ ફ્યુચર થીમ હેઠળ, ટેફલા દ્વારા ૨૯ સપ્ટેમ્બરથી પહેલી ઓક્ટોબર દરમિયાન આયોજિત ગ્લોબોઇલ ઇન્ડિયાની ૨૯મી આવૃત્તિ અંતર્ગતની પરિષદમાં વૈશ્વિક ખાદ્ય તેલ બજારો, આંતરરાષ્ટ્રીય વેપાર, બાયોફ્યુઅલ નીતિ, સસ્ટેનિબિલિટી અને કૃષિ ચીજવસ્તુઓની બદલાતી ગતિશીલતાનો સમાવેશ કરવામાં આવ્યો હતો.

ટ્રેન્ટના શેરમાં ૧૩ ટકા જેવો વધારો થવા સાથે એલઆઇસીના આ કંપનીના સ્ટેકના મૂલ્યમાં એક જ દિવસમાં રૂ. ૫૧૩ કરોડનો વધારો જોવા મળ્યો હતો. પામ ઓઇલ ઉત્પાદક દેશોની પરિષદ (સીપીઓપીસી)એ ૨૯ સપ્ટેમ્બરથી પહેલી ઓક્ટોબર, ૨૦૨૬ દરમિયાન મુંબઈમાં આયોજિત ગ્લોબઓઇલ ઇન્ડિયા ૨૦૨૬ દરમિયાન ખાદ્ય તેલ સુરક્ષા, સસ્ટેનેબલ પામ ઓઇલ ઉત્પાદન, સ્થિતિસ્થાપક પુરવઠા શૃંખલા અને ગ્રાહક જાગૃતિ પર ભારત સાથે સહયોગ મજબૂત કરવાની પ્રતિબદ્ધતાને દોહરાવી હતી.

માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, મંગળવારે ભારતીય શેરબજારોમાં સતત બીજા સત્રમાં રિકવરી જોવા મળી હતી અને મુખ્ય બેન્ચમાર્ક ઊંચા સ્તરે બંધ થયા હતા. ક્રૂડ ઓઈલના ભાવમાં વધુ ઘટાડાને કારણે બજારની ધારણા પર રહેલું મેક્રો-ઈકોનોમિક દબાણ કંઈક અંશે હળવું થયું હતું. એશિયન બજારોમાં જાપાનનો નિક્કી ૨૨૫ સૂચકાંક અને હેંગ સેંગ સૂચકાંક પોઝિટિવ ઝોનમાં બંધ થયા હતા, જ્યારે દક્ષિણ કોરિયાનો કોસ્પી સૂચકાંક નીચા સ્તરે રહ્યો હતો. યુરોપના બજારોમાં તેજી જોવા મળી હતી. સોમવારે યુએસ બજારો પણ ઊંચા સ્તરે બંધ થયા હતા.

એક્સચેન્જના ડેટા મુજબ, સોમવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફઆઇઆઇ)એ ૪,૬૯૯.૧૪ કરોડ રૂપિયાના શેર વેચ્યા હતા. સોમવારે સેન્સેક્સ ૪૭૨.૭૭ પોઈન્ટ અથવા ૦.૬૬ ટકા વધીને ૭૨,૩૮૨.૪૭ પર બંધ થયો હતો. નિફ્ટી ૧૩૩.૮૦ પોઈન્ટ અથવા ૦.૬૦ ટકા વધીને ૨૨,૫૫૫.૭૫ પર બંધ થયો. ક્રૂડ ઓઇલના ભાવ ઘટાડાને કારણે હાલ રીલીફ રેલી જોવા મળી છે, પરંતુ હાલ તો સંકેત સારા નથી જણાતાં પરંતુ વિશ્લેષકોના જણાવ્યા અનુસાર, આ અઠવાડિયે શેરબજારની ચાલ નક્કી કરવામાં રિઝર્વ બેન્કનો વ્યાજ દર અંગેનો નિર્ણય, ટીસીએસની કમાણી, ક્રૂડ ઓઈલના ભાવ અને ગ્લોબલ બોન્ડ યીલ્ડ મહત્વના પરિબળો બની રહેશે. તેમણે ઉમેર્યું હતું કે, સમગ્ર અર્થતંત્રને લગતા આંકડાઓની જાહેરાત અને વિદેશી રોકાણકારોની ટ્રેડિંગ પ્રવૃત્તિ પણ બજારના વલણને દિશા આપશે.

ક્રૂડ ઓઇલના ઊંચા ભાવ અને બોન્ડ યીલ્ડના દબાણને કારણે સપ્ટેમ્બરમાં એફપીઆઇએ ભારતીય ઇક્વિટીમાંથી રૂ. ૩૬,૦૦૦ કરોડ પાછા ખેંચી લીધા છે. સીડીએસએલના ડેટા અનુસાર, સપ્ટેમ્બરમાં વિદેશી પોર્ટફોલિયો રોકાણકારો (એફપીઆઇ) ફરીથી નેટ સેલર્સ બન્યા અને રૂ. ૩૫,૮૬૦ કરોડના શેર વેચી નાંખ્યા. આ વેચાણ અગાઉ જુલાઈમાં એફપીઆઇ દ્વારા રૂ. ૨૦,૨૦૦ કરોડ અને ઓગસ્ટમાં રૂ. ૨૯,૬૩૧ કરોડનું રોકાણ કરવામાં આવ્યું હતું. સપ્ટેમ્બરના આ આઉટફલો સાથે, ૨૦૨૬માં ભારતીય ઇક્વિટીમાંથી વિદેશી ફંડો દ્વારા પાછી ખેંચાયેલી કુલ રકમ રૂ. ૨.૬૯ લાખ કરોડ સુધી પહોંચી ગઈ છે, જે સમગ્ર ૨૦૨૫ દરમિયાન નોંધાયેલા રૂ. ૧.૬૬ લાખ કરોડના આઉટફલો કરતાં પણ વધુ છે.

કોર્પોરેટ ક્ષેત્રે બીજા ક્વાર્ટરની કમાણી પ્રથમ ક્વાર્ટર કરતા નરમ રહેવાની અપેક્ષા સાથે, સેન્ટિમેન્ટ નાજુક રહેવાની શક્યતા છે. આ સપ્તાહે ટીસીએસ અને ડી માર્ટ સહિતની કંપનીઓ પરિણામ જાહેર કરશે.

દૈનિક
# મુંબઈ સમાચાર
૨૦૫ વર્ષ
R.N.I. No. 1563/1957 ★
મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૫ ■ Volume 69 ■ Issue 236 ■ વિક્રમ સંવત ૨૦૮૨
ભાદ્રપદ વદ-૧૨ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 7 October 2026, Wednesday ■ REGD.No. MCS/058/2024-26
બુધવાર, ૭ ઑક્ટોબર ૨૦૨૬, કિંમત ₹ ૧૦.૦૦ ઈન્ટરવલ પૂર્તિ

હરમનપ્રીતે કૅપ્ટનશિપ છોડી, સ્મૃતિને કમાન



૯

મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માગણી સાથે વિપક્ષોનો મોરચો, આઠ કલાક ધરણા

# રાહુલ, પ્રિયંકા સહિત પચાસ સાંસદની અટક

the ultimate
OLD GOLD
UPGRADE
TODAY'S GOLD RATE
₹ 13,662/-
PER 1 GRAM OF 22KT
BIS HALLMARKED JEWELLERY
DIAMOND JEWELLERY
VVS-VS F-G QUALITY
ANTARA
GOLD & DIAMONDS
DADAR 022 4041 5565 | BORIVALI 022 6811 5565



**વિરોધનો દાવાનળઃ** મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માગણી સાથે કરવામાં આવેલા વિરોધ પ્રદર્શન પછી આઠ કલાક ધરણા પર બેઠેલા રાહુલ ગાંધીની મંગળવારે રાતે અટકાયત કરવામાં આવી હતી. (એજન્સી)

નવી દિલ્હીઃ વિપક્ષોના સંગઠન ‘ઇન્ડિ બ્લૉક’ના નેતાઓએ દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માગણીને લઇને મંગળવારે દેશની રાજધાનીમાં પાર્લામેન્ટ સ્ટ્રીટથી ચૂંટણી પંચના વડામથક સુધી કૂચ યોજી હતી અને તેમાં દિલ્હી પોલીસે કૉંગ્રેસના નેતાઓ - રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા મળીને કુલ પચાસ સાંસદ સહિત અંદાજે અઢીસો લોકોની અટક કરી હતી. પોલીસ તેઓને કિંગ્સવે કેમ્પ ખાતેની ન્યૂ પોલીસ લાઇન્સ ખાતે લઇ ગઇ હતી. અગાઉ, તેઓ આકાશવાણી ભવનના સંકુલમાં આશરે આઠ કલાક ધરણા પર બેસતા ભારે હોબાળો થયો હતો.

પોલીસે કૂચને પ્રારંભના સ્થળની નજીક જ અટકાવતા કૉંગ્રેસના નેતાઓ રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી વાડ્રા સહિત અમુક નેતાઓ અહીંના આકાશવાણી ભવનમાં ઘૂસી ગયા હતા.

પોલીસે વિપક્ષોની આ કૂચને અટકાવી તે પછી સમાજવાદી પક્ષના વડા અખિલેશ યાદવ અને તૃણમૂલ કૉંગ્રેસના સાંસદો અભિષેક બેનરજી તેમ જ ડેરેક ઓ’બ્રાયન સહિતના નેતાઓની અટક કરાઇ હતી. દરમિયાન, રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહ, રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમાર દ્વારા ‘વૉટ-ચોરી’ કરાવીને દેશને ‘હાઇજૅક’ કર્યો (બાનમાં રાખ્યો) છે. તેઓની સામે ‘દેશદ્રોહ’નાં પગલાં ભરવા જોઇએ.

રાહુલ ગાંધી અને પ્રિયંકા વાડ્રા સહિત અનેક સાંસદોને પાર્લામેન્ટ સ્ટ્રીટ ખાતે આકાશવાણી ભવન અને ‘નિતિ’ આયોગની ઑફિસ પાસે સલામતી દળ દ્વારા અટકાવાયા હતા. તેઓ દેશના મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશકુમારના રાજીનામાની માગણીને લઇને વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે.

રાહુલ ગાંધી અને તૃણમૂલ કૉંગ્રેસના અભિષેક બેનરજી પોલીસ બૅરિકેડની ઉપર ચઢી ગયા હતા, જ્યારે પ્રિયંકા ગાંધીને પકડીને એક બસ સુધી લઇ જવાયા હતા. રાહુલ ગાંધીએ પોલીસ બરિકેડ પર ચઢીને ત્રિરંગો લહેરાવ્યો હતો અને બાદમાં પોલીસના પહેરામાંથી નીકળીને આકાશવાણી ભવનમાં ઘૂસી ગયા હતા.

રાહુલ ગાંધીએ જણાવ્યું હતું કે હું મુખ્ય ચૂંટણી કમિશનરને મળવા માગું છું. તેમને મળીને કહીશ કે તમે ‘વૉટ-ચોરી’ કરી છે. હું ધરણાં પર બેસીશ.

દરમિયાન, ચૂંટણી પંચનાં સૂત્રોએ જણાવ્યું હતું કે અમને કોઇ રાજકીય પક્ષે બેઠક યોજવા અરજી નથી મોકલી.

રાહુલ ગાંધીએ પોતાના સોશ્યલ મીડિયા ‘એક્સ’ના અકાઉન્ટ પર લખ્યું હતું કે જ્ઞાનેશભાઇ હવે તમારો અંત આવ્યો છે. તમારે રાજીનામું આપવું પડશે.

વિપક્ષના નેતાઓએ કૂચ દરમિયાન ‘વૉટ-ચોર, ગાદી-ચોર’, ‘લોકશાહી વેચવા નથી કાઢી’, ‘ભાજપ હી સીઇસી હૈ’ જેવા સૂત્રો પોકાર્યા હતાં.

વિપક્ષોની કૂચમાં રાહુલ, પ્રિયંકા, દીપેન્દર હૂડા, ચરણજિતસિંહ ચન્ની, પ્રણિતી શિંદે, કે. સી. વેણુગોપાલ અને પવન ખેડા સહિતના નેતાઓએ ભાગ લીધો હતો. (એજન્સી) ■

## મુંબઈની ફ્લાઈટ્સનું નવી મુંબઈ શિફ્ટિંગ મોકૂફ રાખવા આદેશ

નવી દિલ્હીઃ મુલકી ઉડ્ડયન મંત્રાલયે અદાણી ઍરપોર્ટ્સને મુંબઈની ઍરપોર્ટની અમુક આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સને નવી મુંબઈના ઍરપોર્ટ ઉપર શિફ્ટ કરવાનું હાલમાં મુલતવી રાખવા મંગળવારે આદેશ આપ્યો હતો.

અગાઉ, અદાણી ઍરપોર્ટ હૉલ્ડિંગ્સ લિમિટેડે ઍરલાઇન્સને મુંબઈ ખાતેની આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સમાંથી ૩૩ ટકા ફ્લાઇટ્સ નવી મુંબઈ ઍરપોર્ટ ખાતે શિફ્ટ કરવા અથવા પચીસ ઑક્ટોબર સુધીમાં તે ફ્લાઇટ્સના ઉડ્ડયન રદ કરવા આદેશ આપ્યો હતો, પરંતુ તેનો ઍરલાઇન્સ દ્વારા જોરદાર વિરોધ કરાયો હતો.

મુંબઈ અને નવી મુંબઈના વિમાનમથકોનું સંચાલન કરતી અદાણી ઍરપોર્ટ હૉલ્ડિંગ્સ લિમિટેડે મુંબઈ ઍરપોર્ટના ટર્મિનલ વનનું સમારકામ શરૂ કરવાનું હોવાથી અમુક આંતરરાષ્ટ્રીય ફ્લાઇટ્સ નવી મુંબઈ શિફ્ટ કરાવવા માગે છે.

મુલકી ઉડ્ડયન મંત્રાલયના સચિવ સમીરકુમાર સિંહાની અધ્યક્ષતામાં અદાણી ઍરપોર્ટ હૉલ્ડિંગ્સ લિમિટેડ, ફેડરેશન ઑફ ઇન્ડિયન ઍરલાઇન્સ, ગ્લૉબલ ઍરલાઇન્સ ગ્રૂપિંગ આઇએટીએ અને

(જુઓ પાનું ૨) ▶▶

શિવસેનાની નિશાનીના મામલામાં સુપ્રીમ કોર્ટનો ચૂંટણી પંચને અણિયાળો સવાલ

## શું બંધારણીય પાપ કરનારા આરોપીઓને પક્ષની નિશાની આપી શકાય?

નવી દિલ્હીઃ શિવસેનાના શિંદે જૂથને ધારાસભામાં રહેલી તાકાતને આધારે પક્ષની નિશાની આપવાનો ચૂંટણી પંચનો નિર્ણય સાચો છે કે ખોટો એ અંગે દલીલો સાંભળી રહેલી સર્વોચ્ચ અદાલતે સવાલ કર્યો હતો કે પક્ષાંતરનું બંધારણીય પાપ કરનાર વ્યક્તિને માટે નિશાનીનું માનસ કામ કરે છે કે નહીં. આવું નિરીક્ષણ ભારતના મુખ્ય ન્યાયમૂર્તિ સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી. મોહનાની બેન્ચે કર્યું હતું. અદાલતે ચૂંટણી પંચે એકનાથ શિંદેની આગેવાની હેઠળના જૂથને સાચો પક્ષ તરીકે માન્યતા આપીને તેને ધનુષ્ય અને બાણની નિશાની આપી હતી.

સર્વોચ્ચ અદાલત એકનાથ શિંદે જૂથ તરફથી સિનિયર ઍડવોકેટ નીરજ કિશન કૌલની દલીલો બેન્ચ સાંભળી રહી હતી. કૌલે સર્વોચ્ચ અદાલતના વિવિધ ચુકાદાનો ઉલ્લેખ કરીને ધારાસભામાં બહુમતીની પરીક્ષા પર ચૂંટણી પંચના આધારનો બચાવ કર્યો હતો. કૌલે કહ્યું હતું કે ક્યું જૂથ ચૂંટણી નિશાની (અનામત અને ફાળવણી) ઓર્ડર હેઠળ રાજકીય પક્ષ છે એ આ પરીક્ષા કાયદેસર વાજબી અને યર્થાથ રહી છે. જસ્ટિસ બાગચીએ સવાલ કર્યો હતો

(જુઓ પાનું ૨) ▶▶

## હુતીઓના હુમલાઓ વચ્ચે સઉદીમાં સૈન્ય તહેનાત કરશે પાકિસ્તાન, તૂર્કી

ઇસ્લામાબાદઃ હુતી બળવાખોરો દ્વારા સતત હુમલાઓ વચ્ચે પાકિસ્તાન અને તૂર્કી હવે સઉદી અરેબિયામાં સૈનિકો તહેનાત કરશે. રિયાધમાં મક્કા ડિફેન્સ અલાયન્સની સ્ટ્રેટેજિક પોલિટિકલ એન્ડ ડિફેન્સ કમિટીની એક ઇમર્જન્સી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. સઉદી અરેબિયા, પાકિસ્તાન અને તૂર્કીએના અધિકારીઓએ આ બેઠકમાં હાજરી આપી હતી.

હુતીઓના હુમલા બાદ સઉદી અરેબિયા, પાકિસ્તાન, તૂર્કી વચ્ચેના ત્રિપક્ષીય સંરક્ષણ કરાર હેઠળ પાકિસ્તાન અને તૂર્કી સઉદી અરેબિયામાં તેમના સૈન્ય તહેનાત કરવા માટે સંમતિ સાધી છે. એક સંયુક્ત નિવેદન અનુસાર, સઉદી અરેબિયા સામેના પ્રાદેશિક ઘટનાક્રમ અને જોખમોનો સામનો કરવા માટે ત્રણેય પક્ષોએ સોમવારે રિયાધમાં ‘મક્કા એલાયન્સ ફોર ડિફેન્સ’ની વ્યૂહાત્મક રાજકીય અને સંરક્ષણ સમિતિની

(જુઓ પાનું ૨) ▶▶

## દરિયામાં વધશે તાકાત, યુદ્ધજહાજો માટે ૬૬૧ કરોડ રૂપિયામાં ખરીદાશે બ્રહ્મોસ લૉન્ચર સિસ્ટમ

નવી દિલ્હીઃ સંરક્ષણ મંત્રાલયે ભારતીય નૌકાદળના જહાજો માટે બ્રહ્મોસ ફાયર કંટ્રોલ સિસ્ટમ્સ અને લોન્ચર્સની ખરીદી માટે બ્રહ્મોસ એરોસ્પેસ પ્રાઇવેટ લિમિટેડ સાથે ૬૬૧.૫૦ કરોડ રૂપિયાના કરાર પર હસ્તાક્ષર કર્યા છે. સોમવારે નવી દિલ્હીમાં આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા.

સંરક્ષણ મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ ખરીદી ‘ભારતીય સ્વદેશી રીતે ડિઝાઇન કરાયેલ વિકસિત અને ઉત્પાદિત’ શ્રેણી હેઠળ કરવામાં આવશે. સંરક્ષણ સચિવ

(જુઓ પાનું ૨) ▶▶





**આકાશી આંખઃ** હાઇ અલ્ટિટ્યૂડ પ્લેટફોર્મ સિસ્ટમ (એચએપીએસ) લાંબા સમય સુધી ઊંચાઇએ રહીને દેખરેખ રાખી શકે તેવું સ્ટ્રેટોસ્ફેરિક એરિયલ સર્વેલન્સ પ્લેટફોર્મ છે. આ પ્લેટફોર્મ ડીઆરડીઓની એરોનોટિકલ ડેવલપમેન્ટ એસ્ટાબ્લિશમેન્ટ (એડીઈ) આગ્રા દ્વારા ડિઝાઈન અને વિકસાવવામાં આવ્યું છે જેનું સફળતાપૂર્વક ફ્લાઈટ ટેસ્ટિંગ કરવામાં આવ્યું હતું. જમીનથી લગભગ ૨૧ કિલોમીટર આકાશમાં રહેલા આ નવા શસ્ત્રે રીયલ-ટાઇમ વીડિયો ડૅટા પણ ભેગો કર્યો હતો. ઍર સર્વેલન્સની દિશામાં આ એક મોટી છલાંગ છે. (એજન્સી)

## ઍર માર્શલ આશુતોષ દીક્ષિત હવાઈ દળના નવા વડા

નવી દિલ્હીઃ ઍર માર્શલ આશુતોષ દીક્ષિત નવા ચીફ ઑફ ઍર સ્ટાફ હશે અને તેઓ વિદાય લઈ રહેલા ઍર ચીફ માર્શલ એ. પી. સિંહનું સ્થાન લેશે એવી જાહેરાત સંરક્ષણ ખાતાએ મંગળવારે કરી હતી.

દીક્ષિત તેમના વ્યૂહાત્મક આયોજન માટે જાણીતા છે અને હાલ તેઓ હવાઈ દળના નાયબ વડા તરીકે ફરજ બજાવી રહ્યા છે.

સરકારે ઍર માર્શલ આશુતોષ દીક્ષિતની ઍર ચીફ માર્શલની કક્ષાના ૨૯મા ચીફ ઑફ ઍર સ્ટાફ તરીકે વરણી કરી છે. ૩૧ ઑક્ટોબરથી આ નિર્ણય અમલી બનશે, એમ સંરક્ષણ ખાતાએ જણાવ્યું હતું.

ઍર ચીફ માર્શલ અમર પ્રીત સિંહ ૩૧ ઑક્ટોબરે નિવૃત્ત થશે. (એજન્સી) ■

## પાંચ લાખનું વળતર ચૂકવવાનો એફડીએને અપાયેલો મુંબઈ હાઈ કોર્ટનો આદેશ સુપ્રીમે રદ કર્યો

નવી દિલ્હીઃ પુણે આહારગૃહના લાઈસન્સ સસ્પેન્ડ કરવા બદલ મહારાષ્ટ્ર ફૂડ ઍન્ડ ડ્રગ્સ (એફડીએ)ને આપેલો પાંચ લાખ રૂપિયાના વળતરના બૉમ્બે હાઈ કોર્ટના હુકમને સુપ્રીમ કોર્ટે રદ કર્યો છે. આ કેસનો ઉદભવ એફડીએએ ૧૨ જૂને ગુરુનાનક ડેરી ઍન્ડ સ્વીટ્સમાં કરેલા નિરિક્ષણને લીધે ઉદભવ્યો હતો. એફડીએએ ખોરાકી ઝેરની ફરિયાદ મળતા ત્યાં નિરીક્ષણ કર્યું હતું. અધિકારીઓએ આ આહારગૃહમાં સ્વચ્છતા, રેકર્ડ જાળવણી, લેબલિંગ અને કર્મચારીની વ્યક્તિગત સુઘડતામાં ખામીઓ શોધી કાઢી હતી. આ ઉપક્રમનો પરવાનો એફડીએએ ફૂડ ઍન્ડ સેફ્ટી સ્ટાન્ડર્સ ઍક્ટ, ૨૦૦૬ હેઠળ રદ કર્યો હતો.

આ હુકમની વિરુદ્ધ ગુરુનાનક ડેરી હાઈ કોર્ટમાં ગઈ હતી. હાઈ કોર્ટે કહ્યું હતું કે એફડીએની રજૂઆતથી એને સંતોષ નથી અને આહારગૃહને નવ લાખ રૂપયિનું નુકસાન ગયું છે એ જાણીને એફડીએને પાંચ લાખ રૂપિયા વળતર

(જુઓ પાનું ૨) ▶▶

## મોદીના નેતૃત્વના પચીસ વર્ષઃ કેબિનેટે પ્રશંસા કરી પીએમની

નવી દિલ્હીઃ કેન્દ્રીય મંત્રીમંડળે મંગળવારે વડાપ્રધાન નરેન્દ્ર મોદીની છેલ્લા પચીસ વર્ષમાં મેળવેલી સિદ્ધિઓની પ્રશંસા કરતો ઠરાવ પસાર કર્યો, જેમાં ગુજરાતના મુખ્યપ્રધાન અને પછી વડાપ્રધાન તરીકેનો તેમનો કાર્યકાળનો પણ સમાવેશ થાય છે.

માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે બેઠક અંગે પત્રકારોને માહિતી આપતા કહ્યું કે આ ઠરાવ ૭ ઓક્ટોબર, ૨૦૦૧ થી ૭ ઓક્ટોબર, ૨૦૨૬ વચ્ચે મોદીની સતત જાહેર સેવાને પ્રકાશિત કરે છે. ઠરાવમાં મોદી દ્વારા લેવામાં આવેલા અનેક નિર્ણયોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે જેણે સામાન્ય લોકોના

(જુઓ પાનું ૨) ▶▶

## ફ્રાન્સિસ હેલ્ઝેનને ભૌતિકશાસ્ત્રનું નોબેલ પ્રાઇઝ

એસ્ટ્રોફિઝિકલ ઑરિજિનના ઉચ્ચ ઊર્જાવાળા ન્યુટ્રિનોની શોધ બદલ પુરસ્કાર જીત્યો

સ્કોટહોમઃ ફ્રાન્સિસ હેલ્ઝેને આઇસક્યુબ ન્યુટ્રિનો ઑબ્ઝર્વેટરી અને એસ્ટ્રોફિઝિકલ ઑરિજિનના ઉચ્ચ ઊર્જાવાળા ન્યુટ્રિનોની શોધ બદલ નોબેલ પુરસ્કાર જીત્યો હતો.

ભૌતિકશાસ્ત્ર માટેની નોબેલ સમિતિના અધ્યક્ષ માર્ક પિયર્સે અખબારી યાદીમાં જણાવ્યું હતું કે ફ્રાન્સિસ હેલ્ઝેનના નેતૃત્વ હેઠળની સંશોધનકારો અને ઇજનેરોની આંતરરાષ્ટ્રીય ટીમે ખગોળશાસ્ત્રમાં નવા સંશોધન માટેનો માર્ગ મોકળો કર્યો હતો.

ફ્રાન્સિસ હેલ્ઝેને ઇટલી ખાતેથી આ સમિતિની સાથે મંગળવારે ફોન પર વાત કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે મને ભૌતિકશાસ્ત્રનો નોબેલ પુરસ્કાર મળ્યો હોવાનું જાણીને ઘણું આશ્ચર્ય થાય છે. મને આ પુરસ્કાર મળવાની આશા નહોતી. મને આ પ્રાઇઝ મળવાની શક્યતા હોવાની અગાઉ આગાહી કરાઇ હતી, પરંતુ તેની જાહેરાતથી હજી મને નવાઇ લાગે છે.

બેલ્જિયમમાં જન્મેલા ૮૨ વર્ષીય આ વિજ્ઞાની અમેરિકાની વિસ્કોન્સિન મેડિસન યુનિવર્સિટી સાથે સંકળાયેલા છે.

એન્ટાર્ટિકામાંના દક્ષિણ ધ્રુવ ખાતે આઇસક્યુબ ન્યુટ્રિનો

(જુઓ પાનું ૨) ▶▶

## સર્વિસ સેક્ટરની વૃદ્ધિ સપ્ટેમ્બરમાં ત્રણ મહિનાની સર્વોચ્ચ સપાટીએ

નવી દિલ્હીઃ સપ્ટેમ્બરમાં ભારતના સર્વિસ સેક્ટરની વૃદ્ધિ ત્રણ મહિનાની સર્વોચ્ચ સપાટીએ પહોંચી હોવાનું મંગળવારે જાહેર કરવામાં આવેલા માસિક અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું. મોસમી અસર સાથે સમાયોજિત કરાયેલ એચએસબીસી ઈન્ડિયા સર્વિસ પીએમઆઈ બિઝનેસ એક્ટિવિટી ઈન્ડેક્સ ઑગસ્ટના ૫૪.૧થી વધીને સપ્ટેમ્બરમાં ૫૫.૨ થયો હતો જે જૂન પછીની સૌથી મજબૂત વૃદ્ધિ દર્શાવે છે.

જોકે સર્વિસ સેક્ટરની પ્રવૃત્તિઓમાં થયેલા આ વધારાને કારણે ત્રિમાસિક સરેરાશ અગાઉના સમયગાળાની સરેરાશ કરતા વધી શકી નહોતી. અહેવાલમાં જણાવ્યા અનુસાર બીજા નાણાકીય ત્રિમાસિક

(જુઓ પાનું ૨) ▶▶

## પાકિસ્તાનમાં મંદિરમાં તોડફોડ, એક પકડાયો

કરાચીઃ પાકિસ્તાનના દક્ષિણ સિંધ પ્રાંતના નાગરપારકર વિસ્તારમાં આવેલા રાઠી ગામમાં એક હિન્દુ મંદિરમાં તોડફોડ કરવાની શંકામાં એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. પોલીસે મંગળવારે આ જાણકારી આપી હતી. સ્થાનિક પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે, સોમવારે રાત્રે માતા જોગ માયા મંદિરના કેટલાક ભાગોમાં તોડફોડ થયાની ઘટના બન્યા બાદ આ વ્યક્તિને કસ્ટડીમાં લેવામાં આવ્યો હતો. પાકિસ્તાન દરાવર ઇત્તેહાદ એનજીઓના ચેરમેન શિવ કાચીએ કહ્યું હતું કે, જ્યારે આજે સવારે મંદિરની

(જુઓ પાનું ૨) ▶▶

## હોર્મુઝ જહાજ પરના હુમલામાં ૧૧ ભારતીય ક્રૂ ઘાયલ થયા

### વિદેશ મંત્રાલય ભડક્યું, હુમલા બંધ કરવા કહ્યું

નવી દિલ્હીઃ ભારતના વિદેશ મંત્રાલયે ઓમાનના સમુદ્રતટે પનામાની ધજા ધરાવતું કમર્શિયલ જહાજ પરના હુમલાની ટીકા કરતા કહ્યું હતું કે કમર્શિયલ શિપિંગ પરના હુમલા અટકવા જોઈએ. મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું હતું કે આ જહાજ હોર્મુઝ સામુદ્રધુનીમાંથી જઈ રહ્યું હતું ત્યારે તેના પર હુમલો કરવામાં આવ્યો હતો. ૧૯ કર્મચારીમાંથી બારને ઈજા થઈ હતી. આમાંથી ૧૧ ઘાયલ કર્મચારી ભારતીય છે.

વિદેશ મંત્રાલયે કહ્યું હતું કે અમે આજે પરોઢિયે પનામાની ધજા

(જુઓ પાનું ૨) ▶▶

## ભારતની જીડીપીના વૃદ્ધિદરનો અંદાજ વધારીને ૭.૧ ટકા કર્યો વર્લ્ડ બૅન્કે

નવી દિલ્હીઃ હવે વર્લ્ડ બૅન્કે ભારતના અર્થતંત્રને લઈને સારા સમાચાર આપ્યા છે. વર્લ્ડ બૅન્કે નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭ માટે ભારત માટે જીડીપી વૃદ્ધિનો અંદાજ વધારીને ૭.૧ ટકા કરી દીધો છે. આ અગાઉ એપ્રિલમાં તેણે ૬.૬ ટકા વૃદ્ધિનો અંદાજ મૂક્યો હતો. આનો અર્થ એ થયો કે નવા અંદાજમાં ૦.૫ ટકાનો વધારો કરવામાં આવ્યો છે. વર્લ્ડ બૅન્કના મતે, પ્રથમ ત્રિમાસિક ગાળામાં અપેક્ષા કરતાં વધુ સારા નાણાકીય પ્રદર્શન અને મજબૂત સ્થાનિક માગને કારણે વૃદ્ધિનો અંદાજ વધારવામાં આવ્યો છે.

આ સંસ્થાએ તેના તાજેતરના ‘ઈન્ડિયા ડેવલપમેન્ટ અપડેટ’

(જુઓ પાનું ૨) ▶▶

## ફ્લાયદુબઇ પ્લૅન પ્રકરણ ઈરાનની કરતૂતઃ આ છે ટ્રમ્પનો અંગત મત

વૉશિંગ્ટનઃ અમેરિકી પ્રમુખ ડૉનલ્ડ ટ્રમ્પે ફ્લાયદુબઇ ફ્લાઇટમાં થયેલા હુમલાને લઈને મોટું નિવેદન આપ્યું છે. ટ્રમ્પે સોમવારે કહ્યું કે પોતે અંતર રીતે માને છે કે આ હુમલા પાછળ ઇરાન જવાબદાર હતું.

વાઇટ હાઉસની બહાર પત્રકારોના સવાલોના જવાબમાં ટ્રમ્પને પૂછવામાં આવ્યું કે શું તેમને લાગે છે કે ફ્લાઇટમાં થયેલા હુમલા માટે ઇરાન જવાબદાર છે? ટ્રમ્પે જવાબ આપ્યો, હા, હું એવું માનું છું. હું અંગત રીતે એવું માનું છું.

દુબઇથી તેલ અવીવ જઈ રહેલી આ ફ્લાઇટમાં ઓમાની

(જુઓ પાનું ૨) ▶▶

## એક્સ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# પ્રેમાનંદના આશ્રમમાં ધર્મના નામે અધર્મ? વિરાટ પાંચ કરોડ લઈને 'ભક્ત' બન્યો?

**વિરાટ** કોહલી અને અનુષ્કા શર્માની વારંવારની મુલાકાતોને કારણે સતત ચર્ચામાં રહેતા મથુરાના પ્રેમાનંદ મહારાજ હમણાં જુદાં કારણોસર ચર્ચામાં છે. પ્રેમાનંદ મહારાજના શિષ્ય રસિક દુલારી શરણ એટલે કે દીપક લોધીના રહસ્યમય મોતના કારણે પ્રેમાનંદ મહારાજનો આશ્રમ સૌની નજરે ચડેલો જ છે ત્યાં હવે પ્રેમાનંદ આશ્રમ પર માફિયાઓની પકડ હોવાના અને આ માફિયાઓ કિડની કૌભાંડ, બાળકોને ગુમ કરવાનાં કૌભાંડ, જમીનો પચાવી પાડવાના જાકુબીના ધંધાઓમાં સામેલ હોવાના આક્ષેપો થતાં નવો ટ્વિસ્ટ આવ્યો છે.

આ બધામાં સૌથી સનસનાટીભર્યો આક્ષેપ એ છે કે, વિરાટ કોહલી અને અનુષ્કા શર્મા પ્રેમાનંદ મહારાજનાં ચરણોમાં શ્રદ્ધાથી શિર ઝૂકાવવા નથી આવતાં પણ પાંચ કરોડ રૂપિયાની ફી લીધી છે તેમાં છાસવારે દોડ્યાં આવે છે. વિરાટ-અનુષ્કાને ૫ કરોડ રૂપિયાની ફી પ્રેમાનંદ મહારાજે નથી ચૂકવી પણ તેમના કોઈ ભક્તે ચૂકવી છે. વિરાટ કોહલી-અનુષ્કા જેવાં સેલિબ્રિટીની આશ્રમમાં પધરામણી થાય તો બીજાં લોકો પણ આકર્ષાઈને દોડ્યાં આવે ને તેમને ખંખેરીને આશ્રમની કમાણી વધારી શકાય એવા બિલકુલ વ્યાપારી ઈરાદાથી આ ફી ચૂકવાઈ હોવાનો આક્ષેપ છે. વિરાટ જેવો માણસ પાંચ કરોડ રૂપિયામાં ના ખરીદાય એ જોતાં આ આક્ષેપો શંકાસ્પદ છે પણ સાવ ખોટા હોવાનું છાતી ઠોકીને ના કહી શકાય.

આ આક્ષેપો પાછા કોઈ હાલીમલાવીકે ચલતા પૂર્જા જેવા માણસે નથી કર્યા પણ મથુરામાં શ્રી કૃષ્ણ જન્મભૂમિ સંઘર્ષ ન્યાસ ચલાવતા દિનેશ ફળાહારી મહારાજે કર્યા છે. મથુરામાં શ્રી કૃષ્ણ જન્મભૂમિ મંદિરના નિર્માણ માટે ઝુંબેશ ચલાવતા દિનેશ ફલાહારી મહારાજે ત્રણ વર્ષ પહેલાં સંકલ્પ કર્યો હતો કે, મથુરામાં કૃષ્ણ મંદિર પરિસરમાંથી મસ્જિદ હટાવવામાં નહીં આવે ત્યાં સુધી પોતે અન્ન ગ્રહણ નહીં કરે કે પગરખાં પણ નહીં કરે. આ સંકલ્પના કારણે છેલ્લાં ત્રણ વર્ષથી દિનેશ મહારાજ અડવા પગે ફરે છે અને માત્ર ફળ જ આહારમાં લે છે તેથી 'ફળાહારી મહારાજ' તરીકે ઓળખાય છે.

ન્યાસના પ્રમુખ ફળાહારી મહારાજે પ્રેમાનંદ મહારાજને દૂધે ધોયેલા ગણાવ્યા છે પણ કેટલાક તત્વો સંત પ્રેમાનંદ મહારાજની પવિત્ર છબીનો દુરુપયોગ કરી રહ્યા હોવાનો આક્ષેપ કર્યો છે. ફળાહારી મહારાજે એર ઓપન લેટર દ્વારા આક્ષેપ કર્યા છે કે, વૃંદાવનમાં સક્રિય જમીન માફિયા આશ્રમ પર હાવી છે. તેમનો દાવો છે કે પ્રેમાનંદ મહારાજના આશ્રમમાં બિલ્ડર લોબીએ ઘૂસણખોરી કરી છે. રાજસ્થાનની એક પીઆર કંપનીના લોકો આશ્રમમાં સંત તરીકે રહે છે. દિનેશ ફળાહારી મહારાજે તો સરકારને પત્ર લખીને પ્રેમાનંદ મહારાજને 'ઝેડ-પ્લસ' સુરક્ષા પૂરી પાડવાની માગ કરી છે કેમ કે પ્રેમાનંદ મહારાજના જીવને જોખમ છે.

ફળાહારી મહારાજનો આક્ષેપ છે કે, વૃંદાવનના ન્યૂ બેલવન આશ્રમ પાસે યમુનામાં પૂરનો ભોગ બનતી મેદાનોની સરકારી જમીનોના સરકારી અધિકારીઓની મિલીભગતથી બારોબાર વેચી દેવામાં આવી રહી છે. સંત પ્રેમાનંદ મહારાજના નામની ઓથ લઈ જમીન માફિયાઓ કરોડો રૂપિયાના જમીન સોદા પાડી રહ્યા છે. આ માફિયાઓ માનવ અંગોની ગેરકાયદે હેરાફેરી, કિડની ચોરીમાં પણ સામેલ છે. છેલ્લાં કેટલાંક સમયથી મથુરા અને વૃંદાવનમાં બાળકો ગુમ થવાની ઘટનાઓ બની રહી છે તેની પાછળ પણ આવા માફિયા તત્ત્વોનો હાથ હોવાનો તેમનો દાવો છે.

ભારતમાં ધર્મના નામે ધંધો કરવા માટે આશ્રમ ખોલીને બેસી ગયેલા કહેવાતા સાધુ-સંતોના આશ્રમોમાં ગંદા ધંધા ચાલતા હોવાની વાત નવી નથી. ઘણા કહેવાતા સાધુ-સંતો આ ધંધા બદલ જેલભેગા પણ થયેલા છે ને સજા પણ ભોગવી રહ્યા છે પણ પ્રેમાનંદ મહારાજની ઈમેજ સ્વચ્છ છે એ સ્વીકારવું પડે. પ્રેમાનંદ મહારાજ સામે વ્યક્તિગત રીતે કોઈ આક્ષેપો થયા નથી કે તેમના આશ્રમમાં પણ કોઈ ખરાબ ધંધા થતા હોવાની વાત હજુ લગી બહાર આવી નહોતી પણ તેમના શિષ્ય રસિક દુલારી શરણના રહસ્યમય મોતે પ્રેમાનંદ મહારાજને અને તેમના આશ્રમને પણ શંકામાં લાવી દીધો છે.

રસિક દુલારી શરણ ઉર્ફે દીપક લોધીનું મોત અત્યંત શંકાસ્પદ છે તેમાં શંકા નથી. વૃંદાવનના આશ્રમમાં રહેતા ૨૫ વર્ષીય શિષ્ય રસિક દુલારી શરણનું ચોથા માળેથી નીચે પડવાને કારણે મોત નીપજ્યું હતું. રસિક દુલારીના મોતની પોલીસ તપાસ અને પોસ્ટમોર્ટમ રિપોર્ટમાં ધડાકો થયો છે કે બિલ્ડિંગ પરથી કૂદ્યો એ પહેલાં દુલારીનું ગુપ્તાંગ કાપી નંખાયું હતું. દુલારીના રૂમમાંથી લોહીથી લથપથ ઇલેક્ટ્રિક ગ્રાઇન્ડર મશીન એટલે કે ટાઇલ કટર પણ મળી આવ્યું હતું. દુલારીના મોત પહેલાંના સીસીટીવી ફૂટેજમાં દુલારીનું ગુપ્તાંગ કાપ્યા પછી લોહીલુહાણ હાલતમાં ધોતી પકડીને સીડીઓથી ચોથા માળ તરફ જઈ રહ્યો છે અને પછી ત્યાંથી છલાંગ લગાવી દે છે એવું દેખાય છે. પ્રેમાનંદ મહારાજના 'રાધા કેલિ કુંજ ટ્રસ્ટ' દ્વારા સત્તાવાર નિવેદન બહાર પાડીને આ ઘટના અંગે ઊંડું દુઃખ વ્યક્ત કરાયું છે પણ દુલારીના ગુપ્તાંગ કાપવાની ઘટના કે આપઘાત અંગે કશું કહેવાયું નથી. દુલારીનું ગુપ્તાંગ તેણે પોતે કાપ્યું કે બીજા કોઈએ કાપ્યું એ પણ રહસ્ય છે.

આ રહસ્ય પરથી પડદો ઉંચકાય એ પહેલાં તો આશ્રમમાંથી લોકો રહસ્યમ રીતે ગુમ થઈ રહ્યાં હોવાનો વિવાદ ઉઠ્યો છે. થોડા સમ પહેલાં વૃંદાવનના શ્રીહિત રાધા કેલિ કુંજ આશ્રમમાંથી અનુજ ચૌધરી નામનો યુવક ગુમ થયેલો. અનુજના પરિવારનો આક્ષેપ છે કે, અનુજ આશ્રમમાં દીક્ષા લેવા ગયો હતો પણ પછી ગુમ થઈ ગયો. આશ્રમે પહેલાં તો ઈન્કાર કરેલો પણ પછી મીડિયામાં મામલો ચગતાં આશ્રમ તંત્રે અનુજ આશ્રમમાં હોવાની વાત સ્વીકારી પણ પછી હાથ અધ્ધર કરી દીધા છે.

એ જ રીતે વિભા કુમારી નામની ૩૫ વર્ષની યુવતી ગુમ થઈ તેનો વિવાદ પણ ચગ્યો છે. પરિવારનો દાવો છે કે, વિભા પ્રેમાનંદ મહારાજની ભક્ત હતી અને પર્સમાં તેમનો ફોટો રાખતી હતી. ૧૫ ઓગસ્ટ ૨૦૨૬ના રોજ તે પરિવારને માત્ર એટલું કહીને ઘરેથી નીકળી હતી કે પોતે વૃંદાવનમાં પ્રેમાનંદ મહારાજના આશ્રમ જઈ રહી છે પણ પછી પાછી ફરી નથી. લાંબો સમય વીતી ગયા છતાં તેનો કોઈ પત્તો નથી. બીજાં પણ કેટલાક લોકો ગુમ થયાના અહેવાલ છે ને અંગે આશ્રમ પાસે કોઈ સ્પષ્ટ ખુલાસો નથી. આ બધાંના ગુમ થવાને માનવ અંગોની ચોરીના કૌભાંડ સાથે કોઈ લેવાદેવા છે કે નહીં એ તપાસનો વિષય છે.

પ્રેમાનંદ મહારાજ આ બધી વાતોમાં સામેલ ના હોય અને તેમની ઈમેજ પ્રમાણે એ ખરેખર ભગવાનના માણસ હોય એવું બને પણ તેમના આશ્રમનો ઉપયોગ ધર્મનાં કામોને બદલે અધર્મનાં કામો માટે થતો હોય તો એ ગંભીર તો કહેવાય જ. પ્રેમાનંદ મહારાજે આ વાતોને ગંભીરતાથી લઈને આશ્રમનું શુદ્ધિકરણ કરવું જોઈએ અને અધર્મ આચરતાં પરિબળોને દૂર કરાવવાં જોઈએ, તેમને સજા કરાવવી જોઈએ. હિંદુ પરંપરામાં તો ભગવાનનું નામ લેવું નહીં પણ અસત્ય અને અનાચાર સામે લડવું જ અસલી ધર્મ છે ને આશા રાખીએ કે, પ્રેમાનંદ મહારાજ આ ધર્મ બજાવે. ■

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

દક્ષિણાયન - સૌર શરદઋતુ, બુધવાર, તા. ૭-૧૦-૨૦૨૬, દ્વાદશી શ્રાદ્ધ, મઘા શ્રાદ્ધ

- ભારતીય દિનાંક ૧૫, માહે આશ્વિન, શકે ૧૯૪૮
- વિક્રમ સંવત ૨૦૮૨, શા. શકે ૧૯૪૮, ભાદ્રપદ વદ-૧૨
- જૈન વીર સંવત ૨૫૫૨, માહે ભાદ્રપદ, તિથિ વદ-૧૨
- પારસી શહેનશાહી રોજ ૨૪મો દીન, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૬
- પારસી કદમી રોજ ૨૪મો દીન, માહે ૩જો ખોરદાદ, સને ૧૩૯૬
- પારસી ફસલી રોજ ૨૧મો રામ, માહે ૭મો મેહેર, સને ૧૩૯૫
- મુસ્લિમ રોજ ૨૫મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- મીસરી રોજ ૨૬મો, માહે ૪થો રબી ઉલ આખર, સને ૧૪૪૮
- નક્ષત્ર મઘા રાત્રે ક. ૨૧-૪૦ સુધી, પછી પૂર્વાફાલ્ગુની
- ચંદ્ર સિંહમાં
- ચંદ્ર રાશિ નામાક્ષર સિંહ (મ, ટ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૩૧, અમદાવાદ ક. ૦૬ મિ. ૩૪, સ્ટા.ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૨૧, અમદાવાદ ક. ૧૮ મિ. ૨૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટ

- ભરતી : સવારે ક. ૦૯-૩૮ રાત્રે ક. ૨૨-૦૪
- ઓટઃ સાંજે ક. ૧૬-૦૩, મધ્યરાત્રિ પછી ક. ૦૪-૦૭ (તા. ૮)
- વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૨, 'પિંગલ' નામ સંવત્સર, શાલિવાહન શક સંવત ૧૯૪૮, 'પરાભવ'નામ સંવત્સર, ભાદ્રપદ કૃષ્ણ - દ્વાદશી. દ્વાદશી શ્રાદ્ધ, મઘા શ્રાદ્ધ, સંન્યાસીઓના મહાલય, સૂર્ય મહાનક્ષત્ર હસ્ત, વાહન ઉંદર.
- મુહૂર્ત વિશેષઃ પિતૃપૂજા, બુધ-કેતુ દેવતાનું પૂજન, વડનું પૂજન, સર્વશાંતિ પૂજા, નિત્ય થતાં ખેતીવાડી, સ્થાવર લેવડદેવડના કામકાજ, વિશેષરૂપે સૂર્ય, શ્રી ગણેશ, શ્રી વિષ્ણુપૂજા, શ્રી વિષ્ણુ સહસ્ર નામ સ્તોત્ર વાંચન.
- શ્રાદ્ધ મહિમાઃ બારસ તિથિએ દિવંગતનું શ્રાદ્ધ આજરોજ કરવું જે બુદ્ધિબળમાં વૃદ્ધિ કરી વ્યક્તિને મેધાવી બનાવે છે. સંન્યાસીના શ્રાદ્ધ આજ રોજ કરવા, શ્રાદ્ધપર્વમાં મઘા શ્રાદ્ધનું મહત્ત્વ અધિક છે. શ્રાદ્ધ એટલે શ્રદ્ધાપૂર્વક અનુસરવામાં આવતું કર્મકાંડ. જે કર્મ, ધર્મને અનુલક્ષીને છે તેમાં શ્રદ્ધાનો ભાવ દાખવવો આવશ્યક છે. બ્રાહ્મણ શ્રાદ્ધ સમજણપૂર્વક કરાવે છતાંય તર્ક અને બુદ્ધિ વધુ કામ કરે તો પ્રશ્નો ઉપસ્થિત થાય. આ પ્રશ્નોને મહત્ત્વ ન આપતા શ્રદ્ધાપૂર્વક શ્રાદ્ધવિધિમાં મન પરોવવું એ શ્રાદ્ધક્રિયાનો મહિમા છે. શ્રાદ્ધમાં વડ અને પીપળા પૂજન અવશ્ય કરવું.
- આચમનઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ જ્ઞાનતંતુઓ પર બોજો આવે.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર-હર્ષલ ચતુષ્કોણ. ચંદ્ર ક્રાંતિવૃત્ત પર આવી દક્ષિણે થશે. ચંદ્ર-મઘા યુતિ
- ગ્રહગોચરઃ સૂર્ય- કન્યા, મંગળ-કર્ક, માર્ગી બુધ-તુલા, માર્ગી ગુરુ-કર્ક, વક્રી શુક્ર-તુલા, વક્રી શનિ-મીન, રાહુ-કુંભ, કેતુ-સિંહ, વક્રી હર્ષલ-વૃષભ, વક્રી નેપ્ચૂન-મીન, વક્રી પ્લુટો-મકર. ■

# જીએસટીના દરમાં દરેક વર્ષે પહેલી એપ્રિલથી જ ફેરફાર થશે

નવી દિલ્હીઃ જીએસટી કાઉન્સિલ કરવેરાના દરમાંના ફેરફારની દરખાસ્ત વર્ષમાં એક વખત જ હાથ ધરશે અને હવે જીએસટીના બધા નવા દરનો અમલ નવા નાણાકીય વર્ષના પ્રારંભ એટલે કે પહેલી એપ્રિલથી જ કરાશે.

કેન્દ્રનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણની અધ્યક્ષતા હેઠળની જીએસટી કાઉન્સિલમાં રાજ્યોના નાણાં પ્રધાનોનો સમાવેશ થાય છે. તેણે ગયા વર્ષે સપ્ટેમ્બરમાં જીએસટીના દર અને તબક્કા (સ્તર)ને ઘટાડવાનો નિર્ણય કર્યો હતો.

જીએસટીના ચાર સ્લૅબ (પાંચ, બાર, અઢાર અને અઠ્ઠાવીસ ટકા)ને બદલે બે સ્લૅબ (પાંચ અને અઢાર ટકા) જ રાખવાનો નિર્ણય લેવાયો હતો.

નાણાં મંત્રાલયનાં સૂત્રોએ જણાવ્યું હતું કે જીએસટી કાઉન્સિલની આઠ ઑક્ટોબરે યોજાનારી ૫૭મી બેઠકમાં જીએસટીના દરમાં ફેરફાર કરવા અંગે કોઇ નિર્ણય લેવાય એવી શક્યતા નથી.

સૂત્રોએ જણાવ્યું હતું કે જીએસટીના દર કે તબક્કામાં વર્ષમાં માત્ર એક વખત જ ફેરફાર કરાશે અને તેનો અમલ પહેલી એપ્રિલથી થશે. જીએસટી કાઉન્સિલની આગામી બેઠકમાં કરવેરાને લગતા બહુ ઓછા મુદ્દા હાથ ધરાશે અને ગૂંચવણ દૂર કરવા પ્રયાસ કરાશે. (એજન્સી)

# સોના, ચાંદી, પ્લેટિનમની આયાત પર ત્રણ ટકા આઈજીએસટી લાદવાની ભલામણ

નવી દિલ્હીઃ રાજ્ય અને કેન્દ્રની જીએસટી સમિતિએ બૅંકો દ્વારા સોના, ચાંદી અને પ્લેટિનમની આયાત પર હાલમાં મળતી આઈજીએસટીમાંથી મુક્તિ દૂર કરીને તેનાં પર ત્રણ ટકા આઈજીએસટી લાદવાની ભલામણ કરી છે. જીએસટી ફિટમેન્ટ કમિટીએ બૅંકો અને નિયુક્ત એજન્સીઓને સોના, ચાંદી અને પ્લેટિનમની આયાત પર હાલમાં મળતી આઈજીએસટીમાંથી મુક્તિ પાછી ખેંચી લેવાની ભલામણ કરી છે. આ નિર્ણયને કારણે સોના, ચાંદી અને પ્લેટિનમની આયાત પર ત્રણ ટકા આઈજીએસટી વસૂલવામાં આવશે.

બૅંકો અને કિંમતી ધાતુઓની આયાત કરતી એજન્સીઓ માટે વેપાર સરળ બનાવવા જીએસટી કાઉન્સિલની ભલામણ બાદ સોનાની આયાત માટે આ મુક્તિ આપવામાં આવી હતી. ત્યાર બાદ ચાંદી અને પ્લેટિનમની આયાત માટે પણ આ મુક્તિ લાગુ કરવામાં આવી હતી. હાલમાં સોનાની આયાત નિર્ધારિત માધ્યમ મારફતે જ કરી શકાય છે જેમાં બૅંકો અને વિદેશ વેપાર મહાનિર્દેશાલય દ્વારા સૂચિત નિયુક્ત એજન્સીઓ, ઈન્ડિયા ઈન્ટરનેશનલ બૂલિયન એક્સચેન્જ મારફતે પાત્રતા ધરાવતા જ્વેલર્સ તેમ જ ઈન્ડિયા-યુએઈ ટેરિફ રૅટ ક્વૉટા અંતર્ગત પાત્રતા ધરાવતા ક્વૉટાધારકોનો સમાવેશ છે. (એજન્સી)

## પ્રજામત

### એસઆઇઆરઃ વાંક કોનો?

પૅન કાર્ડ, આધાર કાર્ડ, મતદાતા (ઇલેક્શન) કાર્ડ અને જ્યેષ્ઠ નાગરિક કાર્ડ બધાંમાં મારું આખું-પૂરું નામ એક સરખી રીતે, એક પણ અક્ષરની ભૂલ વગર લખેલાં છે. આમ છતાં વૉટર સર (એસઆઇઆર)ની વેબસાઇટ પર નોંધ આવે છે કે તમારા વૉટર કાર્ડ અને આધાર કાર્ડનાં નામો મૅચ (મળતા) થતાં નથી, આમાં વાંક કોનો? આવી ભૂલ સૂચવે છે કે સરકારી વિભાગોમાં સંકલનનો અભાવ છે. કોઈ કાર્ડમાં કોઈ જ ભૂલ નથી. અને હવે આ જૈફ ઉંમરે મારે ક્યાંય પણ આવનજાવન કરવાની ઇચ્છા કે શક્તિ નથી.

-સુરસિંહ જમનાદાસ ચાડ, અંધેરી

### એસઆઇઆરઃ બધા બે ખબર

ચૂંટણીપંચ હમણાં એસઆઇઆર થ્રૂ મતદાર માટેનાં નવાં ફૉર્મ ભરાવે છે. અમારા બીએલઓએ મારા ઘરના છ મેમ્બરનાં ફૉર્મ ભર્યાં, ડૉક્યુમેન્ટ લીધા, સારો એવો સમય લીધો. પછી ખબર પડી કે જે બિલ્ડિંગ રીડેવલપમેન્ટમાં ગઈ છે અને એ બિલ્ડિંગના લોકો ભાડાની જગ્યામાં રહે છે તેમને ફૉર્મ નંબર-૬ ભરવું પડશે. એ ફૉર્મ લઈને ઑફિસર પાસે ગયો તો તેણે ફૉર્મ નંબર-૮ આપ્યું. પછી ફેરતપાસ કરતાં ખબર પડી કે ફૉર્મ નંબર-૮ નહીં, પણ ફૉર્મ નંબર-૬ જ ભરવું પડશે. એ ફૉર્મ નંબર-૬ ભરીને આપવા ગયો તો ઑફિસરે કહ્યું કે તમે ઘાટકોપર-વેસ્ટમાં ભાડા પર રહો છો તો તમે ત્યાં ફૉર્મ આપો. ઑફિસરોને કયું ફૉર્મ ભરવાનું છે અને ક્યાં આપવાનું છે એ પણ ખબર નથી. મેં ઘાટકોપર-વેસ્ટમાં તપાસ કરી તો તેઓ એકથી બીજી જગ્યાએ ફેરવે છે. મારે ફૉર્મ ક્યાં આપવું એ જ ખબર નથી પડતી. ચૂંટણીપંચની બેદરકારીને લીધે અમે બધા મતદાન નહીં કરી શકીએ. આવા લાખો મતદારો હશે જે ભવિષ્યમાં મત નહીં આપી શકે. આ માટે જવાબદાર કોણ?

-રાજકુમાર ગાંગજી ગાલા, ઘાટકોપર

### પત્ર મિત્રોને ખાસ સૂચના

પ્રજામત માટે પત્ર મોકલનારા વાચક મિત્રોને ખાસ વિનંતી કે તમારી લાગણીને વાચા આપતા કે કોઇ સમસ્યા અંગે ધ્યાન દોરતાં તમારા મંતવ્યો, લેખિત પત્રો દ્વારા અથવા અમારા નીચેના ઈ-મેઇલ આઈડી પર પણ મોકલી શકો છો. E-mail: prajamat@bombaysamachar.com ચર્ચાપત્રના અંતે નામ સાથે પૂરું એડ્રેસ, ટેલિફોન અને મોબાઈલ નંબર તથા ઈ-મેલ આઈડી અચૂક લખવો. એડ્રેસ, ટેલિફોન અથવા મોબાઈલ નંબર નહીં લખ્યો હોય એવાં ચર્ચાપત્રોનો સ્વીકાર કરવામાં આવશે નહીં.

- તંત્રી

## પહેલા પાનાનું ચાલુ

### મોદીના

જીવનને પ્રભાવિત કર્યું છે અને દેશમાં વિશ્વાસ જગાડ્યો છે.

વૈષ્ણવે કહ્યું હતું કે મોદીની સફળતા અને લાંબી સેવા તેમની કાર્યશૈલીમાં લોકોના વિશ્વાસનું પરિણામ છે, અને ભારતીય લોકશાહીની મજબૂતાઈનું જીવંત ઉદાહરણ છે.

કેબિનેટ બેઠકમાં પસાર કરવામાં આવેલા ઠરાવ અંગે પત્રકારોને માહિતી આપતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે કેબિનેટે સરકારના વડા તરીકે સતત પચીસ વર્ષ પૂર્ણ કરવા બદલ વડાપ્રધાન મોદીને અભિનંદન આપતો ઠરાવ પસાર કર્યો છે. આ ફક્ત સન્માન નથી પરંતુ આ 'નેશન ફર્સ્ટ' અને 'સિટિઝન ફર્સ્ટ'ના સિદ્ધાંતથી પ્રેરિત વડાપ્રધાન મોદીની અસાધારણ યાત્રાની ઉજવણી છે.

પ્રથમ ઠરાવમાં પીએમ મોદીએ ગુજરાતની સફળ પહેલને રાષ્ટ્રીય મંચ પર કેવી રીતે લઈ ગયા તેની પ્રશંસા કરવામાં આવી હતી. તેમાં સ્વાગતનું ઉદાહરણ ટાંકવામાં આવ્યું હતું જેના દ્વારા તેમણે વ્યક્તિગત રીતે નાગરિકોની ફરિયાદો સાંભળી હતી.

**૧૦,૦૦૦ કરોડ એસએમઈ ગ્રોથ ફંડને મંજૂરીઃ** એસએમઈમાં સીધા રોકાણ અને ઉત્પાદન ક્ષેત્રને વેગ આપવા ૧૦,૦૦૦ કરોડ એસએમઈ ગ્રોથ ફંડ (એસજીએફ) ઊભું કરવાની કેબિનેટે મંગળવારે મંજૂરી આપી હતી.વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ મળેલી કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. એસએમઈ માટે વિકાસ આધારિત મૂડી રોકાણને વેગ આપવા અને ઉત્પાદન, સેવા, ટૅક્નોલૉજી, ઈનોવેશન ક્ષેત્ર અને વ્યૂહાત્મક વેલ્યુ ચેઈન સહિતના ક્ષેત્રમાં ભારતીય ઉદ્યોગની સર્વોપરિતા સ્થાપવા ૧૦,૦૦૦ કરોડ એસજીએફ ઊભું કરવાની કેબિનેટે મંજૂરી આપી હતી. કેન્દ્રીય બજેટમાં આ ભંડોળની જાહેરાત કરવામાં આવી હતી. આ નિર્ણય અંગે પ્રસારમાધ્યમને ટૂંકમાં માહિતી આપતા માહિતી અને પ્રસારણ ખાતાના પ્રધાન અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું કે એમએસએમઈ ખાતા અને નાણાં ખાતાના સહયોગથી એસજીએફનું સંચાલન કરવામાં આવશે.

**લોજિસ્ટિક ઑથોરિટી સ્થાપવાને બહાલીઃ** ઈન્ટિગ્રેટેડ ટ્રાન્સપોર્ટ ઍન્ડ લોજિસ્ટિક ઑથોરિટી (આઈટીએલએ) સ્થાપવાના પ્રસ્તાવને કેબિનેટે મંગળવારે મંજૂરી આપી હોવાનું કેન્દ્રીય પ્રધાન અશ્વિની વૈષ્ણવે કહ્યું હતું. ઈન્ટિગ્રેટેડ ટ્રાન્સપોર્ટ ઍન્ડ લોજિસ્ટિક્સ પ્લાનિંગ, રિસર્ચ, પ્રોજેક્ટ અપ્રેઝલ ઍન્ડ મોનિટરિંગ, પૉલિસી સપોર્ટ ઍન્ડ ડૅટા એનાલિટિક્સ માટે ટ્રાન્સપોર્ટ ઍન્ડ લોજિસ્ટિક ઑથોરિટી સર્વોચ્ચ સંસ્થા તરીકે કામ કરશે. આઈટીએલએ રસ્તાઓ, રેલવે, બંદરો, શિપિંગ, નાગરિકી ઉડ્ડયન, આંતરદેશીય જળમાર્ગ, કોસ્ટલ શિપિંગ, અર્બન મોબિલિટી ઍન્ડ લોજિસ્ટિક્સને આવરી લેતા લાંબાગાળાની પરિવહન યોજના તૈયાર કરશે. વડા પ્રધાન નરેન્દ્ર મોદીના વડપણ હેઠળ મળેલી કેબિનેટની બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો. (એજન્સી)

### દરિયામાં વધશે

રાજેશ કુમાર સિંહની હાજરીમાં આ કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. બ્રહ્મોસ વેપન્સ સિસ્ટમ અનેક યુદ્ધજહાજો પર તહેનાત છે. તે નૌકાદળની દરિયાઈ હુમલાની કામગીરી માટેની મુખ્ય સરફેસ-ટુ-સરફેસ વાર કરનારી મિસાઇલ સિસ્ટમ છે. તે સુપરસોનિક સ્પીડથી લાંબા અંતરેથી જમીન અને સમુદ્ર પરના લક્ષ્યોને નિશાન બનાવવામાં સક્ષમ છે.

મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે તેણે 'બાય ( ઈન્ડિયન-આઇડીડીએમ)' કેટેગરી હેઠળ ભારતીય નૌકાદળના જહાજો માટે બ્રહ્મોસ ફાયર કંટ્રોલ સિસ્ટમ અને લોન્ચર્સની ખરીદી કરવા માટે 'બ્રહ્મોસ એરોસ્પેસ પ્રાઇવેટ લિમિટેડ' સાથે કરાર કર્યો છે. આઇડીડીએમનો અર્થ થાય છે સ્વદેશી રીતે ડિઝાઈન કરેલ, વિકસાવેલ અને ઉત્પાદિત. ૬૬૧.૫૦ કરોડ રૂપિયાના આ કરાર સંરક્ષણ સચિવ રાજેશ કુમાર સિંહની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યો હતો. મંત્રાલયે જણાવ્યું હતું કે, ઓછામાં ઓછા ૬૮ ટકા સ્વદેશી પાર્ટ્સ સાથે આ પ્રોજેક્ટ એમએસએમઈ સહિતના વિવિધ ભારતીય ઉદ્યોગોની સક્રિય ભાગીદારીને પ્રોત્સાહન આપે છે. આ પ્રોજેક્ટ ત્રણ વર્ષના સમયગાળામાં રોજગારીનું સર્જન કરશે. તેણે વધુમાં જણાવ્યું હતું કે, આ પગલું ભારતની દરિયાઈ સુરક્ષા વ્યવસ્થા અને સંરક્ષણ ક્ષમતાઓને મજબૂત બનાવે છે તેમજ અદ્યતન લશ્કરી ટેક્નોલોજીના સ્વદેશીકરણના વર્તમાન પ્રયાસોમાં એક 'મહત્વપૂર્ણ સીમાચિહ્ન' સમાન છે.

### સર્વિસ સેક્ટર

સમયગાળામાં વૃદ્ધિ માર્ચ ૨૦૨૨ સુધીના ત્રણ મહિનાના સમયગાળા પછીને સૌથી નબળી રહી હતી. પર્ચેઝિંગ મેનેજર્સ ઈન્ડેક્સ (પીએમઆઈ)ની ભાષામાં ૫૦થી વધુનો આંક વૃદ્ધિ અને ૫૦થી ઓછો આંક સંકોચન દર્શાવે છે. (એજન્સી)

### હોર્મુઝ જહાજ

ધરાવતા કમર્શિયલ જહાજ એમટી ઓન પીસ (આઈએમઓ ૯૮૯૩૨૦૪) પર ઓમાન સમુદ્રમાં હથિયાર વડે કરેલા હુમલાની અમે આલોચના કરીએ છીએ. જહાજના ૧૯ કર્મચારીમાંથી ૧૯ કર્મચારીઓ ભારતીય છે. એમ જાણવા મળે છે કે આમાં બાર કર્મચારીઓ ઘાયલ થયા હતા અને આમાંથી ૧૧ કર્મચારી ભારતીય છે. અમે ઓમાનના સત્તાવાળાઓનો સંપર્ક કર્યો હતો અને ઈજાગ્રસ્ત કર્મચારીઓને ખસેડીને ઓમાનના ખાસબમાં તબીબી સારવાર લઈ રહ્યા છે. અમે ઓમાનના સત્તાવાળાઓનો અમુલ્ય ટેકા માટે આભાર માનીએ છીએ મંત્રાલયે ભારપૂર્વક જણાવ્યું હતું કે મધ્ય અખાત રીજનમાં હુમલાના બનાવો ઊંડી ચિંતાનાં કારણો રહ્યાં છે. અને રીજનમાં શાંતિ અને સ્થિરતાના હિતમાં આવા હુમલા તત્કાળ બંધ કરવાની માગણી કરીએ છીએ. કમર્શિયલ શિપિંગ, નાવિકો અને મુલકી માળખાને લક્ષ્ય બનાવાનો અંત આવવો જોઈએ. આંતરરાષ્ટ્રીય જળમાર્ગ પરનું પરિવહન તત્કાળ શરૂ થવું જ જોઈએ.

### ફ્લાયદુબઈની

કો-પાઇલટ હમામ અલ-હમ્મામીએ કોકપિટની અંદર ભારતીય કેપ્ટન સ્મિત મચ્છર પર હુમલો કર્યો હતો. તેણે કેપ્ટન પર કુહાડીથી હુમલો કર્યો અને કથિત રીતે વિમાનને નીચે પાડી દેવાનો પ્રયાસ કર્યો હતો. હુમલામાં સ્મિત મચ્છર ગંભીર રીતે ઘાયલ થઈ ગયા હતા. તેમ છતાં તેમણે કોકપિટનો દરવાજો ખોલી નાખ્યો, જેનાથી મુસાફરો અને ડ્યુટી પર ન હોય તેવા બીજા ક્રૂ મેમ્બર અંદર પહોંચી શક્યા અને હમ્મામીને કાબૂમાં લઈ લીધો.

### મુંબઈની

ઍરપૉર્ટ્સ ઑથોરિટી ઑફ ઇન્ડિયા તેમ જ વિવિધ ઍરલાઇન્સના પ્રતિનિધિઓની દિલ્હીમાં મંગળવારે બેઠક યોજાઇ હતી. સૂત્રોએ જણાવ્યું હતું કે મુંબઈ ઍરપૉર્ટની ફ્લાઇટ્સને નવી મુંબઈના વિમાનમથકે શિફ્ટ કરવાનું થોડાં અઠવાડિયાં મુલતવી રાખવા આદેશ અપાયો હતો. ઍરપૉર્ટના સંચાલક અને ઍરલાઇન્સને આ કિસ્સામાં વિગતવાર યોજના ઘડી કાઢવા સૂચના અપાઇ હતી. ઍરલાઇન્સ અને અદાણી ઍરપૉર્ટ હૉલ્ડિંગ્સ લિમિટેડે ૧૩ ઑક્ટોબરે આ સંબંધમાં ચર્ચા કરશે અને અંતિમ નિર્ણય લેવા ૨૦ ઑક્ટોબરે બેઠક યોજાશે. અદાણી ઍરપૉર્ટ હૉલ્ડિંગ્સ લિમિટેડે નવા નવી મુંબઈ ઍરપૉર્ટ ખાતે વાર્ષિક અંદાજે પચાસ લાખ મુસાફરની અવરજવર હાથ ધરવાની તૈયારી દર્શાવી હતી. આ ઉપરાંત, નવા વિમાનમથક ખાતે ઍરપૉર્ટ કનેક્ટિવિટી, ઇન-ફ્લાઇટ કૅટરિંગ ફેસિલિટી, હૉટેલ્સ, લાઉન્જ જેવી વિવિધ સુવિધા સારી હોવાનો દાવો કર્યો હતો. (એજન્સી)

### શું બંધારણીય

કે જ્યારે સભ્યો ગેરલાયક ઠરાવવાની કાર્યવાહીનો સામનો કરતા હોય અને અંતે સભ્યપદ ગુમાવાના હોય તો એવી પરિસ્થિતિમાં પક્ષની નિશાની કોને મળે. આની છૂટ તો રાજકીય પક્ષ પાસે રહેશે અને એ કહે છે કે જો ગેરલાયક સભ્યો જતા રહે તો બાકીના સભ્યોને અલગ નિશાની મળે છે. હવે તમે સાદીક અલી (ચુકાદો) વાંચવાના છો. શું નિશાનીનું માનસનો નિયમ બંધારણીય પાપ કરનાર કે બંધારણીય પાપ કરવાની જેમની સામે ફરિયાદ છેનો અમલ થઈ શકે. તેમણે સંસ્થાકીય સભ્યોને ગણીને જમીની ટેકો નક્કી કરવા સામે પણ સવાલ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે ભારતીય રાજકારણની ડહોળાયેલી સ્થિતિમાં આ પ્રક્રિયા મુશ્કેલ છે. (એજન્સી)

### હુતીઓના

બેઠક યોજી હતી.ઓગસ્ટમાં પાકિસ્તાન, સઉદી અરેબિયા અને તૂર્કી વચ્ચે થયેલા સંરક્ષણ કરારમાં સામૂહિક સુરક્ષાનું માળખુ બનાવવામાં આવ્યું હતું. આમાં જોગવાઇ છે કે તેમાંથી કોઇ પણ એક પરનો સશસ્ત્ર હુમલો એ બધા પરનો હુમલો ગણવામાં આવશે. સોમવારે બેઠક અગાઉ થયેલી રાજકીય અને સૈન્ય પરામર્શનાં પરિણામોની સમીક્ષા કરી અને તેને રજૂ કરવામાં આવેલી ભલામણોને મંજૂરી આપી હતી. સમિતિએ પુષ્ટિ કરી કે મક્કા કરાર સામૂહિક સંરક્ષણ અને જોખમોનો સામનો કરવામાં એકીકૃત વલણ પ્રત્યેની મક્કમ પ્રતિબદ્ધતા દર્શાવે છે.સમિતિએ સામૂહિક સંરક્ષણની પ્રતિબદ્ધતાઓને તરત લાગુ કરવા અને સંમત સૈન્ય દળો અને ક્ષમતાઓ પૂરી પાડવા તેમજ સાઉદી અરેબિયા) તેમની ઝડપી તહેનાતી સુનિશ્ચિત કરવા માટે જરૂરી પગલાં લેવાનો નિર્ણય કર્યો હતો. ત્રણેય દેશોએ પુષ્ટિ કરી છે કે દરેક પક્ષની સુરક્ષા એ ત્રણેય દેશોની સામૂહિક સુરક્ષાનો અભિન્ન અંગ છે.નિવેદનમાં સૈનિકોની તહેનાતી અંગે કોઈ વિગતો કે સમયની જાણકારી આપવામાં આવી નથી. તેમાં હૂતીઓના ખતરાનો ઉલ્લેખ કરાયો નહોતો. પાકિસ્તાન તરફથી નાયબ વડા પ્રધાન ઈશાક ડાર, સંરક્ષણ પ્રધાન ખ્વાજા આસિફ અને આર્મી ચીફ ફીલ્ડ માર્શલ અસીમ મુનીરે બેઠકમાં હાજરી આપી હતી. (એજન્સી)

### પાંચ લાખનું

તરીકે આપવાનો હુકમ આપ્યો હતો. રાજ્ય સરકાર અને એફડીએ આની વિરુદ્ધ સર્વોચ્ચ અદાલતમાં ગઈ હતી. સર્વોચ્ચ અદાલતમાં જસ્ટિસ એમ. એમ. સુદ્રેશ અને પી. બી. વરાલેની બેન્ચે વળતરનો હુકમ રદ કર્યો હતો. સરકારે રજૂઆત કરી હતી કે એફડીએએ ખોરાકી ઝેરની ફરિયાદ મળતા કાર્યવાહી કરી હતી અને વિશ્લેષણ માટે મલાઈ પેંડાનો નમૂનો લીધો હતો. રાજ્ય સરકારે કહ્યું હતું કે આ નમૂનો અસલામત માલુમ પડતા જાહેર આરોગ્યના હિતમાં પરવાનો રદ કરાયો હતો. (એજન્સી)

### ફ્રાન્સિસ

ઑબ્ઝર્વેટરી આવેલી છે. ન્યુટ્રિનો અંતરિક્ષમાંના બારીક કણ છે અને તેનું દળ બહુ જ ઓછું હોય છે. ફ્રાન્સિસ હેલ્ઝેનેએ ૧૯૮૦ના દાયકામાં દક્ષિણ ધ્રુવ ખાતે ન્યુટ્રિનો અંગે સંશોધન હાથ ધર્યું હતું. સ્ટોકહોમ ખાતે રોયલ સ્વિડિશ એકેડેમી ઑફ સાયન્સીસ દ્વારા નોબેલ પુરસ્કાર અંગે જાહેરાત કરાઇ હતી. આ પુરસ્કારમાં દર વર્ષે ૧.૨ કરોડ સ્વિડિશ ક્રોનોર (અંદાજે ૧૨ લાખ ડૉલર) અપાય છે. હવે બુધવારે રસાયણશાસ્ત્ર અને ગુરુવારે સાહિત્યનું નોબેલ પુરસ્કાર જાહેર કરાશે. શાંતિ માટેના નોબેલ પુરસ્કારની જાહેરાત શુક્રવારે અને અર્થશાસ્ત્ર માટેના પુરસ્કારની જાહેરાત સોમવારે કરાશે. (એજન્સી)

### ભારતની

રિપોર્ટમાં જણાવ્યું છે કે ભારત વિશ્વની સૌથી ઝડપથી વિકસતી મુખ્ય અર્થવ્યવસ્થાઓમાંની એક છે અને વૈશ્વિક વિકાસમાં મુખ્ય ફાળો આપી રહ્યું છે. અમે નાણાકીય વર્ષ ૨૭ના વિકાસ દરનો અંદાજ એપ્રિલના ૬.૬ ટકાથી વધારીને ૭.૧ ટકા કર્યો છે કારણ કે વેપાર અને ભૂ-રાજકીય અનિશ્ચિતતાઓ છતાં વૃદ્ધિ અપેક્ષા કરતા વધુ સારી રહી છે. ભારતનો વિકાસ દર નાણાકીય વર્ષ ૨૬માં ૭.૮ ટકા રહ્યો હતો જે નાણાકીય વર્ષ ૨૫માં ૭.૨ ટકા હતો, મજબૂત રોકાણ અને મજબૂત ખાનગી વપરાશના કારણ કે અનુકૂળ નીતિ અને ક્રેડિટ વાતાવરણ વેપાર તણાવ કરતાં વધુ હતું. વર્લ્ડ બૅન્કે જણાવ્યું હતું કે મધ્યમ ગાળાની સંભાવનાઓ મજબૂત છે, પરંતુ સાથે ચેતવણી આપી હતી કે બાહ્ય જોખમો ઊંચા છે, જેમાં વૈશ્વિક તેલના ભાવ, અલ નીનો અને શેરબજારમાં સુધારાને કારણે મૂડી પ્રવાહમાં અસ્થિરતા આવવાના જોખમોનો સમાવેશ થાય છે. ખેતીમાં સારા પ્રદર્શનના કારણે ગ્રામીણ વપરાશ શહેરી માંગ કરતા વધુ છે જ્યારે આવકવેરા રાહત અને જીએસટી ઘટાડા પછી વર્ષના અંતમાં શહેરી વપરાશ મજબૂત બન્યો હતો. (એજન્સી)

### પાકિસ્તાનમાં

સંભાળ રાખનાર વ્યક્તિ જાગ્યો ત્યારે તેમણે કેટલીક મૂર્તિઓ ખંડિત હાલતમાં જોઈ અને પોલીસને આ ઘટનાની જાણકારી આપી હતી.

કાચીએ જણાવ્યું હતું કે પોલીસે આ મામલે મુખ્ય શંકાસ્પદ તરીકે એક વ્યક્તિને કસ્ટડીમાં લીધો છે. જોકે, આરોપી વિશે વધુ વિગતો તાત્કાલિક આપવામાં આવી નથી. કાચીના જણાવ્યા અનુસાર, આ એક નાનું મંદિર છે, પરંતુ નાગરપારકરમાં હિન્દુ સમુદાયની મોટી વસ્તી હોવાથી દરેક ગામમાં હિન્દુઓની પૂજા-અર્ચના માટે નાનું મંદિર હોવું સામાન્ય બાબત છે.''પોલીસ અધિકારીએ કહ્યું કે આ ઘટનામાં એકથી વધુ વ્યક્તિઓ સામેલ છે કે કેમ તે જાણવા માટે તપાસ ચાલી રહી છે. તેમણે પુષ્ટી કરી હતી કે પૂજા-સ્થળના કેટલાક ભાગોમાં તોડફોડ કરવામાં આવી હતી.

૧૯મી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. ગીરધરલાલ જીવનભાઈ વોરા

દેહવિલયઃ તા. ૭-૧૦-૨૦૦૭

આપની ચિરવિદાયને ઓગણીસ વર્ષ પૂરાં થયા, અમારા પ્રત્યે સદાય પ્રેમ અને સ્નેહની અખૂટ ધારા વરસાવીને સંસ્કારરૂપી અમીનું સિંચન કરનાર અમારા પરમપૂજ્ય પિતાશ્રીને અમો નતઃમસ્તકે હૃદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પણ કરીએ છીએ. અમારી સુખ દુઃખની પ્રત્યેક પળોમાં તેમની પ્રેરણા અને આશીર્વાદ વરસતા રહે અને પ્રભુ તેમના આત્માને પરમશાંતિ આપે એવી પ્રાર્થના....

ગીરધરલાલ જીવનભાઈ વોરા પરિવાર

શશીકાંત-સ્વ. ચંદ્રિકા, દિનેશ-જયોતિ, પ્રદીપ-બીના, જીતેન્દ્ર-સ્વ. સોનલ-નીલિમા, મનોજ-ભારતી, અશ્વિન-ચેતના, મંજુલાબેન-દિપકકુમાર

જીવનભાઈ લક્ષ્મીચંદ વોરા પરિવાર

૨૪૩/૬, વર્ધમાન, સાયન (ઈસ્ટ), મુંબઈ - ૪૦૦૦૨૨.


# સરકાર બહાદુર પોલીસકર્મીઓને વીરતા પુરસ્કાર આપશે

મુંબઈઃ મહારાષ્ટ્ર કેબિનેટે મંગળવારે ફરજ દરમિયાન હિંમત અને સાહસનું પ્રદર્શન કરનારા પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ માટે ''મુખ્ય પ્રધાન બહાદુરી પદક'' શરૂ કરવાની મંજૂરી આપી હતી.

મુખ્ય પ્રધાન કાર્યાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, આ પુરસ્કારના વિજેતાઓની પસંદગી કરવા માટે ત્રણ સ્તરીય સમિતિની રચના કરવામાં આવશે; વિજેતાઓને પુરસ્કારમાં ૫૦,૦૦૦ રૂપિયાની રોકડ રકમ, એક મેડલ અને પ્રશસ્તિપત્ર આપવામાં આવશે. ૧લી જાન્યુઆરીથી શરૂ કરીને વર્ષ દરમિયાન પોલીસ કર્મચારીઓની કામગીરીને ધ્યાનમાં લેવામાં આવશે અને ૧લી મેના રોજ મહારાષ્ટ્ર દિવસની પૂર્વસંધ્યાએ પુરસ્કારોની જાહેરાત કરવામાં આવશે તથા મુખ્ય પ્રધાનના હસ્તે તે એનાયત કરવામાં આવશે.

મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટે અન્ય એક નિર્ણયમાં પથ્થર તોડવાની અને ખોદકામની પરંપરાગત પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા વાડાર સમુદાય માટે વાર્ષિક ખોદકામની મર્યાદા ૨૦૦ બ્રાસથી વધારીને ૫૦૦ બ્રાસ કરી છે. પ્રધાનમંડળે 'મહારાષ્ટ્ર જમીન મહેસૂલ (ગૌણ ખનિજોનું ઉત્ખનન અને વહન) નિયમો, ૧૯૬૮'માં સુધારાને મંજૂરી આપી હતી અને ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં નવી ટેકનોલોજી તથા સંશોધનને પ્રોત્સાહન આપવા માટે 'સીએમ સૃષ્ટિ' (ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં સંશોધન, નવીનતા અને ટેકનોલોજિકલ હબ્સ માટેની યોજના) ને પણ મંજૂરી આપી હતી. (પીટીઆઈ)■

# ઘાટકોપરમાં સગીરની મારઝૂડ કર્યા બાદ તેના ગળામાં ઈન્જેક્શન માર્યું

મુંબઈઃ ઘાટકોપ પશ્ચિમમાં પિતરાઇ સાથે રમવા ગયેલા ૧૪ વર્ષના સગીરની મારપીટ કર્યા બાદ તેના ગળામાં ઇન્જેક્શન મારવામાં આવ્યું હતું. ઇન્જેકશનને કારણે બેભાન થયેલા સગીરને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. સગીરના નિવેદનને આધારે પોલીસે ગુનો નોંધ્યો હતો, પણ તેના ગળા પર કોઇ નિશાન ન હોવાનું પ્રાથમિક તપાસમાં જણાયું છે. પોલીસના જણાવ્યા અનુસાર ઘાટકોપર પશ્ચિમમાં ભટવાડી ખાતે પ્રેમનગર ગલીમાં સોમવારે સાંજે ૭.૩૦ વાગ્યાની આસપાસ આ ઘટના બની હતી. ફરિયાદી સગીર તેના પિતરાઇ સાથે ઘટનાસ્થળે રમવા માટે ગયો ત્યારે ત્રણથી ચાર છોકરાઓએ બંનેની મારપીટ કરી હતી અને તેમાં એક છોકરાએ સગીરના ગળા પર ઇન્જેક્શન માર્યું હતું. પોલીસના જણાવ્યા અનુસાર સગીરની મારપીટ કરનારા છોકરાઓ શાળામાં અભ્યાસ કરતા હોઇ તેમાંના એક જણને સગીર ઓળખે છે.

# સાંતાક્રુઝથી ગુમ થયેલી મહિલાના કેસમાં અપહરણ બાદ હત્યાની પરિવારને શંકા

મુંબઈઃ સાંતાક્રુઝના વાકોલા પરિસરમાંથી ૨૬ વર્ષની મહિલા ગુમ થતાં પરિવારજનોએ મહિલાના અપહરણ અને હત્યાની શંકા વ્યક્ત કરી હતી. આ ઘટનાને ગંભીરતાથી લઈ પોલીસ સાથે ક્રાઈમ બ્રાન્ચે પણ તપાસ હાથ ધરી હતી.

આ મામલે મહિલાના રિક્ષા ડ્રાઈવર પતિએ વાકોલા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદીને બે પત્ની છે, જેમાંથી બીજી પત્ની ગુમ થઈ હતી. ફરિયાદ અનુસાર ગયા સપ્તાહે રાતે જમવા ફરિયાદી ઘરે આવ્યો ત્યારે પહેલી પત્ની સૂતી હતી અને બીજી પત્ની ઘરમાં હાજર નહોતી. તેનો મોબાઈલ ફોન પર સ્વિચ ઑફ્ફ આવતો હતો. ફરિયાદીની પહેલી પત્નીના નાના ભાઈએ ફરિયાદીને કૉલ કર્યો હતો અને તેણે પિતા સાથે મળીને બીજી પત્નીની હત્યા કરી મૃતદેહ માહિમ નજીક ફેંક્યો હોવાની જાણ કરી હતી. અધિકારીએ જણાવ્યું હતું કે ફરિયાદીનો સસરા અને સાળો બન્નેની કોઈ ભાળ મળતી નથી. પોલીસ તેમને શોધી રહી છે. બીજી બાજુ, મહિલાને શોધી કાઢવા પોલીસે અત્યાર સુધીમાં અનેક જણની પૂછપરછ કરી છે. (પીટીઆઈ)■

# મુંબઈની ઝૂંપડપટ્ટીઓમાં બાળકોના કુપોષણ અંગે ફડણવીસે ચિંતા વ્યક્ત કરી

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે મુંબઈની ઝૂંપડપટ્ટીમાં રહેતા બાળકોમાં સતત જોવા મળતી કુપોષણની સમસ્યા સંદર્ભે ચિંતા વ્યક્ત કરી હતી. આ વિસ્તારમાં માથાદીઠ આવક ઘણી છે. સીએમએ કોર્પોરેટ સામાજિક જવાબદારીના સહભાગ દ્વારા નક્કર કામ માટે હાકલ કરી હતી. બીએમસી મુખ્યાલયમાં એક કાર્યક્રમમાં બોલતા ફડણવીસે આર્થિક રીતે નબળા વર્ગના બાળકોમાં ઊંચાઈનો અભાવ અને અને ઓછું વજન જેવી બાબત પર પ્રકાશ પાડી જણાવ્યું કે શહેરની માથાદીઠ આવક પ્રમાણમાં વધારે છે અને આ બાબત પોષણયુક્ત ખોરાકમાં પ્રતિબિંબિત થવી જોઈએ. લોકો ભૂખથી નહીં પીડાતા હોય, પણ અનેક લોકોને પૂરતું પોષણ નથી મળતું. ગરીબ પરિવારોને પોષણયુક્ત આહાર મળવો જોઈએ.

મુંબઈના વિકાસમાં નાગરિક, ઉદ્યોગ વ્યવસાય ક્ષેત્ર, સ્વયંસેવી સંસ્થા અને નિષ્ણાતો સહભાગ વધારવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ 'પાર્ટિસિપેટ મુંબઈ' નામે ભાગીદારીનો નવો ડિજિટલ મંચ શરૂ કર્યો છે, જેનું લોકાર્પણ મંગળવારે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના હસ્તે કરવામાં આવ્યું હતું. આ દરમ્યાન તેમણે મુંબઈમાં પાલિકા પ્રશાસનના કારભારમાં નાગરિકોની ભાગીદારીને વધુ ગાઢ બનાવવા પર ભાર આપ્યો હતો. આ કાર્યક્રમમાં પાલિકા અને 'સમગ્ર' સંસ્થા વચ્ચે એક વ્યાપક કરાર પર હસ્તાક્ષર પણ થયા હતા.

મુખ્ય પ્રધાને પાલિકાના કાર્યક્રમોમાં ટૅકનોલૉજી, વધુ સારી દેખરેખ અને કેન્દ્રિત હસ્તક્ષેપો લાવવા માટે મજબૂત સીએસઆર (કૉર્પોરેટ સોશ્યલ રિસ્પોન્સિબિલિટી) ભાગીદારી માટે હાકલ કરી હતી. ■


90TH BIRTH ANNIVERSARY

In memory of

Shri Kewal Ratanchand Semlani



07/10/1936 - 07/07/2008

Fighter for Worker's & Citizen's Rights

Right to Information Activist

He never learned to look away from those whose voices went unheard; for worker, for citizen, he stood and fought with courage, conviction and word.

Ever Remembered by

Nila Kewal Semlani,
Shilpa & Arvind Sanger
Sangeeta & Paresh Sukthankar
Sushma & Pietro Gallarotti
Shefali & Uttam Jhunjhunwalla
Chanakya & Gauri Semlani
Akshay & Naina, Ankita & Mustafa
Varun, Aman, Rhea, Vidhi, Yash & Jay
And the family who served with love;
Babulal, Bhinesh, Deepti


### કલ્યાણમાં મહિલા કર્મચારીની હેરાનગતિ

# ડેપ્યુટી સ્ટેશન માસ્ટરને મનસેના કાર્યકરોએ મેથીપાક ચખાડ્યો

મુંબઈઃ મધ્ય રેલવેના કલ્યાણ રેલવે સ્ટેશન પર મહિલા કર્મચારીને કથિત રીતે હેરાન કરવાના મામલે ભારે બબાલ થઈ હતી. લગભગ છ મહિનાથી અશ્લીલ સંદેશા મોકલીને હેરાન કરવાનો આરોપ લાગ્યા બાદ મનસે (મહારાષ્ટ્ર નવનિર્માણ સેના)ના કાર્યકરોએ સોમવારે ડેપ્યુટી સ્ટેશન માસ્ટરની ઓફિસમાં જઈ તેને મેથીપાક ચખાડ્યો હતો. પાછળથી મહિલા કર્મચારીની ફરિયાદ બાદ કલ્યાણ સરકારી રેલવે પોલીસે ડેપ્યુટી સ્ટેશન માસ્ટરને કસ્ટડીમાં લઈ કેસ નોંધ્યો અને તપાસ શરૂ કરી છે. મહિલા કર્મચારીએ આ સમગ્ર મુદ્દે જણાવ્યા મુજબ, ડેપ્યુટી સ્ટેશન માસ્ટર તેને વારંવાર વોટ્સએપ પર અશ્લીલ મેસેજ મોકલતા હતા અને પોતાના ઘરે મળવા માટે પણ બોલાવતા હતા. શરૂઆતમાં મહિલાએ સંદેશાઓને અવગણ્યા હતા, પરંતુ કથિત હેરાનગતિ ચાલુ રહેતાં તેણે સ્ટેશન માસ્ટરને ઓછામાં ઓછા બે વખત ફરિયાદ કરી હતી. ફરિયાદ બાદ સ્ટેશન માસ્ટરે ડેપ્યુટી સ્ટેશન માસ્ટરને તેની હાજરીમાં ઠપકો આપ્યો હોવા છતાં કથિત રીતે હેરાનગતિ અટકી નહોતી. ■

# નવી મુંબઈ એરપોર્ટથી પુણેની મુસાફરી બનશે સરળ

### આજથી શરૂ થશે ઈ-બસ સેવા

મુંબઈઃ મુંબઈ અને નવી મુંબઈના મુસાફરોને હવે નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ પરથી અલગ-અલગ વિસ્તારોમાં પહોંચવું વધુ સરળ બનશે. હવે એરપોર્ટ પરથી એમએસઆરટીસી ની 'ઈ-શિવાઈ' ઈલેક્ટ્રિક બસ સેવા ટૂંક સમયમાં શરૂ કરવામાં આવશે. આ ઉપરાંત, મુસાફરોને ફ્રી શટલ સર્વિસ અને પ્રાઈવેટ બસોની સુવિધા પણ મળશે.

૭ ઓક્ટોબર, ૨૦૨૬થી એમએસઆરટીસીની આ બસ સેવા શરૂ થવા જઈ રહી છે. આ બસ દ્વારા મુસાફરોને દાદર વેસ્ટ, બોરીવલી અને પુણે જવાની સુવિધા મળશે.

એરપોર્ટ પરથી દાદર જવા માટેની ટિકિટ ૧૭૦ રૂપિયા રહેશે, બોરીવલી માટે ૨૧૦ રૂપિયા અને પુણે માટે ૪૫૦ રૂપિયા ભાડું નક્કી કરવામાં આવ્યું છે. દાદર જતી બસ સાયન અને અટલ સેતુ થઈને જશે. તેમજ બોરીવલીની બસ પણ અટલ સેતુ પરથી જ દોડશે. આ નવી બસ સેવામાં કેટલાક મુસાફરોને ભાડામાં રાહત આપવામાં આવશે. ૧૨ વર્ષથી ઓછી ઉંમરના બાળકો અને નેશનલ કોમન મોબિલિટી કાર્ડ દ્વારા મુસાફરી કરતી મહિલાઓને ટિકિટના દરમાં ૫૦ ટકા છૂટ આપવામાં આવી છે. આ સુવિધાને લીધે મુસાફરો માટે એરપોર્ટ સુધી પહોંચવું વધુ સરળ બનશે. થાણે અને નાશિક માટે પણ બસ સેવા શરૂ કરવાની યોજના છે. આ સેવા આ વર્ષે નવેમ્બર મહિનાના મધ્ય સુધીમાં શરૂ થવાની શક્યતા છે. ■

# પોલીસ સીજેપી કાર્યકરોને નોટિસ મોકલી રહી છેઃ દીપકે

છત્રપતિ સંભાજીનગર (મહારાષ્ટ્ર): 'કોક્રોચ જનતા પાર્ટી'ના સ્થાપક અભિજિત દીપકેએ મંગળવારે આક્ષેપ કર્યો હતો કે મહારાષ્ટ્રના ચંદ્રપુરની પોલીસ સીજેપી કાર્યકરોને નોટિસ મોકલીને ૧૦ ઑક્ટોબરે દિલ્હીમાં યોજાનારા વિરોધ પ્રદર્શનમાં ભાગ ન લેવા માટે દબાણ કરી રહી છે. તેમણે એવો સવાલ પણ કર્યો હતો કે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસ શા માટે ''યોગી આદિત્યનાથ ૨.૦'' બનવાનો પ્રયાસ કરી રહ્યા છે. પોલીસની કાર્યવાહીને 'સરમુખત્યારશાહી' ગણાવતા તેમણે કહ્યું કે ફડણવીસે પોતાની રાજકીય મહત્વાકાંક્ષાઓ માટે પોલીસનો 'દુરુપયોગ' ન કરવો જોઈએ.

અહીં પત્રકાર પરિષદ દરમિયાન દીપકેએ ભાજપના નેતૃત્વવાળી કેન્દ્ર સરકાર પર પણ પ્રહારો કર્યા અને કહ્યું કે 'એક રાષ્ટ્ર, એક ચૂંટણી' એ માત્ર એક સૂત્ર નથી તેનો વાસ્તવિક ઉદ્દેશ્ય ''એક રાષ્ટ્ર, એક રાજકીય પક્ષ'' હતો. ■

# મહારાષ્ટ્રમાં દુષ્કાળની સ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે કેન્દ્રીય ટીમ

મુંબઈઃ મહારાષ્ટ્રમાં ૩૫૮ તાલુકાઓમાંથી ૨૬૫ તાલુકાઓ દુષ્કાળગ્રસ્ત જાહેર કરતા કેન્દ્ર સરકારે મહારાષ્ટ્રમાં પરિસ્થિતિનું મૂલ્યાંકન કરવા માટે એક ટીમ બનાવી હોવાનું રાજ્યના કૃષિ પ્રધાન દત્તાત્રય ભરણેએ જણાવ્યું હતું.

ભરણેએ સોમવારે સાંજે જણાવ્યું હતું કે ટીમ રાજ્ય સરકાર સાથે સંકલનમાં દુષ્કાળ ગ્રસ્ત વિસ્તારની મુલાકાત લઈ પરિસ્થિતિની ગંભીરતાનું મૂલ્યાંકન કરશે અને રાહત અને પુનર્વસન માટે ભલામણો કરશે. મૂલ્યાંકનના આધારે કેન્દ્રને પોતાનો અહેવાલ સુપરત કરવામાં આવશે. રાજ્યનો લગભગ ૮૦ ટકા ભાગ દુષ્કાળની ઝપેટમાં છે અને પાકને વ્યાપક નુકસાન થયું છે. ટીમની મુલાકાતથી દુષ્કાળગ્રસ્ત ખેડૂતોને કેન્દ્રીય સહાય પૂરી પાડવાની પ્રક્રિયા ઝડપી થવાની અપેક્ષા છે એમ નિવેદનમાં જણાવાયું છે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે નેશનલ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફંડ હેઠળ સહાયની માગણી કરતો વચગાળાનો અહેવાલ કેન્દ્રને સુપરત કર્યા બાદ આ પગલું લેવામાં આવ્યું છે. (પીટીઆઈ)■


ॐm dryfruits

Dry Fruits & Kirana Merchants

Suresh Shah 98202 62098 98202 11374 85916 27677 85911 47677

શ્રેષ્ઠ ગુણવત્તાયુક્ત, સ્વાસ્થ્યવર્ધક, પોષ્ટીક સૂકામેવાનું એકમાત્ર સ્થળ

Chocolate Brownie Rs. 1,200/-

ફ્રી હોમ ડિલિવરી

FREE HOME DELIVERY

| | | | |
|---|---|---|---|
| રેગ્યુલર બદામ | ૧૨૦૦ | મોટી કાળી કિસમિસ | ૧૦૦૦ |
| કેલિફોર્નિયા M બદામ | ૧૨૫૦ | જંબો સીડલેસ કાળી કિસમિસ | ૧૪૦૦ |
| કેલિફોર્નિયા A બદામ | ૧૩૦૦ | આખા અખરોટ | ૧૦૦૦ |
| કેલિફોર્નિયા 2A બદામ | ૧૪૦૦ | અખરોટ કણી | ૧૦૦૦ |
| કેલિફોર્નિયા 3A બદામ | ૧૫૦૦ | અખરોટ ટુકડા નવા | ૧૫૦૦ |
| સોલ્ટેડ બદામ | ૧૩૦૦ | કેલિફોર્નિયા અખરોટ મગજ | ૧૮૦૦ |
| સોલ્ટેડ 3A બદામ | ૧૫૦૦ | વ્હાઈટ અખરોટ | ૨૦૦૦ |
| બેસ્ટ ટોચ મમરા બદામ | ૨૪૦૦ | જમ્બો સુપર વ્હાઈટ અખરોટ | ૨૪૦૦ |
| 2A મામરા બદામ | ૪૨૦૦ | એપ્રીકોટ (જરદાળુ) રેગ્યુલર | ૮૦૦ |
| 3A મામરા બદામ | ૪૬૦૦ | 2A એપ્રીકોટ (જરદાળુ) | ૧૦૦૦ |
| 4A મામરા બદામ | ૫૨૦૦ | 3A એપ્રીકોટ (જરદાળુ) | ૧૨૦૦ |
| 5A મામરા બદામ | ૬૦૦૦ | જમ્બો એપ્રીકોટ (જરદાળું) | ૧૪૦૦ |
| 6A જમ્બો મામરા બદામ | ૧૦૦૦૦ | સુપર જમ્બો એપ્રીકોટ (જરદાળું) | ૧૬૦૦ |
| બદામ સ્લાઈસ | ૧૨૦૦ | A અંજીર | ૧૪૦૦ |
| છીલટાવાળા ગોવા કાજુ | ૧૨૦૦ | 2A અંજીર | ૧૬૦૦ |
| રેગ્યુલર કાજુ | ૧૦૦૦ | 3A અંજીર | ૧૮૦૦ |
| 1A કાજુ | ૧૧૦૦ | 4A અંજીર | ૨૦૦૦ |
| 2A કાજુ | ૧૩૦૦ | 5A અંજીર | ૨૪૦૦ |
| 3A કાજુ | ૧૪૦૦ | 6A અંજીર | ૨૮૦૦ |
| 5A કાજુ જમ્બો | ૧૮૦૦ | 7A અંજીર જમ્બો | ૩૬૦૦ |
| સુપર જમ્બો કાજુ | ૨૦૦૦ | પીસ્તા મગજ | ૩૦૦૦ |
| 2A સોલ્ટેડ કાજુ | ૧૨૦૦ | મોટા પીસ્તા મગજ | ૩૨૦૦ |
| રોસ્ટેડ કાજુ જમ્બો | ૧૬૦૦ | A મોટા પીસ્તા મગજ | ૩૪૦૦ |
| મસાલા / મરી / પુદિના કાજુ | ૧૨૦૦ | જમ્બો પીસ્તા મગજ | ૩૬૦૦ |
| પેરી પેરી કાજુ / ચિઝ કાજુ | ૧૨૦૦ | પિશોરી પીસ્તા | ૪૪૦૦ |
| કાજુ કણી સફેદ | ૭૨૦ | પીસ્તા સ્લાઈસ | ૩૪૦૦ |
| કાજુ ટુકડા રેગ્યુલર | ૮૮૦ | સોલ્ટેડ પીસ્તા | ૧૮૦૦ |
| કાજુ ટુકડા મોટી સાઈઝ | ૯૬૦ | 2A સોલ્ટેડ પીસ્તા | ૨૦૦૦ |
| કાજુ ટુકડા ફાડચા જમ્બો | ૧૧૦૦ | 3A સોલ્ટેડ પીસ્તા | ૨૨૦૦ |
| કાજુ પુરી | ૧૦૦૦ | અકબરી સોલ્ટેડ પીસ્તા | ૨૪૦૦ |
| કાજુ રોટલા | ૧૨૦૦ | પબડી ગોટા | ૧૦૦૦ |
| ઈન્ડિયન કિસમિસ | ૬૦૦/૬૮૦ | પબડી ફાડચા | ૮૦૦ |
| અફઘાની કિસમિસ | ૮૦૦/૧૦૦૦ | કીમીયા કાળી ખજૂર (૫૦૦ ગ્રામ) | ૨૪૦ |
| અફઘાની ગ્રીન કિસમિસ | ૧૪૦૦ | ઓમાન કાળી ખજૂર | ૫૨૦ |
| સિન્ધુકાની ગ્રીન કિસમિસ | ૨૦૦૦ | ઓમાન કાળી ખજૂર સીડલેસ | ૬૦૦ |
| રેગ્યુલર કાળી કિસમિસ | ૫૬૦ | કલમી ખજૂર | ૯૦૦ |
| સીડલેસ કાળી કિસમિસ | ૬૦૦ | કલમી ખજૂર સીડલેસ | ૧૦૦૦ |
| મોટી સીડલેસ કાળી કિસમિસ | ૮૦૦ | કલમી ખજૂર સીડલેસ જમ્બો | ૧૦૦૦ |

IDEAL FOR CORPORATE GIFTING

Customised Assorted Dryfruit Boxes available in Fancy Packaging

| | | |
|---|---|---|
| Rs. 325/- | 200 gms | 50 gms each Kaju, Almonds, Pista, Kismis |
| Rs. 600/- | 400 gms | 100 gms each Kaju, Almonds, Pista, Kismis |
| Rs. 900/- | 600 gms | 100 gms each Kaju, Almonds, Pista, Kismis, Apricot, Figs |
| Rs. 1,200/- | 800 gms | 200 gms each Kaju, Almonds, Pista, Kismis |
| Rs. 1,800/- | 1200 gms | 200 gms each Kaju, Almonds, Pista, Kismis, Apricot, Figs |

| | | | |
|---|---|---|---|
| મજદૂલ ખજૂર (લૂજ) | ૧૨૦૦ | બ્લ્યુ બેરી | ૧૬૦૦ |
| મજદૂલ ખજૂર | ૧૫૦૦ | ડ્રાય કિવી | ૬૦૦ |
| જમ્બો મજદૂલ ખજૂર | ૧૮૦૦ | ડ્રાય માંગ્ગો / ડ્રાય પાઈનએપલ | ૬૮૦ |
| સુપર જમ્બો મજદૂલ ખજૂર | ૨૦૦૦ | બ્રાઝિલ નટસ | ૩૨૦૦ |
| અજવા ખજૂર | ૧૪૦૦ | હેઝલ નટ | ૨૫૦૦ |
| લાલ ખજૂર | ૧૬૦ | પ્રુન્સ | ૮૦૦ |
| સીડલેસ લાલ ખજૂર | ૨૦૦ | મીક્ષ ડ્રાયફ્રુટ | ૧૨૦૦ |
| પમ્પકીન સીડસ | ૬૮૦ | પ્રોટીન બુસ્ટર | ૬૮૦ |
| રોસ્ટેડ પમ્પકીન સીડસ | ૭૬૦ | જાંબુન સ્લાઈસ | ૩૨૦૦ |
| સનફલાવર સીડ | ૩૨૦ | પીકન નટ | ૨૨૦૦ |
| રોસ્ટેડ સનફલાવર સીડ | ૪૦૦ | મેકેડેમીયા નટસ | ૩૦૦૦ |
| ચીયા સીડસ | ૩૬૦ | ચીલગોઝા | ૬૦૦૦ |
| ક્યુનોવા | ૨૮૦ | A મખાના | ૧૨૦૦ |
| અસરીઓ | ૨૪૦ | 2A મખાના | ૧૪૦૦ |
| કલીંગર સીડસ | ૬૮૦ | જમ્બો મખાના | ૧૮૦૦ |
| ફ્લેક્સ સીડસ (અળસી) | ૧૬૦ | સુપર જમ્બો મખાના | ૨૦૦૦ |
| રોસ્ટેડ ફ્લેક્સ સીડસ (અળસી) | ૨૦૦ | ટર્કીશ એપ્રીકોટ (આલુચા) | ૧૮૦૦ |
| રોસ્ટેડ ૭ સીડસ | ૭૦૦ | સૂકી ખજૂર (ખારેક) | ૪૮૦ |
| ધાણાદાળ | ૪૪૦ | તજ પાવડર | ૬૦૦ |
| ગોટલી મુખવાસ | ૬૦૦ | ગુંદર કણી | ૨૮૦/૩૨૦ |
| બદામ ડ્રાયફ્રુટ મુખવાસ | ૧૨૦૦ | જીરાગોળી | ૨૮૦ |
| સ્વીટ ડ્રાયફ્રુટ ભેળ | ૧૨૦૦ | મીઠા આમળા | ૨૦૦ |
| સ્પાઈસી ડ્રાયફ્રુટ ભેળ | ૧૨૦૦ | હની આમળા | ૩૬૦ |
| મેંગો ટેન્ગો રજવાડી મિક્સ | ૧૪૦૦ | ઈરાની કેસર (૧ ગ્રામ) | ૨૫૦ |
| ચારોલી | ૨૪૦૦ | કાશ્મીર કેસર (૧ ગ્રામ) | ૪૦૦ |
| ગ્રીન ઈલાયચી | ૪૪૦૦/૪૮૦૦/૫૨૦૦ | સ્પેનીશ કેસર (૧ ગ્રામ) | ૪૫૦ |
| સુપર ગ્રીન ઈલાયચી | ૫૬૦૦ | સત ઈસબગોલ ભુસી | ૧૨૦૦ |
| ઈલાયચી પાવડર | ૪૮૦૦ | ભીમસેની કપુર | ૧૩૦૦ |
| કેનબેરી | ૬૮૦ | કાળા મરી | ૧૦૦૦/૧૧૦૦/૧૨૦૦ |
| કેનબેરી આખી | ૮૦૦ | | |



FREE HOME DELIVERY

પેમેન્ટઃ કેશ ઑન ડિલિવરી બૅન્ક ટ્રાન્સફર, જીપે, પેટીએમ અને ક્રેડિટ કાર્ડ

સ્પેશિયલ કાજુ કતરી ૧,૨૦૦/- kg

ડ્રાયફ્રુટ ખજુરપાક ૧,૨૦૦/- kg

૭. જેબી શાહ માર્કેટ, પ્રભુ હોટલ સામે, સ્ટેશન નજીક, મસ્જિદ બંદર (પ.), મુંબઈ-૯. Open on all days till Diwali

દરેક પ્રકારના ખાદ્ય ઘી-તેલ હોલસેલ ભાવથી ઉપલબ્ધ. બધી જ બ્રાન્ડ્સ હવે હોલસેલ ભાવે ઉપલબ્ધ

મીનીમમ ઓર્ડર ૨,૦૦૦/- થાણા થી આગળ ૩,૦૦૦/- દહીસર થી વિરાર ૪,૦૦૦/- પુર્ણ મુંબઈ ફ્રી હોમ ડિલીવરી

Rates per kg.

S. Arts

# સંસ્થા સમાચાર

## શ્રી ચન્દ્રાનનસાગરસૂરીશ્વરજી મ.સા.નો જાપ-સાધના મંડપમાં પ્રવેશ

શ્રી દર્શનસાગરસૂરીશ્વરજી મ.સા., શ્રી નિત્યોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ના શુભઆશિષ, શ્રી ચન્દ્રાનનસાગરસૂરીશ્વરજી મ.સા., શ્રી હરીશચન્દ્રસાગરજી મ. સા., શ્રી મનનચન્દ્રસાગરજી મ. સા. આદિ ઠાણા, પૂ. સાધ્વીજી શ્રી કલ્પિતાશ્રીજી મ. સા. અને શ્રી ચારુતાશ્રીજી મ.સા. આદિ ઠાણાનો ચાતુર્માસ પ્રવેશ કોંકણ શત્રુંજય સ્વરૂપ શ્રી ઋષભદેવજી મહારાજ જૈન ધર્મ ટેમ્પલ ઍન્ડ જ્ઞાતિ ટ્રસ્ટ (રજિ.) થાણા સંચાલિત શ્રી મુનિસુવ્રત સ્વામિ જિનાલય, શ્રી મણિભદ્ર હૉલ, જૈન મંદિર માર્ગ, ટેંભીનાકા, થાણા (પ.)ના શ્રી રાજસ્થાન શ્વે. મૂર્તિ જૈન સંઘ થાણામાં થયો. શ્રી ચન્દ્રાનનસાગરસૂરીશ્વરજી મ.સા. રવિવાર, ૧૧-૧૦-૨૬ના રોજ જાપ-સાધના મંડપમાં પ્રવેશ કરશે અને નવરાત્રી દરમ્યાન રોજ સવારે ૯થી ૧૦ વાગ્યા દરમ્યાન મંદિરના શ્રી મણિભદ્ર હૉલમાં પ્રવચન આપશે.

## માઈન્ડ ઍન્ડ ફન ગેમ્સ સ્પર્ધા

ચિલ્ડ્રન ટૉય ફાઉન્ડેશન (સીટીએફ)ના ૪૪મા સ્થાપના દિવસની ઉજવણી નિમિત્તે ધ ફ્રી પ્રેસ જર્નલના સહયોગથી ૨ ઑક્ટોબર ૨૦૨૬ના રોજ મુંબઈના નરીમાન પૉઇન્ટ સ્થિત ધ ફ્રી પ્રેસ જર્નલના કાર્યાલય ખાતે અનોખી આંતર શાળા માઇન્ડ ઍન્ડ ફન ગેમ્સ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. મુંબઈ અને નવી મુંબઈની કુલ ૧૦ શાળાના ૪૮ વિદ્યાર્થીઓએ આ સ્પર્ધામાં ભાગ લીધો હતો. આ સ્પર્ધાએ વિદ્યાર્થીઓને ઝડપી શીખવાની ક્ષમતા, સ્વતંત્ર વિચારસરણી, નિર્ણય લેવાની ક્ષમતા, વ્યૂહાત્મક આયોજન તેમ જ મૈત્રીપૂર્ણ સ્પર્ધાના આનંદનો અનુભવ કરાવ્યો હતો. આ ઉપરાંત સીટીએફ દ્વારા શિક્ષકો માટે પણ વિશેષ બૌદ્ધિક સ્પર્ધા 'ટીચર્સ સૉલ્વ ઇટ'નું આયોજન કરવામાં આવ્યું હતું.

# નરેન્દ્ર મોદી @ ૨૫: રાષ્ટ્રસેવા, વિકાસ અને ગૌરવના ૨૫ વર્ષ

### એકનાથ શિંદે, નાયબ મુખ્ય પ્રધાન, મહારાષ્ટ્ર



મુંબઈ: ૭ ઑક્ટોબર, ૨૦૦૧ના રોજ, રાષ્ટ્રના સમર્પિત સેવક નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકેનો કાર્યભાર સંભાળ્યો ત્યારથી ૨૫ વર્ષની આ સફર પર નજર નાખીએ, તો તે માત્ર એક નેતાની રાજકીય કારકિર્દીનો માર્ગ બનીને નથી રહી ગઈ; પરંતુ હવે આ સફર રાષ્ટ્રની બદલાતી રાજકીય, સામાજિક અને વિકાસલક્ષી ગાથા સાથે ઊંડાણપૂર્વક જોડાયેલો એક અધ્યાય બની ગઈ છે. આ એક એવી સફર છે જે ૧૪૦ કરોડ ભારતીયોના વધતા જતા આત્મવિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. આ પ્રસંગે, હું મહારાષ્ટ્રની ૧૩ કરોડ જનતા અને શિવસેના વતી વડા પ્રધાન નરેન્દ્ર મોદીને હાર્દિક શુભેચ્છાઓ પાઠવું છું. ગુજરાતના મુખ્ય પ્રધાન તરીકેના તેમના કાર્યકાળ દરમિયાન ૨૦૦૩માં, તેમણે 'વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ' શરૂ કરી, જેનો ઉપયોગ મોટી વૈશ્વિક કંપનીઓ અને ઉદ્યોગપતિઓને ગુજરાતમાં રોકાણ કરવા માટે આકર્ષવા માટે કરાયો હતો. 'ગુજરાત મૉડેલ' દેશના લોકોમાં લોકપ્રિય બન્યું. ૨૦૧૪ પહેલાના ભારત અને ૨૦૧૪ પછીના ભારત વચ્ચે સ્પષ્ટ તફાવત જોવા મળે છે. ૨૦૧૪ પછી બરાબર આવો જ ચમત્કાર સર્જાયો. નરેન્દ્ર મોદીએ ૨૬ મે, ૨૦૧૪ના રોજ ભારતના વડા પ્રધાન તરીકે શપથ લીધા. ત્યારબાદ, કેન્દ્ર સરકારની નીતિઓમાં વિકાસ, માળખાગત સુવિધાઓ, ડિજિટલ ટેક્નોલોજી, સામાજિક કલ્યાણ અને રાષ્ટ્રીય સુરક્ષા પર વિશેષ ભાર મૂકવામાં આવ્યો. 'જન ધન યોજના' દ્વારા મોટી સંખ્યામાં નાગરિકોને બૅંકિંગ વ્યવસ્થા સાથે જોડવાના પ્રયાસો કરાયા. 'ડાયરેક્ટ બેનિફિટ ટ્રાન્સફર' (DBT) અને સરકારી સેવાઓના ડિજિટાઈઝેશનને વેગ મળ્યો. 'સ્વચ્છ ભારત મિશન' હેઠળ સ્વચ્છતા અને શૌચાલયના નિર્માણને પ્રાથમિકતા આપવામાં આવી. સરકારે પ્રધાનમંત્રી આવાસ યોજના, ઉજ્જવલા યોજના, જલ જીવન મિશન અને પીએમ-કિસાન જેવી યોજનાઓ દ્વારા વિવિધ ક્ષેત્રોમાં ઐતિહાસિક સિદ્ધિઓ હાંસલ કરી જેના દ્વારા આવાસ, રસોઈ માટે સ્વચ્છ ઈંધણ, નળ દ્વારા પાણી અને ખેડૂતોને સીધી આર્થિક સહાય પૂરી પાડવામાં આવી. 'ડિજિટલ ઈન્ડિયા' અને UPIના વિસ્તરણથી ડિજિટલ વ્યવહારોના ક્ષેત્રમાં મોટું પરિવર્તન આવ્યું. હાઈવે, રેલવે, એરપોર્ટ અને અન્ય માળખાકીય સુવિધાઓના વિસ્તારને વેગ મળ્યો. 'મેક ઈન ઈન્ડિયા', 'સ્ટાર્ટઅપ ઈન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' જેવી પહેલોએ સ્થાનિક ઉત્પાદન, રોકાણ અને ઉદ્યોગ સાહસિકતાને મોટા પાયે પ્રોત્સાહન આપ્યું. મોદી સરકારના કાર્યકાળ દરમિયાન નવી શિક્ષણ નીતિ, નવા ફોજદારી કાયદા અને ટ્રિપલ તલાક વિરોધી કાયદા જેવા નિર્ણયો પણ અમલમાં મૂકવામાં આવ્યા. મોદી સરકારે કાશ્મીર અંગેની કલમ ૩૭૦ નાબૂદ કરવાનો ઐતિહાસિક નિર્ણય લેવાની હિંમત પણ દાખવી. અયોધ્યામાં શ્રીરામ મંદિરનું નિર્માણ અને રામ લલ્લાના મંદિરના ભવ્ય 'પ્રાણ પ્રતિષ્ઠા' સમારોહ તેમજ કાશી વિશ્વનાથ ધામ, મહાકાલ લોક અને અન્ય વિવિધ તીર્થસ્થળોના વિકાસ દ્વારા ધાર્મિક પર્યટન અને સાંસ્કૃતિક વારસાને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે.

મહિલાઓની આર્થિક અને સામાજિક ભાગીદારી વધારવા માટે 'બેટી બચાવો, બેટી પઢાઓ' અને 'લખપતિ દીદી'થી લઈને ઉજ્જવલા, મુદ્રા અને સ્વ-સહાય જૂથો જેવી વિવિધ યોજનાઓ અમલમાં મૂકવામાં આવી છે. મહારાષ્ટ્રમાં પણ 'મહાયુતિ' સરકારે મહિલા સશક્તિકરણની દિશામાં વિવિધ નિર્ણયો લીધા છે. પછી તે 'મુખ્ય મંત્રી માઝી લાડકી બહિણ યોજના' હોય કે છોકરીઓના ઉચ્ચ શિક્ષણને સમર્થન આપવાનો નિર્ણય - તેની પાછળનો મૂળભૂત સિદ્ધાંત એ છે કે જ્યારે મહિલા સશક્ત બને છે ત્યારે પરિવાર સશક્ત બને છે; જ્યારે પરિવાર સશક્ત બને છે ત્યારે સમાજ સશક્ત બને છે અને રાષ્ટ્રની શક્તિમાં વધારો થાય છે. હાલમાં રાજ્યમાં અંદાજે ₹૧.૫ લાખ કરોડના મૂલ્યના માળખાગત પ્રકલ્પોનું નિર્માણ કાર્ય શરૂ છે અને 'અમૃત ભારત સ્ટેશન યોજના' હેઠળ ૧૨૮ રેલવે સ્ટેશનોના પુનર્વિકાસનું કામ પ્રગતિ પર છે. અટલ સેતુ, સમૃદ્ધિ મહામાર્ગ, મુંબઈ કોસ્ટલ રોડ, નવી મુંબઈ ઈન્ટરનેશનલ એરપોર્ટ, મુંબઈ-અમદાવાદ બુલેટ ટ્રેનની સાથે જ કોંકણ અને પાલઘર પ્રદેશોના ઔદ્યોગિક વિકાસ માટે મહત્ત્વપૂર્ણ એવો ₹૭૬,૦૦૦ કરોડનો વઢવાણ બંદર પ્રોજેક્ટ જેવા પ્રકલ્પો મહારાષ્ટ્ર માટે ખરેખર 'ગેમ-ચેન્જર' સાબિત થઈ રહ્યા છે.

મહારાષ્ટ્રના વિકાસની સાથે સાથે, કેન્દ્ર સરકાર દ્વારા લેવામાં આવેલા નિર્ણયો દ્વારા રાજ્યની સાંસ્કૃતિક અને ઐતિહાસિક વારસાઓને પણ યોગ્ય મહત્ત્વ મળ્યું છે. છત્રપતિ શિવાજી મહારાજના ઐતિહાસિક કિલ્લાઓનો યુનેસ્કો (UNESCO)ની વિશ્વ ધરોહર યાદીમાં સમાવેશ, ડૉ. બાબાસાહેબ આંબેડકર સાથે સંકળાયેલા 'પંચ-તીર્થ'નો વિકાસ અને મરાઠી ભાષાને 'શાસ્ત્રીય ભાષા' (Classical Language)નો દરજ્જો આપવાનો નિર્ણય મહારાષ્ટ્ર માટે મહત્ત્વપૂર્ણ સાબિત થયા છે. મોદીજીની આગામી યાત્રા માટે તેમને હાર્દિક શુભેચ્છાઓ. ઈશ્વર તેમને ઉત્તમ સ્વાસ્થ્ય, દીર્ઘાયુ અને રાષ્ટ્રની સેવા કરવાની અપાર શક્તિ પ્રદાન કરે. તે જ ઈશ ચરણે પ્રાર્થના. ■

## છેલ્લા પાનાનું ચાલુ

### સાયબર ફ્રોડનાં

ઓર્ડર સર્વિસ બંધ કરવા માટે તેને વ્હૉટ્સઍપ પર લિંક પાઠવી હતી અને તે ઓપન કરવા કહ્યું હતું. ફરિયાદીએ લિંક પર ક્લિક કરી તેને ઓપન કરી હતી. ત્યાર બાદ ફરિયાદીની જાણ બહાર તેના ક્રેડિટ કાર્ડથી ત્રણ ટ્રાન્ઝેક્શન દ્વારા ૪.૪૮ લાખ રૂપિયાની ખરીદી કરીને ઓનલાઇન છેતરપિંડી આચરાઇ હતી. આ પ્રકરણે ફરિયાદ નોંધાયા બાદ પોલીસે ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી. ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કર્યા બાદ મળેલી માહિતીને આધારે ગુનામાં સામેલ બે આરોપીને અમદાવાદ અને કુર્લાથી ઝડપી પાડવામાં આવ્યા હતા.

### રાજકીય લાભની

દ્વારા તાજેતરના આંદોલનોનો ઉલ્લેખ કરી મુખ્ય પ્રધાને કહ્યું કે તેમનું નેતૃત્વ કૉંગ્રેસની વિદ્યાર્થી પાંખ, નેશનલ સ્ટુડન્ટ્સ યુનિયન ઓફ ઈન્ડિયા દ્વારા કરવામાં આવી રહ્યું છે. કૉંગ્રેસ દ્વારા આરોપ કરવામાં આવ્યો છે કે મુંબઈમાં શિષ્યવૃત્તિમાં વિલંબ, આશ્રમ શાળાઓમાં મૂળભૂત સુવિધાઓનો અભાવ (આદિવાસી વિદ્યાર્થીઓ માટે રહેણાક સુવિધાઓ) અને છાત્રાલયો સહિત અન્ય ફરિયાદો સામે વિરોધ પ્રદર્શન કરી રહેલા ઘણા આદિવાસી વિદ્યાર્થીઓની અટકાયત કરવામાં આવી હતી. (પીટીઆઈ)

### ડ્રાફ્ટ મતદાર યાદી

ફરીથી નોંધણી કરવા માટે રાજ્યના ચૂંટણીપંચ દ્વારા મતદાન મથકો પર વિશેષ શિબિરો યોજવામાં આવી હતી. મુખ્ય ચૂંટણી અધિકારી (સીઈઓ) ની રાજ્ય કચેરી પાસે ઉપલબ્ધ જિલ્લાવાર માહિતી મુજબ, ૩૧ ઓગસ્ટ અને ૪ ઓક્ટોબરની વચ્ચે ૬,૨૪,૦૫૪ ફોર્મ પ્રાપ્ત થયા હતા.

દાવા અને વાંધા રજૂ કરવાની મુદત ૧૨ ઓક્ટોબર સુધી લંબાવવામાં આવી છે. નોટિસ, દાવા અને વાંધાઓનો નિકાલ ૧૨ નવેમ્બર સુધી કરી શકાશે.

અંતિમ મતદાર યાદીનું પ્રકાશન ૧૬ નવેમ્બરે નિર્ધારિત કરવામાં આવ્યું છે. બૂથ-સ્તરના અધિકારીઓને વોટ્સએપ પર દસ્તાવેજો સ્વીકારવા અને જરૂર જણાય ત્યાં ઘરે જઈને મુલાકાત લેવા સૂચના આપવામાં આવી છે. (પીટીઆઈ)

### ચૂંટણીપંચ

કે 'એ લોકો દેશમાં એક આત્યંતિક-ડાબેરી પ્રકારનું શાસન લાવવા માગે છે. આ પ્રયાસ ભારતમાં તમામ લોકશાહી સંસ્થાઓને સમાપ્ત કરવાનું કાવતરું છે.' ચૂંટણીપંચ અને મતદાર યાદીઓને લગતા મુદ્દાઓ પર વિરોધ પક્ષોએ પોતાનો વિરોધ વધુ તીવ્ર બનાવ્યા બાદ સીએમએ આ ટિપ્પણી કરી છે.

મંગળવારે દિલ્હીમાં પાર્લામેન્ટ સ્ટ્રીટથી ચૂંટણીપંચના મુખ્યાલય સુધીના ઇન્ડિયા બ્લોક માર્ચમાં ભારે નાટકીય ઘટના બની હતી. લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી અને કૉંગ્રેસ મહાસચિવ પ્રિયંકા ગાંધી વાડ્રા કેટલાક અન્ય સમર્થકો સાથે ચૂંટણીપંચના કાર્યાલય સુધી પહોંચવાની કોશિશમાં આકાશવાણી ભવન પરિસરમાં દાખલ થયા હતા. (પીટીઆઈ)

### મુંબઈમાં વિરોધ

વર્માને મળીને આવેદનપત્ર આપવા માગતા હતા.

નાશિકથી તેમણે ૨૮ સપ્ટેમ્બરે કૂચ શરૂ કરી હતી અને સારી સુવિધાઓ, આદિવાસી શાળાઓમાં વિદ્યાર્થીઓનાં મૃત્યુની તપાસ તથા આદિવાસી વિકાસ પ્રધાનના રાજીનામા સહિતની માગણીઓ તેમણે કરી હતી.

સોમવારે મહારાષ્ટ્ર કૉંગ્રેસે આરોપ લગાવ્યો હતો કે આઝાદ મેદાનમાં વિરોધ પ્રદર્શન કરવા આવેલા અનક આદિવાસી વિદ્યાર્થીઓને પોલીસે અટકાવ્યા હતા અને વહેલી સવારના તેમને અટકાયતમાં લીધા હતા. જોકે પોલીસે ધરપકડની વાત નકારી કાઢી હતી. કૉંગ્રેસના જણાવ્યા મુજબ આદિવાસી વિદ્યાર્થીઓ વિરોધ પ્રદર્શન કરી રહ્યા હતા અને શિષ્યવૃત્તિ, આશ્રમશાળાઓ તથા હોસ્ટેલમાં પાયાની સુવિધાઓનો અભાવ તથા અન્ય મુદ્દાઓ અંગે પોતાની માગણીના ઉકેલની માગ કરી રહ્યા હતા. વિદ્યાર્થીઓને પરિસરથી બહાર જતા રોકવા માટે તિલક ભવનની બહાર પોલીસ જવાનોને તહેનાત કરવામાં આવ્યા હતા અને ત્યાર બાદ તેમને ખાનગી બસમાં બેસાડીને શહેરની બહાર લઇ જવામાં આવ્યા હતા, એમ અધિકારીએ જણાવ્યું હતું. (પીટીઆઇ)

### સાત દવાખાનાં

હતી. માહિતીને આધારે પોલીસની ટીમે બોરીવલી, દહિસર, જોગેશ્વરી, ભાંડુપ, માનખુર્દ અને કુર્લામાં આવેલાં દવાખાનાઓ પર કાર્યવાહી કરી હતી. એલોપથી, આયુર્વેદિક અને યુનાની ઈલાજથી ગુપ્ત રોગની સારવારનો દાવો આરોપીઓ દ્વારા કરવામાં આવતો હતો.

તપાસ દરમિયાન પોલીસને જાણવા મળ્યું હતું કે તબીબી ક્ષેત્રની કોઈ પણ માન્ય ડિગ્રી કે મહારાષ્ટ્ર મેડિકલમાં રજિસ્ટર્ડ ન હોવા છતાં આરોપી ડૉક્ટર તરીકે પ્રેક્ટિસ કરતા હતા. ગુપ્ત રોગ અને અન્ય બીમારીની સારવારને બહાને દરદીઓ પાસેથી નાણાં પડાવવામાં આવતાં હતાં. અમુક ક્લિનિકમાં તો એક્સપાયરી ડેટ પૂરી થયા છતાં યુનાની અને આયુર્વેદિક દવા દરદીઓને આપવામાં આવતી હોવાનું જણાયું હતું.

પોલીસે દવાખાનાંમાંથી વિવિધ પ્રકારની દવાઓની બૉટલ્સ, સિરિન્જ, એન્ટિબાયોટિક ટેબ્લેટ્સ તેમ જ તબીબી સાધનો જપ્ત કરવામાં આવ્યાં હતાં. આરોપીઓ વિરુદ્ધ ભાંડુપ પોલીસ સ્ટેશનમાં મહારાષ્ટ્ર મેડિકલ પ્રેક્ટિશનર્સ ઍક્ટની જોગવાઈ હેઠળ ગુનો નોંધવામાં આવ્યો હતો.

### બંને ગઠબંધનમાં

પર સૌની નજર ટકેલી છે. પુણે ગ્રેજ્યુએટ મતવિસ્તારમાં, ભાજપના ડૉ. સ્મિતા જાધવ, શિંદે શિવસેનાના સચિન સાનપ અને રાષ્ટ્રવાદી કૉંગ્રેસ પાર્ટીના હર્ષદા દેશમુખ-જાધવે પોતાના ઉમેદવારી પત્રો ભર્યા છે. જ્યારે પુણે શિક્ષક મતવિસ્તારમાં, ભાજપના કૌસ્તુભ ગાવડે અને શિંદે શિવસેનાના મંગેશ ચિવટે સામસામે છે. કૉંગ્રેસના વર્તમાન ધારાસભ્ય જયંત અસગાંવકરે પણ ઉમેદવારી નોંધાવી છે. ઠાકરે જૂથના સુનીલ જગતાપ પણ ચૂંટણી મેદાનમાં છે. તેથી, આ મતવિસ્તારમાં પણ બહુપક્ષીય લડાઈ થવાની શક્યતા છે.

નાગપુર ગ્રેજ્યુએટ મતવિસ્તારમાં મુખ્ય મુકાબલો ભાજપના સુધાકર કોહલી અને કૉંગ્રેસના વર્તમાન ધારાસભ્ય અભિજીત વણજારી વચ્ચે છે. ભાજપના ભૂતપૂર્વ ધારાસભ્ય અનિલ સોલેએ અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવતાં, અહીંનું સમીકરણ બદલી શકે છે. તેવી જ રીતે, સંજય થુલે અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી છે જ્યારે એનસીપી (એસપી)ના નિતેશ કરાલે માસ્ટરે અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવી છે.

મહાયુતિની બેઠક ફાળવણીમાં છત્રપતિ સંભાજીનગર ગ્રેજ્યુએટ મતવિસ્તાર એનસીપીને આપવામાં આવ્યો છે. એનસીપી તરફથી, વર્તમાન ધારાસભ્ય સતીશ ચવ્હાણનો મુકાબલો ઠાકરે શિવસેનાના દિલીપ ઘુગે સામે થશે. જોકે, ભાજપમાં અસંતોષને કારણે, આ મતવિસ્તારમાં પણ મહાયુતિ માટે પડકાર ઊભો થયો છે. ભાજપના નેતા એમ કે દેશમુખે પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું છે. પ્રતાપસિંહ પાટીલે એનસીપીના શરદચંદ્ર પવાર પક્ષ તરફથી પોતાનું ઉમેદવારીપત્ર ભર્યું છે.

અમરાવતી શિક્ષક મતવિસ્તારમાં કૉંગ્રેસના અદિતિ પોહરે, ઠાકરે જૂથના દત્તાત્રેય લહાણે અને શિવસેનાના કિરણ સરનાઈક વચ્ચે જંગ થશે. વિદર્ભ માધ્યમિક શિક્ષક સંઘના દિલીપ કડુ અને શિવસેનાના ભૂતપૂર્વ ધારાસભ્ય શ્રીકાંત દેશપાંડેએ પોતાના ઉમેદવારીપત્રો ભર્યા છે. મહાવિકાસ આઘાડીના ઘટક પક્ષો અલગથી લડશે કે નહીં તે જોવાનું બાકી છે. ઉમેદવારીપત્ર ભરવાની પ્રક્રિયા પૂર્ણ થઈ ગઈ હોવા છતાં, ૯ ઓક્ટોબરે ઉમેદવારીપત્ર પાછા ખેંચવાની અંતિમ તારીખ પૂર્ણ થયા પછી જ અંતિમ ચિત્ર સ્પષ્ટ થશે. ૨૩ ઓક્ટોબરે મતદાન થશે અને ૨૭ ઓક્ટોબરે મતગણતરી થશે.

### પોલીસ કસ્ટડીમાં

અથવા કર્મચારી દ્વારા કરવામાં આવેલા હુમલા, ત્રાસ અથવા દબાણને કારણે મોત થયું હોવાનું સાબિત થયા બાદ મૃતકના પરિવારજનોને આ સહાય આપવામાં આવશે. નવી નીતિમાં કસ્ટડી દરમિયાન શારીરિક અથવા માનસિક ત્રાસને કારણે કાયમી દિવ્યાંગતા થાય તો પણ વળતરની જોગવાઈ કરવામાં આવી છે. ૫૦ ટકાથી ઓછી કાયમી દિવ્યાંગતા હોય તો ૨ લાખ રૂપિયા, જ્યારે ૫૦ ટકાથી વધુ કાયમી દિવ્યાંગતા હોય તો ચાર લાખ રૂપિયા વળતર આપવામાં આવશે. જોકે, તમામ કસ્ટોડિયલ મોતના કેસમાં વળતર આપવામાં આવશે નહીં. વૃદ્ધાવસ્થા અથવા અગાઉથી રહેલી અસાધ્ય બીમારીને કારણે કુદરતી મૃત્યુ, અચાનક કુદરતી આફત, પોતાની ઈચ્છાથી તબીબી સારવાર લેવાનો ઈનકાર, કસ્ટડીમાંથી ભાગવાનો પ્રયાસ કરતી વખતે થયેલો અકસ્માત, અયોગ્ય માગણીઓ માટે કરવામાં આવેલી ભૂખ હડતાળના કારણે થયેલા મૃત્યુને આ વળતર હેઠળ આવરી લેવામાં આવશે નહીં.

### મુંબઈમાં

વર્ષની સરખામણીમાં સ્વાઈનફ્લૂના કેસમાં લગભગ છ ગણો વધારો નોંધાયો છે. ડેન્ગ્યૂના કેસમાં ઘટાડો જોવા મળ્યો છે. ગયા વર્ષે જૂન, જુલાઈ, ઑગસ્ટ અને સપ્ટેમ્બરમાં ડેન્ગ્યૂના ૩,૩૫૬ કેસ સામે આ વર્ષે આ સમયગાળામાં ૨,૯૪૧ કેસ નોંધાયા છે. ચિકનગુનિયાને પણ નિયંત્રણમાં લાવવામાં સફળતા મળી છે. ગયા વર્ષે ચિકનગુનિયાના ૫૦૯ કેસ સામે આ વર્ષે માત્ર ૬૬ કેસ છે. લેપ્ટોના ગયા વર્ષે ૫૪૯ કેસ સામે આ વર્ષે માત્ર ૨૮૬ કેસ નોંધાયા છે. ગૅસ્ટ્રોના ગયા વર્ષે ૨,૬૩૯ કેસ સામે આ વર્ષે ૨,૧૯૪ કેસ નોંધાયા છે. કોવિડના કેસમાં પણ ઘટાડો જોવા મળ્યો છે. ગયા વર્ષે ચાર મહિનામાં ૬૭૮ કેસ નોંધાયા હતા, તેની સામે આ વર્ષે ૧૬૫ કેસ નોંધાયા છે. ગણેશોત્સવ દરમ્યાન તમામ વોર્ડમાં મેડિકલ કેમ્પ યોજવામાં આવ્યા હતા, જેમાં ૮૪,૨૦૮ નાગરિકોએ ભાગ લીધો હતો. તેમાંથી મલેરિયાના તપાસ માટે ૫,૧૩૦ સેમ્પલ લઈને દર્દીઓને તાત્કાલિક સારવાર આપવામાં આવી હતી.

### પોલીસ ફરિયાદની

નોંધાયેલા એફઆઈઆર અનુસાર માનસી અને તેના સગા અમિત ત્રિવેદી સહિત ચાર જણ ૨૪ સપ્ટેમ્બરની રાતે નવ વાગ્યાની આસપાસ 'રાધાકૃષ્ણ હોટેલ-બૅન્ક્વેટ-ફાસ્ટ ફૂડ'માં ગયા હતા. મૈસૂર ઢોસા અડધો ખાધા પછી અમિતની ડિશમાં ઉંદર હોવાની ફરિયાદ સાથે માનસીએ ભારે હંગામો કર્યો હતો. હોટેલમાં પોલીસ બોલાવવામાં આવી હતી અને એક વીડિયો ક્લિપ પણ બનાવાઈ હતી. આ ઘટના બાબતે હોટેલના મૅનેજરે જાણ કરતાં રાતે જય શાહ હોટેલ પહોંચ્યા હતા. બે દિવસ પછી ઢોસામાં ઉંદર મળવાની વીડિયો ક્લિપ સોશિયલ મીડિયા પર વાયરલ થવા લાગી હતી, જેને પગલે એફડીએ દ્વારા ૨૮ સપ્ટેમ્બરે હોટેલનું લાઈસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યું હતું. તે દિવસથી હોટેલ બંધ હોવાનું શાહે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું. એફઆઈઆર અનુસાર એક શખસે ફરિયાદીને મળીને પચીસ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનું કહ્યું હતું, જેને પગલે ફરિયાદીએ ૨૯ સપ્ટેમ્બરે બોરીવલી પોલીસ સ્ટેશનમાં લેખિત ફરિયાદ કરી હતી. ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે માનસીએ કૉલ કરીને ફરિયાદીને જણાવ્યું હતું કે બોરીવલી પોલીસ સ્ટેશનના અધિકારી ફરિયાદ નોંધાવવા તેને બોલાવી રહ્યા છે. જો પોલીસ કાર્યવાહીનો સામનો ન કરવો હોય અને વીડિયો વધુ વાયરલ થતો અટકાવવો હોય તો પચીસ લાખ રૂપિયાનું વળતર આપવું પડશે.

### વડા પ્રધાન અને

કરાયેલા ૨૬૫ તાલુકાઓ (રાજ્યના કુલ તાલુકાના ૭૪%) માટે કેન્દ્રીય સહાય મેળવવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. વડા પ્રધાન મોદીએ રાજ્યને કેન્દ્રીય સહાયની ખાતરી આપી હતી અને પાકને થયેલું નુકસાન, પાણીની અછત તથા પશુઓના ઘાસચારાની ઉપલબ્ધતાની સમીક્ષા કરવા માટે એક કેન્દ્રીય ટીમ રાજ્યની મુલાકાત લેશે એવી ખાતરી પણ આપી હતી. જોકે અહીં એવું માનવામાં આવી રહ્યું છે કે 'મહાયુતિ' ગઠબંધનમાં આંતરિક ખેંચતાણ ચાલી રહી છે. શિંદેએ ભારપૂર્વક કહ્યું હતું કે આ બેઠક બિન-રાજકીય હતી, પરંતુ તે સત્તાધારી 'મહાયુતિ' ગઠબંધન વચ્ચે દેખીતી ખેંચતાણના માહોલમાં યોજાઈ હતી. બેઠકોની વહેંચણી, ખાસ કરીને પુણે શિક્ષક મતવિસ્તારની વિધાન પરિષદની (એમએલસી) ચૂંટણી માટેના ઉમેદવારોને લઈને ભાજપ અને શિંદેના શિવસેના જૂથ વચ્ચે મતભેદોમાં યોજાઈ હતી.

શિંદેએ પુષ્ટિ કરી હતી કે સંકલન સમિતિની ચર્ચાઓ બાદ તેમની પાર્ટીએ આખરે ઉમેદવાર મંગેશ ચિવટેને ઉમેદવારી ફોર્મ આપ્યું હતું અને મંગળવારે મંગેશ ચિવટેએ ભાજપના સત્તાવાર ઉમેદવાર કૌસ્તુભ ગાવડે સામે શિવસેનાના સત્તાવાર ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવતાં આ મુદ્દે દિલ્હીમાં કોઈ આશ્વાસન આપવામાં આવ્યું હોવાનું માનવામાં આવે છે. આ ઉપરાંત છેલ્લા ઘણા સમયથી કેન્દ્રીય પ્રધાનમંડળના વિસ્તરણ અંગે અટકળો ચાલી રહી છે. આ બેઠક લાંબા સમયથી અપેક્ષિત વિસ્તરણ અંગે ચાલી રહેલી અટકળો વચ્ચે પણ યોજાઈ હતી. શિંદેએ સંકેત આપ્યો હતો કે વિસ્તરણ અથવા પુનર્ગઠન અંગેના કોઈપણ નિર્ણાયક પગલાં યોગ્ય સમયે 'નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ' (એનડીએ) નેતૃત્વ દ્વારા નક્કી કરવામાં આવશે. જોકે, અહીં ઉલ્લેખનીય છે કે છ સંસદસભ્યોના પક્ષાંતર બાદ શિંદેની પાર્ટીનું કેન્દ્રમાં કદ વધ્યું છે આનાથી તેમના પુત્ર શ્રીકાંત શિંદેને કેન્દ્રીય પ્રધાનપદ મળવાની અપેક્ષા હોઈ શકે છે.

એટલું જ નહીં ઘણા સમયથી એવી અટકળો ચાલી રહી છે કે કેન્દ્રીય પ્રધાનમંડળના વિસ્તરણમાં દેવેન્દ્ર ફડણવીસને દિલ્હી મોકલવામાં આવે એવી શક્યતા છે.

## હિન્દુ મરણ

**કોળી પટેલ**

ગામ કછોલી હાલ બોરીવલી, અરવિંદભાઈ ધીરુભાઈ પટેલ (ઉં. વ. ૬૯) તા. ૪-૧૦-૨૬ને રવિવારે શ્રીજીચરણ પામ્યા છે. તે સ્વ. શાંતાબેન ધીરુભાઈ લલ્લુભાઈ પટેલના પુત્ર. ગીતાબેનના પતિ. નિકીતા, હર્ષદ, શૈલેષના પિતા. સ્વ. સવિતાબેન, સ્વ. કિશોરભાઈ, ગીતાબેન, મહેશભાઈના ભાઈ. કુણાલ શાહના સસરા. હાસ્વીના નાના. બેસણું તા. ૮-૧૦-૨૬ને ગુરુવારના રોજ નિવાસસ્થાને રાખેલ છે. બારમું-પુષ્પાણી તા. ૧૫-૧૦-૨૬ને ગુરુવારે ૩થી ૫. નિવાસસ્થાનઃ મુ. પો. કછોલી, વાયા અમલસાડ, મલ્લીપાર ફળિયું.

**કચ્છી લોહાણા**

મૂળ કચ્છ ગામ ગૂહર હાલ મુલુંડ સ્વ. મનબાઇ વીરજી કોરજી કોઠારીના પુત્ર શાંતિલાલ કોઠારી (ઉં. વ. ૮૮) તા. ૩-૧૦-૨૬ના અવસાન પામેલ છે. સ્વ. મંજુલાબેનના પતિ. દિલીપ, સંજય, દીપ્તિના પિતા. દર્શના અને હરીશ જોબનપુત્રાના સસરા. સ્વ. વિસનજી દોસાભાઇ આથા, હાલ પૂનાના જમાઇ. સ્વ. કાંતિભાઇ, ભગવાનભાઇ, સ્વ. પરમાણંદભાઇ, સ્વ. ગોદાવરીબેન અને સાવિત્રીબેનના ભાઇ. લૌકિક વ્યવહાર બંધ છે, પ્રાર્થનાસભા રાખેલ નથી.

**કપોળ-દશા શ્રીમાળી**

મહુવાવાળા હાલ કાંદિવલી મહેન્દ્રભાઇ ત્રિભોવનદાસ ગાંધી,સ્વ. જયશ્રીબેનના પુત્ર જતીન (ઉં. વ. ૫૫) તા. ૫-૧૦-૨૬ના શ્રીજીચરણ પામેલ છે. તે હેતલના પતિ. આર્યના પિતાશ્રી. પ્રિતી, દિપક શેઠ, કેતકી વિજય મોદીના ભાઇ. આતરસુંબાવાળા ગં. સ્વ. દક્ષાબેન અનિલભાઇ શાહના જમાઇ. ચિત્તળવાળા ભરતભાઇ શાંતિલાલ મહેતાના ભાણેજ. મોનાલી, કેવલ, આયુષના મામા. પ્રાર્થનાસભા તા. ૮-૧૦-૨૬ ગુરુવારના સાંજે ૪થી ૬. ઠે. પાવનધામ ૧લે માળે, એમ.સી.એ. ગ્રાઉન્ડ પાસે, સત્યનગર, કાંદિવલી (વેસ્ટ), લૌકિક પ્રથા બંધ છે.

**કચ્છી લોહાણા**

સ્વ. કાશીબેન રતનશી દામજી ઠક્કરના બીજા પુત્રવધૂ કચ્છ ગામ ભુજ હાલ સેલવાસના અ. સૌ. જયોત્સ્ના રોહિત ઠક્કર (ઉં. વ. ૬૭) સોમવાર, તા. ૫-૧૦-૨૬ના મુંબઇ મધ્યે રામશરણ પામેલ છે. તે રોહિતભાઇ રતનશી ઠક્કરના પત્ની. અ. સૌ. લીના સુમંત ઠક્કરના સાસુ. સ્વ. પુષ્પાબેન પુરુષોતમ ગણાત્રાના પુત્રી. ગં. સ્વ. પ્રવીણાબેન કર્મવીર ઠક્કરના દેરાણી. અ. સૌ. ચેતનાબેન જગદીશ ઠક્કરના જેઠાણી. પ્રાર્થનાસભા રાખેલ નથી, લૌકિક વ્યવહાર બંધ છે.

**હાલાઇ લોહાણા**

મૂળગામ પોરબંદર નિવાસી હાલ ભીવંડી/કાંદિવલી, ગં.સ્વ. મીનાબેન હરીશભાઈ ગોકુલદાસ કાપડિયા (ચોલેરા) (ઉં. વ. ૭૭) તા. ૫/૧૦/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. તે સમીર-અ.સૌ. રુહી, સપના દિલીપકુમાર, સોનલ હિરેનકુમારના માતુશ્રી, સ્વ. રાજેશભાઈ, સ્વ. ભરતભાઈ, અનિલભાઈ, સ્વ. હીનાબેન નવીનકુમારના ભાભી. કનિક્ષા, જીશા, કૃશાન, ઝીવા, પરી, રિવાના બા. પિયરપક્ષે ખાપોલીવાળા સ્વ. ગોદાવરીબેન કેશવજી વિઠલાણીના દીકરી. સ્વ. જીતેન્દ્રભાઈ, આનંદભાઈ, શોભા લલિત, કલ્પના મુકેશ, નીલા કાશીનાથ, નયના હરીશના બહેન. સર્વ પક્ષની પ્રાર્થનાસભા ગુરુવારે તા. ૮/૧૦/૨૬ના રોજ સમય ૪ થી ૬. રાધા ગોવિંદ હોલ, તીનબત્તી, જલારામ મંદિર, ભીવંડી. લૌકિક વ્યવહાર બંધ છે.

**ઔદિચ્ય ગઢીયા બ્રાહ્મણ**

ગં. સ્વ. શોભનાબેન મધુસુદન મહેતા (ઉં. વ. ૭૯) તે સ્વ. મધુસુદન છગનલાલ મહેતાના ધર્મપત્ની, ગોકલદાસ રાવલ તથા કાશીબેનના દીકરી, નીતિન દોલતરાય મહેતાના કાકી. કિશોરીબેન (ઉષા) નીતીનકુમાર મહેતાના કાકી સાસુ. ૪/૧૦/૨૬ના રોજ સ્વર્ગવાસ પામેલ છે. તેમની પ્રાર્થનાસભા ૮/૧૦/૨૬ના રોજ ૫ થી ૭. નીવાસ સ્થાનઃ શ્રી રસરાજ ટાવર, રોકડીયા ક્રોસ લેન, બોરીવલી વેસ્ટ. લૌકિક વ્યવહાર બંધ છે.

**પંચાલ**

રાંદેડ નિવાસી હાલ બોરીવલી, સ્વ. નર્મદાબેન નગીનદાસ કાશીરામ પંચાલના દીકરી કુમારી હંસાબેન (ઉં. વ. ૭૬) ૧/૧૦/૨૬ના શ્રીજીશરણ પામેલ છે. સ્વ. મહેન્દ્રભાઈ, જગદીશભાઈ, મંજુલાબેન (મીરાબેન) રમેશભાઈ પંચાલના બહેન. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**કપોળ**

ગાંફવાળા હાલ નાલાસોપારા, ગં.સ્વ. નિરંજનાબેન (ઉં. વ. ૮૨) તે ચંપકલાલ નાથાલાલ મહેતાના પુત્રવધૂ. સ્વ. હસમુખરાય મહેતાનાં પત્ની. ડિમ્પલ, છાયા, દીપિકા, કેયુરનાં માતૃશ્રી. રાજનભાઈ, કિર્તીભાઇ, વિજયભાઈ અને દીપાલીના સાસુ, સુરેશભાઈ, ગિરિશભાઈ, સ્વ. મધુબેન, વર્ષાબેન, જ્યોત્સનાબેન, સુધાબેન અને પ્રજ્ઞાબેનનાં ભાભી. પિયરપક્ષે ફોર્ટ સોનગઢવાળા નટવરલાલ નગીનદાસ શેઠના દીકરી, તા. ૫/૧૦/૨૬નાં રોજ શ્રીજીચરણ પામેલા છે, સર્વ પક્ષની પ્રાર્થનાસભા તા. ૮/૧૦/૨૬ ગુરુવારનાં રોજ સાંજે ૫ થી ૭. બાલાજી બેન્કવેટ, રશ્મિ હાઇટ્સ-૨, ફાયર બ્રિગેડની પાછળ, લિંક રોડ, નાલાસોપારા ઈસ્ટ.

**ઔદીચ્ય ગોહિલવાડી બ્રાહ્મણ**

મૂળ ભોકશરના, હાલ કાંદિવલી, ગં.સ્વ. ધનલક્ષ્મી ટીલુશંકર જોષી (ઉં. વ. ૮૦) તા. ૪-૧૦-૨૬ના કૈલાસવાસી થયા છે. તે સ્વ. ટીલુશંકર ભુરાભાઈ જોષીના પત્ની. દુષ્યંત (રાજુભાઈ), સમીરના માતા. દિવ્યા, મનીષાના સાસુ. હેમ, પ્રાચીના દાદી. અશ્વિન, ભારતી રાજેશ પંડ્યા, નયના વિજય પંડ્યાના કાકી. સ્વ. મગનલાલ ભગવાનજી મહેતા. (ઉપલેટા)ના પુત્રી. પ્રાર્થનાસભા ગુરુવારે સાંજે ૪ થી ૬. સ્થળઃ ઠઠાઈ ભાટિયા હોલ.નં.૧. ગ્રાઉન્ડ ફ્લોર, શંકરગલી કાંદિવલી વેસ્ટ.

**સૌરાષ્ટ્ર ત્રિવેદી મેવાડા બ્રાહ્મણ**

બોરીવલી રહેવાસી, શોભનાબેન મહેન્દ્રભાઈ દેસાઈ (ઉં. વ. ૮૧) તે મહેન્દ્રભાઈના પત્ની. શ્રેયાબેન અને રાકેશભાઈનાં માતુશ્રી. લલિતભાઈ અને ઝરણાબેનના સાસુ. સ્વ. ધનેશભાઈ, શૈલેષભાઈ, મહેશભાઈ, જાગૃતિબેન, મીનાબેન અને ઉન્નતિબેનના બહેન. મંગળવાર તા. ૦૬-૧૦-૨૬ના રોજ કૈલાશવાસી પામ્યા છે. સ્થળઃ એ ૪૦૨, પટેલ શોપિંગ સેન્ટર, ચંદાવરકર રોડ, બોરીવલી વેસ્ટ. લૌકિક રિવાજ બંધ છે. સાદડી પ્રથા બંધ છે.

## પારસી મરણ

**ગઈ કાલે ડુંગરવાડી પર કોઇ પણ પારસી મરણ નોંધાયું નથીજી.**

## જૈન મરણ

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

સાવરકુંડલા નિવાસી હાલ કાંદીવલી કાંતિલાલ હરજીવનદાસ સંઘવીનાં સુપુત્ર શૈલેષભાઇ (ઉં. વ. ૬૪) તા. ૫-૧૦-૨૬ સોમવારના અવસાન પામેલ છે. તે માલતીબેનના પતિ. તે સંકેત, ચાર્મીના પિતા. બિજલબેનના સસરા. મિનાબેન રમેશકુમાર, સ્વ. નિશાબેન કૃપેશકુમાર શાહ, વિપુલભાઇ તથા અજયભાઇના ભાઇ. સ્વસુર પક્ષે વિનોદરાય અભેચંદ શાહનાં જમાઇ. લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી દેરાવાસી જૈન**

માંગરોળ નિવાસી હાલ સાયન, રજનીકાંત છોટાલાલ શાહ (ઉં. વ. ૯૬) તે સ્વ. કુમુદબેનના પતિ. રાજુલબેન, વિપુલભાઇ અને સમીરભાઇના પિતાશ્રી. સ્વ. મિલનભાઇ, જયશ્રીબેન અને કુંજલબેનના સસરા. જશવંતલાલભાઇ અને નલિનીબેન ચંદ્રકાંતભાઇ શાહના ભાઇ. રોહિન, અંકિત, દિશિતા, અંકુર, હિમાની અને જશના દાદા. સોમવાર તા. ૫-૧૦-૨૬ના અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા, ગુરુવાર તા. ૮-૧૦-૨૬ના સાંજે ૫થી ૬.૩૦. ઠે. નોર્થ ઇન્ડિયન એસોસિયેશન, ભાઉદાજી રોડ, માટુંગા (પૂર્વ).

**માકપટ કચ્છી ગુર્જર જૈન**

ગામ મંજલ કચ્છના પુત્ર મલાડ નિવાસી અ. સૌ. મીતાબેન જગદીપભાઇ શાહ (ઉં. વ. ૫૯) તે જગદીપભાઇના ધર્મપત્ની. ચંપાબેન હરીલાલ દેવચંદ શાહના પુત્રવધૂ. મોનીલ-લીપીના માતુશ્રી. નરેન્દ્ર, દીપકના બંધુપત્ની. અંજલિ તથા રાજના સાસુ. સ્વ. સુશીલાબેન શાંતિલાલ લક્ષ્મીચંદ મહેતા (કુર્લા)ના સુપુત્રી અરિહંતશરણ પામેલ છે. પ્રાર્થનાસભા બુધવાર, તા. ૭-૧૦-૨૬ના બપોરે ૨.૩૦થી૪. ઠે. કપોળ વાડી, રામચંદ્ર એક્સ્ટેન્શન લેન, કાચ પાડા, મલાડ (વેસ્ટ).

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોજીદડ નિવાસી હાલ બોરીવલી અનિલકુમાર ચુનીલાલ શાહ (ઉં. વ. ૮૯) તા. ૪-૧૦-૨૬ રવિવારના અરિહંતશરણ પામેલ છે. ભાવયાત્રા ગુરુવાર, તા. ૮-૧૦-૨૬ના પેરેડાઇઝ હોલ, દોલત નગર, રોડ નં. ૧૦, બોરીવલી (ઇસ્ટ),સવારના ૧૦થી ૧૨.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

મોજીદડ નિવાસી હાલ બોરીવલી દીનાબેન અનિલકુમાર શાહ (ઉં. વ. ૮૩) તા. ૫-૧૦-૨૬ સોમવારના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. અનીલભાઇ ચુનીલાલ શાહના ધર્મપત્ની. ભાવેશ, સેજલના માતા. છાયા ભાવેશ શાહ તથા જીજ્ઞેશ વસંતલાલ શાહના સાસુ. ગઢડા નિવાસી હર્ષદભાઇ બાબુલાલ વધાણી (હાલ માટુંગા) નીરુબેન, સ્વ. મીનાબેન, પુષ્પાબેન, આશાબેન ને માલિનીબેનના બેન. ભાવયાત્રા ગુરુવાર, તા. ૮-૧૦-૨૬ના પેરેડાઇઝ હોલ, દોલત નગર, રોડ. નં.૧૦, બોરીવલી (ઇસ્ટ), સવારના ૧૦થી ૧૨.

**ઝાલાવાડી વિશા શ્રીમાળી સ્થા જૈન**

દેવઘરી નિવાસી હાલ બોરીવલી, જયશ્રીબેન વિનોદભાઈ વોરા (ઉં. વ. ૭૧) ૫/૧૦/૨૬ના અરિહંતશરણ પામેલ છે. તે સ્વ. વિનોદભાઈ જેચંદભાઈ વોરાના ધર્મપત્ની, પારસ તથા નીરજના માતુશ્રી. કવિતા તથા ઊર્મિના સાસુ. તરુલતાબાઈ અને જયશ્રીબાઇ મસા. સ્વ.પ્રવીણભાઈ, સ્વ. ભાનુબેન, વિલાસબેનના ભાભી. સ્વ. પીતાંબરદાસ હરજીવનદાસ બારભાયાના દીકરી. સાદડી તથા લૌકિક વ્યવહાર બંધ છે.

**દશા શ્રીમાળી સ્થાનકવાસી જૈન**

ધોરાજી નિવાસી હાલ વસઇ રોડ, ગં.સ્વ. સુશીલાબેન મગનલાલ મડીયાના સુપુત્ર હિતેશભાઈ (પપ્પુ) (ઉં. વ. ૫૩) તા. ૫/૧૦/૨૬ના સોમવારના અરિહંતચરણ પામેલ છે. તે સુરેખાબેનના પતિ. હિરેનભાઈ મગનભાઈ મડિયા, અ.સૌ. જાગૃતિબેન વિજયભાઈ શાહ, અ.સૌ. પ્રીતિબેન ફિરોજભાઈખાનના ભાઈ. નેમીનના પિતા. શ્વેતાના સસરા. ગોકુલભાઈ બાબુભાઈના પેડેનેકરના જમાઈ. પ્રાર્થનાસભા ૮/૧૦/૨૬ ગુરુવારને ૧૦:૩૦ થી ૧૨:૩૦. સ્થળઃ માણેકપુર સ્થાનકવાસી જૈન ઉપાશ્રય, ગુજરાતી સ્કૂલની પાછળ,વસઇ રોડ વેસ્ટ.

**શ્રી કચ્છી વિશા ઓશવાળ જૈન**

બિદડાના જયાબેન દેઢીયા (ઉં. વ. ૭૫) તા. ૦૫-૧૦-૨૬નાં અવસાન પામેલ છે. માતુશ્રી નાનબાઇ દામજી ખીમજી દેઢીયા (પેથાણી)ના સુપુત્રી. નાની તુંબડીના માતુશ્રી જેઠીબાઇ મેઘજી ખીમજી બૌઆની દોહીત્રી. પ્રવિણ, બંસીલાલ, મહેશ, ભાવેશ, જયેશ, બીપીન, મિલન, ના. આસંબીયાના ભાગ્યવંતી હરખચંદ, પત્રીના શારદા શાંતીલાલ, ના. ખાખરના વીણા પ્રવિણ, બારોઇના ભવ્યા લીતેશના બેન. પ્રાર્થના રાખેલ નથી. ઠે. મિલન શાહ, ૨૯, ગાલા નિવાસ, કાર્ટર રોડ નં. ૬, બોરીવલી (ઇ.) સ્ટેશનની સામે, બોરીવલી (ઇ.)

નવીનાળના હિતેશકુમાર પોપટલાલ પેથડ (શાહ) (ઉં. વ. ૬૦) તા.૫-૧૦-૨૬ના અવસાન પામેલ છે. રૂક્ષ્મણીબેન પોપટલાલના પુત્ર. હેમાંગીના પતિ. દેવાંગના પિતા. ચેતનાના ભાઈ. મંજુલાબેન શાંતિલાલ ગડાના જમાઈ. પ્રા. શ્રી સુમતિનાથ ભગવાન જૈન દેરાસર, પ્લોટ નં.૫-૬બી, કિંગ સર્કલ. ટા.૩ થી ૪.૩૦.

ભચાઉ હાલે વડોદરાના તારાબેન ગાલા (ઉં. વ. ૭૮) રવિવાર, તા. ૪-૧૦-૨૬ વડોદરામાં અવસાન પામેલ છે. સ્વ. મોંઘીબેન કરમશી ગાલાના પુત્રવધૂ. સ્વ. રતનશી કરમશી ગાલાના ધર્મપત્ની. સ્વ. શાંતીલાલ, ઉમેદ, રમીલાના માતુશ્રી. મુલબાઈ લખમશીના સુપુત્રી. અમૃતબેન હરીલાલ ગાલા, ગુણવંતી અમૃતલાલ ગાલા, કુસુમ હીતેશ બૌવા, જયંતીલાલ અને જવેરચંદના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિવાસ સ્થાન : ઉમેદ ગાલા, હાઉસ નં. ૩૫, વિસેનઝા વણક્કમ, તરસર લિંક રોડ, કાલાલી-૩૯૦૦૧૨.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-૩૦ સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) ક્યાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાવેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દોથી વધારે નહીં). - વ્યવસ્થાપક |
|---|---|---|

શૅરબજારમાં સટોડિયાઓ માટે અમંગળ સંકેત!

# શું રીંછડો તહેવારની મજા બગાડશે?

feedback@bombaysamachar.com

કવર સ્ટોરી

નિલેશ વાઘેલા

**ઓક્ટોબર** ડેરિવેટિવ્ઝ સિરીઝમાં બેન્ચમાર્ક ટેકનિકલ નુકસાન, વિદેશી સંસ્થાકીય રોકાણકારોની ભારે વેચવાલી અને બેરિશ ફ્યુચર્સ પોઝિશનિંગના દુર્લભ અમંગળ સંયોજનો દેખાઇ રહ્યાં છે. બેન્ચમાર્ક ઇન્ડેક્સે હાલમાં જ, સપ્ટેમ્બર ડેરિવેટિવ્ઝ સિરીઝમાં તેની પચ્ચીસ વર્ષની સૌથી કંગાળ વિક્રમી કામગીરીનું પ્રદર્શન કર્યું હતું. આ તરફ વિદેશી ફંડોએ છ મહિનામાં તેમનો સૌથી મોટો માસિક આઉટફ્લો નોંધાવ્યો છે.

ક્રૂડ ઓઇલના ઊંચા ભાવ અને બોન્ડ યિલ્ડના દબાણને કારણે સપ્ટેમ્બરમાં એફપીઆઇએ ભારતીય ઇક્વિટીમાંથી રૂ. ૩૬,૦૦૦ કરોડ પાછા ખેંચી લીધા છે. બજારના વિશ્લેષકો કહે છે કે, એવું જણાય છે કે વિદેશી રોકાણકારોનો એશિયાની ત્રીજી સૌથી મોટી અર્થવ્યવસ્થામાં વિશ્વાસ ઘટી રહ્યો છે, જે સ્થાનિક શેરોમાં ફરી શરૂ થયેલા વેચાણ પરથી સ્પષ્ટ થાય છે. રોકાણકારોને અન્યત્ર વધુ સારી તકો મળી રહી હોય તેવું લાગે છે.

બજારના પીઢ નિરીક્ષકો અનુસાર, રોલઓવર ડેટા સૂચવે છે કે નવી શ્રેણીમાં બેરીશ પોઝિશન આગળ વધારવામાં આવી છે, જેના કારણે નિફ્ટી કોવિડ ક્રેશ દરમિયાન છેલ્લે પરીક્ષણ કરાયેલા લોંગ ટર્મના સપોર્ટ ઝોનની નજીક ધકેલાઇ ગયો છે. સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય પરિબળો જોતાં, આ પરિસ્થિતિમાંથી બેન્ચમાર્ક જલ્દી બહાર નીકળી શકશે એવું હાલ તો જણાતું નથી.

સરવાળે ઓક્ટોબરના તહેવારના મહિનામાં સટોડિયાઓએ તેજીની ઝાઝી આશા રાખવા જેવી નથી અને આગામી દિવસોમાં બજારને મંદી તરફ સતત ધકેલી શકે એવાં એકથી વધુ કારણો બજારના વિશ્લેષકોને દેખાઇ રહ્યાં છે. આવનારા દિવસોની નબળાઇના સૌથી પ્રથમ કારણમાં પાછલા પચ્ચીસ વર્ષમાં સૌથી ખરાબ પ્રદર્શન સાથેની સપ્ટેમ્બર એક્સપાયરીને સ્થાન આપી શકાય.

નિફ્ટીએ તેની ક્વાર્ટર સદીમાં સૌથી કંગાળ કામગીરી સાથે સપ્ટેમ્બર ડેરિવેટિવ્ઝ શ્રેણી નિરાશાજનક ટોન સાથે સમાપ્ત કરી હતી. વેચવાલીનો અવિરત મારો બેન્ચમાર્કને મેઇન લોંગ ટર્મ સપોર્ટ ઝોનમાં ઘસડી ગયો હતો. આ શ્રેણી દરમિયાન ઇન્ડેક્સમાં ૬.૭ ટકાનો જોરદાર ઘટાડો જોવા મળ્યો છે, જે છેલ્લે સપ્ટેમ્બર ૨૦૦૧ની સાલમાં જોવા મળ્યો હતો, જ્યારે તે ૬.૫ ટકા ગબડ્યો હતો.

સપ્ટેમ્બર શ્રેણીમાં નિફ્ટીએ ૧,૪૦૦થી વધુ પોઈન્ટ ગુમાવ્યા છે. ક્રૂડ ઓઇલના ભાવમાં વધારો, રૂપિયાના મૂલ્યમાં સતત ધોવાણ, મજબૂત બનતી જતી બોન્ડ યીલ્ડ અને વિદેશી સંસ્થાકીય રોકાણકારોની એકધારી વેચવાલીને કારણે જોખમ લેવાની ક્ષમતા દબાણ હેઠળ આવી ગઇ છે. જોકે, અમેરિકાના તાજેતરના ઇન્ફ્લેશન ડેટા બાદ જોબ ડેટા પણ નબળા આવવાથી બોન્ડ યિલ્ડમાં શુક્રવારે ૫.૧૭ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો, જેની બજાર પર કામચલાઉ સેન્ટિમેન્ટલ અસર જોવા મળી શકે છે.

બજારના વિશ્લેષકોના મતે પાછલી સિરીઝમાં જોવા મળેલી નબળાઈ, માસિક સમાપ્તિ (મંથલી એક્સપાઇરી) પછી પણ વિસ્તરી રહી છે. નિફ્ટી સતત સાત અઠવાડિયા રેડ ઝોનમાં બંધ થયો છે અને તેજીવાળા શેરબજારની ગાડી પાટે ચઢાવવામાં નિષ્ફળ ગયા હોવાથી ગુરુવારે પૂરા થયેલા પાછલા સપ્તાહને અંતે નિફ્ટી માટે સતત આઠમા સાપ્તાહિક ઘટાડાનો વિક્રમ સર્જાયો છે, જે વર્ષ ૨૦૦૧ પછીનો તેનો સૌથી લાંબો ઘટાડો છે, જ્યારે ઇન્ડેક્સ સતત નવ અઠવાડિયા સુધી ઘટ્યો હતો. આ અઠવાડિયા પહેલાં, પાછલાં ૨૫ વર્ષોમાં નિફ્ટીએ માત્ર ચાર વખત આવો ઘટાડો નોંધાવ્યો હતો. આમાં વર્ષ ૨૦૨૦, વર્ષ ૨૦૦૮ અને વર્ષ ૨૦૦૧માં બે વાર, સતત સાત કે તેથી વધુ સાપ્તાહિક ઘટાડા નોંધાવ્યા હતા.




**શૅરબજારને સતત આઠમા સપ્તાહે મંદીનો ફટકો પડ્યો છે. નિફ્ટીએ ઓક્ટોબર સિરીઝમાં સપ્ટેમ્બર સિરીઝના ૬.૭ ટકાના ઘટાડા સાથે પ્રવેશ કર્યો છે, જે તેની ૨૫ વર્ષમાં સૌથી ખરાબ દશા દર્શાવે છે. એફઆઈઆઈની રૂ. ૩૬,૦૦૦ કરોડની વેચવાલી ઉપરાંત નવી સિરીઝમાં બેરિશ ફ્યુચર્સ પોઝિશનમાં વધારો જોવા મળ્યો છે. ઈન્ડેક્સ તેની ૨૦૦ સપ્તાહની મૂવિંગ એવરેજનું પણ પરીક્ષણ કરી રહ્યો છે, જે ૨૨,૬૦૦ને મુખ્ય ટેકનિકલ સ્તર બનાવે છે. સરવાળે શૅરબજાર તેના ચાહકોના તહેવારોની મજા બગાડે એવા અણસાર મળી રહ્યા છે!**

બજારને મંદી તરફ ધકેલનારું બીજું સૌથી તાત્કાલિક અને અસરકારક કારણ એફઆઇઆઇની વેચવાલી છે. વિદેશી ફંડોનું વેચાણ છ મહિનાની ઊંચી સપાટીએ પહોંચ્યું છે. વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ સપ્ટેમ્બરમાં બે મહિનાના સતત ખરીદીના દોરનો અંત લાવીને ૩૬,૦૦૦ કરોડ રૂપિયાના શેરો ભારતીય શેરબજારમાં ઠાલવી દીધાં, જે પાછલા છ મહિનામાં તેમનો સૌથી મોટો માસિક આઉટફ્લો (ભંડોળનો બાહ્યપ્રવાહ) દર્શાવે છે.

એનએસડીએલના ડેટા અનુસાર, સપ્ટેમ્બરમાં નિફ્ટી-૫૦ અને સેન્સેક્સ બંનેમાં લગભગ ૫.૭ ટકાનો ઘટાડો નોંધાયો હતો, જ્યારે એફપીઆઇનો આઉટફ્લો ૨.૫ લાખ કરોડ રૂપિયાને વટાવી ગયો હતો. આ સ્થિતિમાં જો સુધારો નહીં આવશે તો, વિદેશી રોકાણકારો દ્વારા વાર્ષિક ધોરણે થયેલા આઉટફ્લોનો એક નવો વિક્રમી આંકડો સર્જાશે!

અમેરિકાના દસ વર્ષીય બોન્ડની યિલ્ડ ૫.૨૦ ટકાની આસપાસ હોવાના સંદર્ભમાં, એફઆઇઆઇનું આ વેચાણ એક તર્કસંગત પગલું હોવાનું જણાવતાં માર્કેટ એનાલિસ્ટે જણાવ્યું હતું કે, સપ્ટેમ્બરમાં નિફ્ટીમાં જોવા મળેલો ૫.૬૭ ટકાનો તીવ્ર ઘટાડો મુખ્યત્વે ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ અને યુએસ બોન્ડ યીલ્ડમાં વધારાને કારણે થયો હતો.

આને પરિણામે એફપીઆઇ મોટા પાયે વેચવાલ બન્યા ત્યારે છેલ્લા કેટલાક દિવસોમાં આ ઘટાડો વધુને વધુ તીવ્ર બન્યો હતો. વિદેશી ફંડોને એકતરફ ઊંચી બોન્ડ યિલ્ડ મળી રહી છે અને બીજી તરફ આ વર્ગને ભારતના શેરબજાર અને અર્થતંત્રના વિકાસના આંકડા પરનો ભરોસો ઓછો થતો જાય છે.

આ ઉપરાંત મહત્ત્વના કારણમાં ક્રૂડ ઓઈલના ઊંચા ભાવ અને કડક વૈશ્વિક નાણાકીય નીતિ ઉપરાંત, એફઆઇઆઇએ દક્ષિણ કોરિયા અને તાઈવાન જેવા એઆઇ (આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ) ક્ષેત્રે મજબૂત બજારો તરફ મૂડીનું સ્થળાંતર કર્યું છે, જેના કારણે ભારતીય શેરોમાંથી રેકોર્ડ વાર્ષિક આઉટફ્લો થયો છે.

જોકે, એક વર્ગ એમ પણ માને છે કે, આ ઘટાડાએ સ્થાનિક રોકાણકારો માટે પણ તક ઊભી કરી છે. સારી વૃદ્ધિની સંભાવના ધરાવતી લાર્જ-કેપ કંપનીઓ આકર્ષક વેલ્યુએશન (મૂલ્યાંકન) સ્તરે પહોંચી ગઈ છે. આ વેલ્યૂ બાઇંગની તક છે, નાણાકીય ક્ષેત્રો, ખાસ કરીને મોટી બેંકો, કેપિટલ ગૂડ્સ, ટેલિકોમ અને ઓટોમોબાઈલ ક્ષેત્ર ધ્યાન આપવા જેવા છે.

સટોડિયાઓ ઓક્ટોબરમાં મંદી જોઇ રહ્યા છે. સપ્ટેમ્બર ડેરિવેટિવ્ઝ શ્રેણીમાં વિદેશી રોકાણકારો દ્વારા વ્યાપક વેચાણ અને ભારે બેરીશ પોઝિશન્સ જોવા મળી, કારણ કે લગભગ પચાસ ટકા ફ્યુચર્સ અને ઓપ્શન્સ સ્ટોક્સ લોંગ પોઝિશન સાથે બંધ થયા, જ્યારે ૪૦ ટકાથી વધુ શેરોમાં શોર્ટ્સનો સંગ્રહ જોવા મળ્યો.

રોલઓવર ડેટા સૂચવે છે કે આ બેરીશ પોઝિશન ઓક્ટોબરમાં કેરી ઓવર થઇ છે. નિફ્ટી રોલઓવર ત્રણ મહિનાની સરેરાશ સાથે ૭૪ ટકા પર રહ્યો, જ્યારે બેંક નિફ્ટીનો ૭૯ ટકાનો રોલઓવર તેની સરેરાશ ૭૮ ટકા કરતાં થોડો વધારે હતો.

સપ્ટેમ્બરની શરૂઆતથી નિફ્ટી ફ્યુચર્સના ઓપન ઇન્ટરેસ્ટમાં લગભગ ૩૦ ટકાનો વધારો થયો, જે ટેક્નિકલ એનાલિસ્ટ્સના મતે હેવી શોર્ટસ સૂચવે છે. ઉપલબ્ધ ડેટા અનુસાર વિદેશી સંસ્થાકીય રોકાણકારોના નેટ ઇન્ડેક્સ ફ્યુચર્સ શોર્ટસ અગાઉની એક્સપાયરીના સમયે ૧૮૪,૦૦૦થી વધીને લગભગ ૨૬૭,૦૦૦ કોન્ટ્રાક્ટ થયા છે.

એક સ્ટોક બ્રોકિંગ ફર્મની આંકડાકીય માહિતી અનુસાર એફઆઇઆઇનો નેટ ઇન્ડેક્સ-ફ્યુચર્સ ઓપન ઇન્ટરેસ્ટ લગભગ ૨૬૭,૦૦૦ કોન્ટ્રેક્ટ હતો, જે સિરીઝની શરૂઆતમાં જોવા મળેલા ઉચ્ચતમ સ્તરોમાંનો એક છે. સપ્ટેમ્બર શ્રેણીમાં નિફ્ટી ફ્યુચર્સ ૬.૫૬ ટકાના ઘટાડા સાથે બંધ થયો. રોલઓવર એક્ટિવીટી સરેરાશથી નીચે ૭૪.૨૯ ટકા રહી, જે અગાઉની શ્રેણીમાં ૭૭.૩૯ ટકા અને ત્રણ મહિનાની સરેરાશ ૭૪.૪૯ ટકા હતી. અનિશ્ચિતતા અને વધેલી અસ્થિરતા વચ્ચે નીચું રોલઓવર સાવચેતીભર્યું વલણ દર્શાવે છે.

આ તમામ ટેક્નિકલ પાંસાને બાજુએ મૂકીને સરળ ભાષામાં તર્કસંગત દૃષ્ટિકોણ સાથે જોઇએ તો ઇરાન અને અમેરિકા વચ્ચેની જંગ વહેલી સમાપ્ત થાય એવા કોઇ અણસાર હાલ તો જણાતાં નથી. આ સ્થિતિમાં સ્ટ્રેઇટ ઓફ હોર્મુઝ ખુલશે નહીં અને ક્રૂડ ઓઇલનો પુરવઠો પૂર્વવત્ થાય એવા કોઇ સંકેત ના હોવા સાથે તેના ભાવમાં સતત વધારો સંભવ છે. આ એકમાત્ર પરિબળ પણ શેરબજારને તેજી તરફ આગળ વધતાં અવરોધવા પર્યાપ્ત છે! ■

---

feedback@bombaysamachar.com

પ્રાસંગિક

અમૂલ દવે

## ઇરાકમાં અમેરિકાની પીછેહઠ: પશ્ચિમ એશિયામાં અનિશ્ચિતતા વધશે...



**વિદેશ** નીતિમાં પશ્ચિમ એશિયા (મધ્ય પૂર્વ) હંમેશાં વ્યૂહાત્મક રીતે અત્યંત મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર રહ્યું છે. ઇરાક અને સિરિયા જેવા દેશોમાં અમેરિકન સૈન્યની હાજરી દાયકાઓથી ચાલી રહી છે. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનલ્ડ ટ્રમ્પે પોતાના પ્રથમ કાર્યકાળથી જ ‘અમેરિકા ફર્સ્ટ’ નીતિ હેઠળ આ ક્ષેત્રમાંથી પોતાના દળોને પાછા ખેંચવાની હિમાયત કરી છે. ટ્રમ્પનું માનવું છે કે વિદેશી ભૂમિ પર ચાલતા અનંત યુદ્ધોમાં અમેરિકી સૈનિકોના જીવ અને દેશના સંસાધનોનો દુરુપયોગ બંધ થવો જોઈએ, પરંતુ જો અમેરિકા આ ક્ષેત્રમાંથી પોતાનું સૈન્ય સંપૂર્ણપણે પાછું ખેંચી લે તો તેની પશ્ચિમ એશિયાના રાજકીય, સુરક્ષા અને આર્થિક સમીકરણો પર ખૂબ મોટી અને ઊંડી અસરો પડી શકે છે. આ નિર્ણયની ગંભીરતાને સમજવા માટે ઇરાક અને સિરિયાના ભૂતકાળ અને વર્તમાન સ્થિતિને ધ્યાનમાં લેવી જરૂરી છે.

વર્ષ ૨૦૦૩માં અમેરિકાએ સામૂહિક વિનાશના હથિયારો (WMD)નો આરોપ મૂકીને ઇરાક પર આક્રમણ કર્યું અને સદ્દામ હુસૈનના શાસનનો અંત આણ્યો. જોકે, ત્યાંથી કોઈ મોટા પાયે આવાં હથિયારો મળ્યા નહીં, પરંતુ આ યુદ્ધે ઇરાકમાં ભયાનક અરાજકતા અને શૂન્યાવકાશ સર્જ્યો. સુન્ની અને શિયા સમુદાયો વચ્ચે વૈમનસ્ય વધ્યું, જેણે અલ-કાયદા અને પાછળથી આઇએસઆઇએસ (ISIS) જેવા અત્યંત હિંસક આતંકવાદી જૂથોના ઉદય માટે ફળદ્રુપ જમીન પૂરી પાડી. ૨૦૧૪ સુધીમાં આઇએસઆઇએસે ઇરાક અને સિરિયાના મોટા વિસ્તારો પર કબજો જમાવી લીધો હતો. અમેરિકાએ હવાઈ હુમલા અને મર્યાદિત સ્થાનિક દળોના સહયોગથી આઇએસઆઇએસને બેકફૂટ પર ધકેલી દીધું, પરંતુ આ સંગઠનના અવશેષો આજે પણ ઇરાક અને સિરિયામાં સક્રિય રહીને અવારનવાર હુમલા કરે છે.

ઇરાકની વર્તમાન સ્થિતિ ત્રિશંકુ જેવી છે, જ્યાં ઈરાન-સમર્થિત શિયા મિલિશિયા, સુન્ની ઉગ્રવાદી તત્ત્વો અને સ્વાયત્તતાની માગ કરતા કુર્દ જૂથો વચ્ચે સત્તાની ખેંચતાણ ચાલે છે. બીજી તરફ, સિરિયામાં પણ સત્તાના સમીકરણો અત્યંત જટિલ બન્યા છે. સિરિયામાં હાલમાં જ થયેલા રાજકીય પરિવર્તનોમાં એવા નેતાઓ પણ મુખ્ય ભૂમિકામાં આવ્યા છે, જેમનું ભૂતકાળમાં ઉગ્રવાદી જૂથો સાથે જોડાણ રહ્યું છે. આ સમગ્ર પરિસ્થિતિ વચ્ચે અફઘાનિસ્તાનમાંથી અમેરિકી સૈન્યની ઉતાવળી વાપસી અને ત્યારબાદ તાલિબાનના સત્તા પરના કબ્જાનું ઉદાહરણ વિશ્વ સમક્ષ તાજું છે.

જો અમેરિકા ઇરાક અને સિરિયામાંથી સૈન્ય પાછું ખેંચવાનો નિર્ણય અમલમાં મૂકે તો તેની પાંચ મુખ્ય અસર જોવા મળી શકે છે. પ્રથમ : સુરક્ષાનો મોટો શૂન્યાવકાશ સર્જાશે. અમેરિકી દળોની હાજરી આઇએસઆઇએસ જેવા સંગઠનો પર અંકુશ રાખવા માટે મહત્ત્વની હતી, જેના અભાવે આતંકવાદી જૂથો ફરી માથું ઊંચકી શકે છે. બીજું : વિદેશમાં ઈરાનનો પ્રભાવ અભૂતપૂર્વ રીતે વધી જશે. ઇરાક અને સિરિયામાં ઈરાન-સમર્થિત શિયા મિલિશિયા પહેલેથી જ મજબૂત છે, અને અમેરિકાની ગેરહાજરી તેમને વધુ મોકળું મેદાન આપશે. ત્રીજું : પ્રાદેશિક સંતુલન બગડશે. યમનના હૂથી બળવાખોરો, જેમને ઈરાનનું સમર્થન છે, તે લાલ સમુદ્રમાં વેપારી જહાજો પર હુમલા કરીને વૈશ્વિક વેપાર માટે મોટો ખતરો બની ચૂક્યા છે અને સઉદી અરેબિયા માટે સુરક્ષા પડકાર ઊભો કરી રહ્યા છે. ઈરાનનો વધતો પ્રભાવ સઉદી અરેબિયા અને અન્ય અરબ દેશોની ચિંતામાં વધારો કરશે.

ચોથું : વૈશ્વિક મંચ પર અમેરિકાની વિશ્વસનીયતા પર ગંભીર સવાલો ઊભા થશે. સ્થાનિક સાથીદારો અને કુરદીશ લડવૈયાઓ, જેમણે આઇએસઆઇએસ સામેની લડાઈમાં અમેરિકાનો સાથ આપ્યો હતો, તે પોતાને અસુરક્ષિત અને દગો પામેલા અનુભવશે. અફઘાનિસ્તાનની ઘટના બાદ ઘણા દેશોને ડર છે કે અમેરિકા તેમને મુશ્કેલીના સમયે એકલા છોડી દે છે. પાંચમું : વૈશ્વિક ઊર્જા બજાર પર તેની સીધી અસર પડશે. પશ્ચિમ એશિયા તેલનો મુખ્ય ઉત્પાદક દેશ હોવાથી, જો ત્યાં અસ્થિરતા અને યુદ્ધનો માહોલ સર્જાય તો કાચા તેલના ભાવમાં ભારે ઉછાળો આવી શકે છે, જે વૈશ્વિક અર્થતંત્રને મંદી તરફ ધકેલી શકે છે.

જોકે, આ નિર્ણયની બીજી બાજુ પણ છે. ટ્રમ્પના સમર્થકો અને કેટલાક રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે દાયકાઓથી ચાલેલી અમેરિકી હાજરી સ્થાનિક સમસ્યાઓનો કાયમી ઉકેલ લાવી શકી નથી. પશ્ચિમ એશિયાના દેશોએ પોતાની સાર્વભૌમત્વ અને સુરક્ષાની જવાબદારી પોતે જ ઉપાડવી જોઈએ. અમેરિકા પોતાના કરદાતાઓના નાણાં અને સૈનિકોના જીવ અન્ય દેશોની આંતરિક લડાઈઓમાં હોમી શકે નહીં.

અંતમાં, ટ્રમ્પનો સૈન્ય પાછા ખેંચવાનો નિર્ણય ટૂંકા ગાળે અમેરિકા માટે નાણાકીય ખર્ચ અને જીવનું જોખમ ઘટાડી શકે છે, પરંતુ લાંબા ગાળે તે પશ્ચિમ એશિયાને વધુ અસ્થિરતા, આતંકવાદના પુનરુત્થાન અને પ્રાદેશિક સંઘર્ષ તરફ ધકેલી શકે છે. વિશ્વના વેપાર અને શાંતિ માટે પશ્ચિમ એશિયામાં સ્થિરતા અનિવાર્ય છે, અને આ નિર્ણયનો અમલ કેવી રીતે થાય છે તેના પર જ પશ્ચિમ એશિયાનું ભવિષ્ય નિર્ભર રહેશે. ■

---

આ તો સ્કેમ છે...

સ્કેમ છે..!

પ્રફુલ શાહ

feedback@bombaysamachar.com

## જો બધા જ નિર્દોષ તો પછી કેરલમમાં હાઈડ્રોઈલેક્ટ્રિક કૌભાંડ થયું કેમ?

કેરલમના હાઈડ્રોઈલેક્ટ્રિક સ્કેમ તરીકે બદનામ થયેલા એસ.એન.સી.-લાવાલીન પ્રોજેક્ટ કેસમાં ચર્ચાને ચકડોળે રાજકારણી એટલે પિનરાઈ વિજયન.

૧૯૯૫માં કેરલમના સ્ટેટ ઇલેક્ટ્રિસિટી બોર્ડે કેનેડિયન કંપની એસ.એન.સી.- લાવાલીન સાથે રાજ્યના ત્રણ જૂના હાઇડ્રોઇલેક્ટ્રિક પ્રોજેક્ટના આધુનિકીકરણ માટે કરાર કર્યા હતા. આ પિનરાઈ વિજયન ૧૯૯૬માં લેફ્ટ ડેમોક્રેટિક ફ્રન્ટની સરકાર સત્તામાં આવી ત્યારે વીજ મંત્રી હતા. ૧૯૯૭માં તેમના જ કાર્યકાળ દરમિયાન કરારને આગળ વધારી ઈક્વિપમેન્ટ અને એન્જિનિયરિન્ગ સર્વિસીસ માટેના કરારમાં ફેરવી નાખવા આવ્યો હતો. તેથી આ કેસમાં વિજયનની ભૂમિકા તપાસના બિલોરી કાચ હેઠળ આવી હતી.

પિનરાઈ વિજયન વિરુદ્ધ કેન્દ્રીય તપાસ સંસ્થા સી.બી.આઈ.ની કાર્યવાહી થઈ હતી, પરંતુ અંતે ટ્રાયલ કોર્ટ અને કેરળ હાઈ કોર્ટના તબક્કે તેમને કઈ થયું નહોતું. ત્યાર બાદ સી.બી.આઈ.ની અપીલ સુપ્રીમ કોર્ટમાં ગઈ હતી. આ રીતે કાયદાની રીતે પિનરાઈ વિજયન ભ્રષ્ટાચાર માટે દોષિત ઠર્યા નહોતા.

આ કરાર (કે કહો પરિવર્તિત કરારો)માં પૈસાનો ખૂબ મોટો વિવાદ હતો. આ કરારની મૂળ કિંમત અને અંતિમ ખર્ચ અંગે વિવિધ આંકડા કેસના જુદા તબક્કે સામે આવ્યા જે વીજળીના આંચકા સમાન હતા. એક ન્યાયિક દસ્તાવેજ મુજબ એકમાંથી ત્રણ થયેલા પ્રોજેક્ટ માટે કરારની રકમ આશરે ₹૨૪૩.૪૯ કરોડ હતી, જ્યારે કેરળના સ્ટેટ ઇલેક્ટ્રિસિટી બોર્ડનો ખર્ચ આશરે ₹૩૮૯ કરોડ સુધી ગયો હતો. આજકાલનાં કૌભાંડોના વ્યાપ સામે વધેલો ખર્ચ ચણા-મમરાથી ય ઓછો લાગે ને?



પિનરાઈ વિજયન

જો કે આ કરાર/કરારોમાં સી. બી. આઈ. અને કેગ (કમ્પટ્રોલર ઍન્ડ ઓડિટર જનરલ અર્થાત નિયંત્રક અને મહાલેખા પરીક્ષક)ની તપાસમાં મુખ્ય મુદ્દા અલગ હતા. એક, કરાર પ્રક્રિયામાં નિયમોનું પાલન થયું કે નહીં? બે, જરૂરી ટેકનિકલ સલાહને અવગણવામાં આવી કે નહીં? ત્રણ, ઇક્વિપમેન્ટ અને કન્સલટન્સી માટે વધુ ચુકવણી થઈ કે નહીં? ચાર, કેરળના સ્ટેટ ઇલેક્ટ્રિસિટી બોર્ડને કરારના વચન મુજબ ટેકનોલોજી ટ્રાન્સફર અને તાલીમ મળ્યા કે નહિ? પાંચ, મલબાર કેન્સર સેન્ટર માટે વચન આપેલી આર્થિક સહાયનો કેટલો ભાગ મળ્યો? મલબાર કેન્સર સેન્ટર આ કેસનો એક અસાધારણ અને મહત્ત્વપૂર્ણ ભાગ હતો. આની કરાર પ્રમાણેની વિગત મુજબ કેનેની કંપની એસ.એન.સી.- લાવાલીન તરફથી મલબાર કેન્સર સેન્ટર લગભગ ₹.૯૮.૩ કરોડની ગ્રાન્ટ આપવાની વાત હતી. પરંતુ વચન મુજબની રકમનો મોટો ભાગ મળ્યો નહીં. જોકે કેગના એક અહેવાલ મુજબ ₹૯૮.૩ કરોડના વચનમાંથી ₹૮૯.૩૨ કરોડ મળ્યા નહોતા. શા માટે?

કમ્પટ્રોલર ઍન્ડ ઓડિટર જનરલે સ્પષ્ટ શબ્દોમાં નિરીક્ષણ નોંધ્યું હતું કે કન્સલ્ટન્સી ફી અને અન્ય ફાઇનાન્સિયલ ચાર્જિસની ચુકવણી ટાળી શકાય તેવી હતી છતાં પેમેન્ટ કરાયું હતું.

આ કેસમાં અનેક રાજકારણીઓ સંડોવાયા હતા અને આખરે તેમના પર આરોપો મૂકવામાં આવ્યા હતા. તેમાં ભૂતપૂર્વ મુખ્ય પ્રધાન પિનરાઈ વિજયનનો પણ સમાવેશ થયો હતો. આ કેસ કમ્યુનિસ્ટ પાર્ટી ઑફ ઇન્ડિયા (માર્ક્સવાદી)ના પોલિટબ્યુરોના સભ્ય સામે ભ્રષ્ટાચાર સંબંધિત પ્રથમ ફરિયાદ/કાયદેસરની કાર્યવાહી હતી. જોકે, ૫ નવેમ્બર ૨૦૧૩ના રોજ પિનરાઈ વિજયન અને અન્ય ૬ આરોપીઓને સી.બી.આઈ.ની વિશેષ અદાલતે આરોપોમાંથી અસ્થાયી રીતે મુક્ત કર્યા હતા, કારણ કે ‘સી.બી.આઈ. તેના કોઈપણ આરોપને સાબિત કરી શકી નહોતી.’ ત્યાર બાદ સી.બી.આઈ.એ કેરળ હાઇ કોર્ટમાં અપીલ ચાલુ રાખી. ૨૩ ઓગસ્ટ ૨૦૧૭ના રોજ કેરળ હાઇ કોર્ટે આ કેસમાં ચુકાદો આપ્યો અને પિનરાઈ વિજયનને ફરીથી નિર્દોષ જાહેર કરવામાં આવ્યા. જુલાઈ ૨૦૨૦ સુધીમાં, પિનરાઈ વિજયનની નિર્દોષ મુક્તિ સામે સી.બી.આઈ.ની અરજી ભારતની સુપ્રીમ કોર્ટમાં પેન્ડિંગ હતી.

બેશક કુછ તો ગરબડ હુઈ હૈ. કાયદો પુરાવા અને ગવાહ માંગે છે પણ... આગળનું લખવાનું જરૂરી ખરું? (સંપૂર્ણ)■

હરિશંકર પરસાઈની વ્યંગ-મસ્તી

# મંત્રીજીનું મુંડન કઈ રીતે બની ગયું એક રાષ્ટ્રીય સમસ્યા?

સંજય છેલ
feedback@bombaysamachar.com




–અને પછી ભારત દેશની સંસદમાં એક દિવસ ભારે હોબાળો મચી ગયો. હોબાળાનું કારણ કોઈ રાજકીય સમસ્યા નહોતી, પણ એક મંત્રીજીનું અચાનક મુંડન થઈ ગયું હતું. ગઈકાલ સુધી તો તેમના માથા પર લાંબા વાંકડિયા વાળ હતા અને ખબર પડી કે અચાનક રાતોરાત તેમનું મુંડન થઈ ગયું. નોર્મલ આપણે ત્યાં નેતાઓ દ્વારા પ્રજાનું મુંડન થતું છે પણ આ વખતે એક મંત્રીજીનું મુંડન થઈ ગયું, બોલો!

સંસદ સભ્યો વચ્ચે કાનફૂસી અને ચર્ચાઓ થવા માંડી કે આ મંત્રીજીને શું થઈ ગયું? જાતજાતની અટકળો ચગવા માંડી. એક નેતાએ કહ્યું– ‘કદાચ માથામાં જૂ પડી ગઈ હશે.’ બીજાએ કહ્યું– ‘કદાચ મગજમાં નવા વિચારો ભરવા માટે વાળનો પડદો હટાવી દીધો હશે.’ તો વળી કોઈ અન્ય સંસદ સભ્યએ કહ્યું– ‘કદાચ તેમના પરિવારમાં કોઈનું મૃત્યુ થયું હશે. પણ મંત્રીજી તો પહેલાની જેમ જ ખુશ દેખાતા હતા!’

છેવટે કંટાળીને એક સંસદ સભ્યએ પૂછી જ લીધું કે– ‘અધ્યક્ષ મહોદય! શું હું જાણી શકું છું કે માનનીય મંત્રીજીના ઘરમાં કોઈ ગુજરી ગયું છે?’

મંત્રીજીએ જવાબ આપ્યો– ‘ના.’

સભ્યોએ અટકળ કરી કે– એ લોકોએ તો મંત્રીનું મુંડન નથી કરી નાખ્યું ને, જેમની સામે તે બિલ રજૂ કરવાના હતા?

બીજા એક સભ્યએ પૂછ્યું– ‘અધ્યક્ષ મહોદય! શું માનનીય મંત્રીજીને પોતાને ખબર છે કે તેમનું મુંડન થઈ ગયું છે? જો હા, તો શું તે જણાવશે કે તેમનું મુંડન કોણે કર્યું?’ આ વાત સંસદના રેકોર્ડમાં રહેવું બહુ જરૂરી છે.

મંત્રીજીએ ગંભીરતાથી જવાબ આપ્યો– ‘ના, હું એ નહીં કહી શકું કે મારું ટકલું થયું છે કે નહીં!’

સંસદમાં ઘણાં સભ્યો એકસામટા બરડવા માંડ્યા– ‘થયું છે...ટકલું થયું છે. બધાને દેખાઈ રહ્યું છે!’

મંત્રીજીએ કહ્યું– ‘બધાને દેખાય એનાથી કંઈ સાબિત નહીં થાય. સરકારને દેખાવું જોઈએ. દેશ હિતમાં સરકારે આ વાતની તપાસ કરવી જોઈએ કે મારું મુંડન થયું છે કે નહીં.’

એક સભ્યએ કહ્યું– ‘આમાં તપાસ શું કરવાની? એના કરતાં મંત્રી મહોદય પોતે જ પોતાના માથા પર હાથ ફેરવીને જોઈ લે તો ખબર પડી જશે.’

મંત્રીજીએ જવાબ આપ્યો– ‘હું મારો હાથ માથા પર ફેરવીને બિલકુલ નહીં જોઉં. સરકાર આ બાબતમાં ઉતાવળ નથી કરતી. પણ હું વચન આપું છું કે મારી સરકાર આ અંગે વિસ્તૃત તપાસ કરાવીને તમામ તથ્યો ગૃહ સમક્ષ રજૂ કરશે. આ માટે સરકાર એક તપાસપંચની નિમણૂક કરશે.’

સંસદ સભ્યો ગુસ્સામાં બૂમાબૂમ કરવા લાગ્યા– ‘તપાસની શી જરૂર છે? માથું તમારું છે અને હાથ પણ તમારો છે! પોતાના જ હાથને પોતાના માથા પર ફેરવવામાં મંત્રી મહોદયને શું વાંધો?’

મંત્રીજી બોલ્યા– ‘હું સભ્યો સાથે સહમત છું કે માથું મારું છે અને હાથ પણ મારા છે. પણ એક મંત્રી તરીકે મારા હાથ ભારતીય પરંપરાઓ અને બંધારણની નીતિઓથી બંધાયેલા છે. હું મારા માથા પર હાથ ફેરવવા માટે સ્વતંત્ર નથી. સરકારની એક કાયદેસરની સિસ્ટમ હોય છે. વિરોધી સભ્યોના દબાણમાં આવીને એ નિયમોનો ભંગ હું ન કરી શકું. હું સંસદમાં આ અંગે એક નિવેદન આપીશ.’

એ સાંજે મંત્રી મહોદયે સંસદમાં નિવેદન આપ્યું– ‘અધ્યક્ષ મહોદય, સંસદમાં એ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો હતો કે મારું મુંડન થયું છે કે નહીં? જો થયું છે, તો કોણે કર્યું છે? આ પ્રશ્નો ખૂબ જ જટિલ છે. અને આના પર સરકાર ઉતાવળમાં કોઈ નિર્ણય ન લઈ શકે. હું એ ન કહી શકું કે મારું મુંડન થયું છે કે નહીં. જ્યાં સુધી પૂરી તપાસ ન થઈ જાય, ત્યાં સુધી સરકાર આ અંગે કંઈ ન કહી શકે. મારી સરકારે ત્રણ વ્યક્તિઓની એક તપાસ સમિતિ નીમે છે, જે મારા મુંડન અંગે બાબતની તપાસ કરશે અને એનો રિપોર્ટ હું સંસદમાં રજૂ કરીશ.’

સંસદ સભ્યોએ કહ્યું– ‘મંત્રીજીના મુંડનનો વિષય કઈ તાજમહાલ કે કુતુબમિનાર નથી જે સદીઓ સુધી ચાલ્યા જ કરે. આ એમના વાળનો મામલો છે. વાળ તો હંમેશાં વધતા રહે ને કપાતા રહે. એટલે જ મંત્રીજીના મુંડનનો તરત નિર્ણય થવો જોઈએ.’

મંત્રીજીએ જવાબ આપ્યો– ‘કુતુબમિનાર સાથે આપણા વાળની સરખામણી કરીને તેનું અપમાન કરવાનો અધિકાર સભ્યોને નથી. જ્યાં સુધી મૂળ સમસ્યાનો સવાલ છે, સરકાર તપાસપંચના રિપોર્ટ પહેલાં કંઈ કહી શકે નહીં.’

રાબેતા મુજબ તપાસપંચ વર્ષો સુધી તપાસ કરતું રહ્યું ને બીજી બાજુ મંત્રીજીના માથાના વાળ વધતા રહ્યા.

એક દિવસ મંત્રીજીએ તપાસપંચનો રિપોર્ટ સંસદ સમક્ષ રજૂ કર્યો. તપાસપંચનો નિર્ણય હતો કે– મંત્રીનું મુંડન થયું જ નહોતું.

સત્તાધારી પક્ષના સભ્યોએ હર્ષધ્વનિ અને તાળીઓથી આ નિર્ણયનું સ્વાગત કર્યું. બીજી બાજુ સંસદમાં ‘શરમ કરો..શરમ કરો’ના અવાજો ઊઠ્યા. વિરોધ દર્શાવતા અવાજો ઊઠયા– આ હળાહળ જુઠ્ઠું છે! મંત્રીનું મુંડન થયું જ હતું.

મંત્રીજી સ્મિત સાથે ઊભા થયા અને બોલ્યા– ‘એ તમારો પોતાનો વિચાર હોઈ શકે પણ પુરાવા તો જોઈએ ને! તમે પુરાવો આપી દો, તો હું તમારી વાત માની લઈશ.’

આમ કહીને મંત્રીજીએ પોતાના વાંકડિયા વાળ પર હાથ ફેરવ્યો અને દેશના ને સંસદના અન્ય મુદ્દાઓ ઉકેલવામાં વ્યસ્ત થઈ ગયા. ■

અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી feedback@bombaysamachar.com

## કેટલી વીસે સો થાય: બાળ ગણિતનો દાખલો

‘કેટલી વીસે સો થાય’ એ કહેવતનો ભાવાર્થ કોઈ કામ કઈ રીતે પાર પાડવું તેની યોગ્ય સમજ પડવી એવો થાય છે. જોકે, ઉડાઉ સંતાનને પૈસાની કિંમત સમજાવવા વડીલો ‘કમાવા જા તો ખબર પડે કે કેટલી વીસે સો થાય એ ખબર પડે’ એમ કહેતા. આજના બદલાયેલા યુગમાં સંતાનને પૈસાનું મહત્ત્વ અને એનું મૂલ્ય સમજાવવા પર જોર અપાય છે.

યુએસના ફ્લોરિડામાં રહેતી એક મહિલા સાત વર્ષના પુત્રને કેટલી વીસે સો થાય છે એનો ખ્યાલ કઈ રીતે આપે છે એ જાણવા - સમજવા જેવું છે. મહિલા જણાવે છે કે ‘મારા સાત વર્ષના પુત્રએ રોજ અમુક કામ કરવાના હોય છે. બધાં કામ સમયસર પૂરાં થઈ જાય તો મહેનતાણા પેટે તેને દિવસનો એક ડૉલર આપું છું.’ આ દૈનિક કામમાં બેડ પર ચાદર પાથરવી, બ્રશ કરવું, પોતાનું બાથરૂમ સાફ કરવું અને પોતાના મેલા કપડાં લોન્ડ્રી બિનમાં મૂકવાનો સમાવેશ છે. મહિનો પૂરો થાય એટલે ઈલેક્ટ્રિસિટીના બે ડૉલર, ઈન્ટરનેટ વાપરવાના બે ડૉલર, ભાડા પેટે પાંચ ડૉલર સંતાને ચૂકવવાના. બધા બિલ ચૂકવાઈ ગયા પછી બચત કરવી હોય તો કેટલી કમાણી કરવી પડે એનો ખ્યાલ તેને આવે છે. જો કોઈ મહિને એ ભાડું ન ભરી શકે તો બીજે મહિને એ ભરપાઈ કરવાનું હોય છે. આ તે કેવી મા એવો વિચાર તમને આવી શકે છે. પૈસાની ઉઘરાણી વિશે મા સ્પષ્ટતા કરે છે કે ‘આ પૈસા હું એના સેવિંગ્સ અકાઉન્ટમાં જમા કરું છું. દીકરાને પોતાની જવાબદારીનું ભાન થવાની સાથે પૈસાનું મૂલ્ય સમજાય છે મને એનો આનંદ છે.’



## ખંજવાળો ને ધનપ્રાપ્તિ કરો!



ખંજવાળ આમ તો ત્વચાની તકલીફ છે, બીમારી છે. આંગળીમાં ખંજવાળને અંધશ્રદ્ધા સાથે નિસબત હોવાનું કહેવાય છે. જોકે, હથેળીમાં ખંજવાળ આવે એને ધનપ્રાપ્તિનો ઈશારો સમજવામાં આવે છે, પણ અન્ય કોઈને ખંજવાળીને ધન પ્રાપ્તિ કરી શકાય એવો અજબ ચીનનો ગજબ દાખલો જોવા મળ્યો છે. કૃત્રિમ બુદ્ધિમત્તા - આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સના- AI કાળમાં માનવ બુદ્ધિ - હ્યુમન ઈન્ટેલિજન્સે પૈસા કમાઈ લેવાનો એક એવો કીમિયો શોધી કાઢ્યો છે કે કોઈની પણ બુદ્ધિ બહેર મારી જાય. ચીનમાં ઝેન્ગ સિયાઓચાઓ નામના એક ૩૨ વર્ષીય બિઝનેસમેનએ એક વિશિષ્ટ સર્વિસ શરૂ કરી છે. આપણે ત્યાં નાનું બાળક રડતું હોય કે અકળાતું હોય તો એને પંપાળી શાંત પાડવાની પ્રથા હતી. પંપાળવાથી બાળકને માનસિક રાહત મળે અને એટલે એ શાંત થઈ જાય એ એની પાછળની સમજણ છે. પણ મોટેરા અકળાયા હોય, ટેંશનમાં હોય કે અસ્વસ્થ હોય તો શું કરે? કોઈ બે પેગ લગાવે, કોઈ મેડિટેશન કરે તો કોઈ વળી ત્રીજો - ચોથો રસ્તો અપનાવે. ઝેન્ગ ભાઈએ તો લોકોને તણાવમુક્ત કરવા નવો રસ્તો જ નહીં, આખેઆખી નવી સડક તૈયાર કરી છે. ગ્રાહકોને હળવેથી ખંજવાળી તણાવમુક્ત કરવામાં આવે છે. પરંપરાગત બોડી મસાજના વિકલ્પ તરીકે શરૂ કરાયેલો આ અનોખો બિઝનેસ લોકોને ખૂબ પસંદ આવી રહ્યો છે. ગ્રાહકે સૅલોંમાં આવી પેટ સરસા સૂઈ જવાનું. ભાઈસાહેબ પ્લાસ્ટિકના નખ પહેરી પીઠ પર ખંજવાળે. એક કલાક ખંજવાળવાના ૩૦૦ યુઆન (આશરે ૪૩૦૦ રૂપિયા) ચાર્જ કરે. આ અનોખા મસાજથી સ્ટ્રેસ ઓછું થાય અને ઊંઘ સારી આવે એવો દાવો મિસ્ટર ખંજવાળ કુમાર દ્વારા કરવામાં આવ્યો છે. આજની તારીખમાં ઝેન્ગ બે સૅલોં ચલાવી મહિનેદાડે એક લાખ યુઆન (આશરે ૧૪.૫ લાખ રૂપિયા) કમાય છે. આ બિઝનેસમાં બહુ સ્કોપ હોય એવું લાગતું હોવાથી સમગ્ર દેશમાં ૧૦૦ લોકેશન પર બ્રાન્ચ ખોલવાનો પ્લાન બનાવ્યો છે. આ રીતે ધનપ્રાપ્તિની જબરદસ્ત ખુજલી ઉપડી છે આ ચાઇના મેનને.

## આગળથી કોડીનું પાછળથી કોટિનું



Never judge a book by its cover - કોઈ પુસ્તકનું બહારનું કવર સાવ સાદું હોય પણ એની અંદર રહેલું જ્ઞાન અદ્‌ભુત હોય એવું બને. બાહ્ય દેખાવ ભ્રામક હોઈ શકે છે: કોઈ વ્યક્તિ દેખાવમાં સાદી કે સામાન્ય લાગતી હોય, પણ તે ખૂબ જ હોશિયાર, દયાળુ કે ગુણવાન હોઈ શકે છે એ આ કહેવતનો ભાવાર્થ છે. વ્યક્તિ કે વસ્તુના માત્ર બાહ્ય દેખાવ કે પહેરવેશ પરથી તેનું મૂલ્ય કે ગુણવત્તા નક્કી ન કરવી જોઈએ. દીદાર છેતરામણા હોઈ શકે છે. જોકે, અસલી ચહેરો તળેટી પરથી શિખર પર બેસાડી દે એવી અજબ ઘટના આ ગજબ દુનિયામાં બની છે. આનો એક અદ્‌ભુત બનાવ યુએસના મિશિગન રાજ્યમાં બન્યો છે.

કાયમ અલાયદી વસ્તુની ખોજમાં નીકળતા એક કળાપ્રેમી સંગ્રહકર્તાને વિનાઇલ રેકોર્ડ્સ ખરીદવાની ઈચ્છા થઈ. સ્થળ પર અચાનક એની નજર એક જૂની પેન્ટિંગ પર પડી. દેખાવમાં સામાન્ય લાગતી આ કલાકૃતિ હાથમાં પકડી આગળ પાછળ નજર કરતા ચોંકી ગયો. ૩૦ ડૉલર (આશરે ૨૮૦૦ રૂપિયા) આપીને તરત ખરીદી લીધી. એ પેન્ટિંગની પાછળ ગર્ટ્રુડ એબરક્રોમ્બીનું નામ લખેલું હતું. કલારસિક કલેક્ટર અમેરિકન પેન્ટર એબરક્રોમ્બીની ખ્યાતિથી એની કલાકૃતિઓથી વાકેફ હતો.૧૯૫૧માં તેણે તૈયાર કરેલી ‘એલ્ડરમેન મેરિયમ્સ શેલ્સ’ નામની કલાકૃતિ ૭૦ વર્ષથી વધુ સમયથી જાહેર જનતાની નજરથી ગાયબ હતી, જે અચાનક નજરે પડી હતી. કલેક્ટર મૂલ્યવાન વસ્તુ હાથ લાગતા રાજી રાજી થઈ ગયો. ન્યૂ યોર્ક ખાતે ફ્રીમેન્સ ઓક્શન્સમાં આ પેન્ટિંગ ૧૩,૫૨,૬૦૦ ડૉલર (આશરે ૧૨ કરોડ ૮૦ લાખ રૂપિયા) માં વેચાયું. પલટ કે દેખા તો લકને પલટી મારા એ આનું નામ. એટલે જ કહે છે ને કે ‘ચેહરા ક્યા દેખતે હો, દિલ મેં ઉતરકર દેખો ના...’

## પોલીસ ચોર? ના, ચોર પોલીસ



નાનપણમાં તમે કદાચ ચોર - પોલીસની રમત રમ્યા હશો. બાળકોની આ નિર્દોષ રમતમાં કેટલાંક બાળકો ચોર બને છે અને બાકીના પોલીસ બને છે. આ રમત દ્વારા બાળકોને પોલીસ કાયદાનું રક્ષણ કરે છે એ સમજાવવાનો રહેતો. જોકે, એકવીસમી સદીમાં ક્યારેક એવા બનાવ બને છે કે પોલીસ ચોર છે કે ચોર પોલીસ છે એ સમજાય જ નહીં. કાર પર પોલીસ લખ્યું હોય પણ અંદર ચોર બેઠો હોય એવું થાય તો બહુ નવાઈ નથી લાગતી. શ્રી રામના પુત્રો લવ - કુશનો જન્મ થયો હતો એવી પૌરાણિક કથા જોડાઈ છે એ ઉત્તર પ્રદેશના બાગપત જિલ્લામાં તાજેતરમાં બનેલી ઘટના પોલીસના સ્વાંગમાં ચોરની વાતને સમર્થન આપે છે. સોશ્યલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયોમાં દિલ્હી-દેહરાદૂન એક્સપ્રેસવે પર ‘POLICE’ લખેલી કારમાંથી ખુલ્લેઆમ ચોરી કરવાનો એક વિચિત્ર અને રહસ્યમય કિસ્સો સીસીટીવીમાં કેદ થયો છે. કાયદાના રક્ષકનું સ્ટીકર લગાવીને સરકારી સંપત્તિની ચોરી કરતો આ વાયરલ વીડિયો લોકોમાં ભારે આશ્ચર્ય અને ચર્ચા જગાવી રહ્યો છે. આ આખાય મામલામાં સૌથી આશ્ચર્યજનક વાત એ છે કે કારમાંથી એક અજાણ્યો શખ્સ ઊતરી હાઇવેની વચ્ચે ડિવાઇડર પર બેસાડવામાં આવેલા સુંદર છોડને જડમૂળથી ઉખાડી કારની ડિક્કીમાં મૂકીને રફુચક્કર થઈ જાય છે. ટૂંકમાં આ રીતે હરિયાળી ચોરી જતા આ ‘વીઆઈપી ચોર’ની હરકત પર લોકો ગુસ્સો ઠાલવી રહ્યા છે. આ મામલે કોઈ સત્તાવાર ફરિયાદ નોંધાઈ નથી, પરંતુ વીડિયોના આધારે બાગપત પોલીસે ચકાસણી શરૂ કરી દીધી છે. ચોર પોલીસ ટાઈટલને એક અલાયદો અર્થ પ્રાપ્ત થયો છે. અજબ ચોરની ગજબ ચોરી, બીજું શું!

## લ્યો કરો વાત

*આગામી રવિવારથી શરૂ થતા નવરાત્રિનો મહિમા અનેરો છે. ઉત્સાહથી એની ઉજવણી થાય છે. હિમાચલ પ્રદેશની સુંદર કુલ્લુ ખીણમાં આવેલા ધલપુર મેદાન ખાતે ખૂબ જ ધામધૂમથી મનાવવામાં આવતો કુલ્લુ દશેરા તહેવાર ભારતભરમાં ઉજવાતા પરંપરાગત દશેરા કરતા તદ્દન અલગ અને અનોખો આંતરરાષ્ટ્રીય સ્તરનો તહેવાર છે. દેશના અન્ય ભાગોમાં વિજયાદશમીના દિવસે દશેરાની ઉજવણી પૂર્ણ થાય ત્યારે કુલ્લુમાં આ ભવ્ય ઉત્સવની શરૂ થઈ સતત ૭ દિવસ ચાલે છે. દેશના અન્ય ભાગોની જેમ અહીં રાવણ, કુંભકર્ણ કે મેઘનાદના પૂતળાનું દહન કરવામાં આવતું નથી. તેના બદલે ઉત્સવના અંતે લંકા દહનના પ્રતીક રૂપે વ્યાસ નદીના કિનારે સૂકું ઘાસ અને ઝાડીઓ સળગાવવામાં આવે છે. આ ઉત્સવની એક ખાસિયત એ છે કે આમાં આસપાસની ખીણો અને ગામડાઓમાંથી આશરે ૩૦૦થી વધુ સ્થાનિક દેવી-દેવતાઓને સજાવેલી પાલખીઓમાં અહીં લાવવામાં આવે છે. મનાલીથી હિડિમ્બા દેવી પણ આ ઉત્સવમાં ખાસ પધારે છે.* ■

feedback@bombaysamachar.com

કચ્છી ચોવક

# કર્મ કરીએ તો જ સપનાં સાકાર થાય!

કિશોર વ્યાસ



ઘણા ભણેલા-ગણેલા, ડાહ્યા, ચતુર અને વળી હોશિયાર ગણાતા લોકો સામાન્ય રીતે પોતાનાં કામ આયોજનપૂર્વક તેમ જ ગણતરીપૂર્વક કરતા હોય છે. એ સારી વાત છે કે, આયોજન વખતે તેમાં પણ ગણતરી જરૂરી હોય છે. પણ, હું અહીં જે ચોવક મૂકવા માગું છું, તેમાંથી ભાવાર્થ એવો નીકળે છે કે, ગણતરીબાજ ગણાતાં લોકો હજુ ગણતરી જ કરતા હોય છે, પરંતુ ત્યાં સુધીમાં તેમની પંક્તિમાં ન આવા લોકો એજ પ્રકારનું કામ પૂરું કરી નાખતા હોય છે! સરસ ચોવક છે, તેમના માટે, વળી દ્વી અર્થી પણ છે: ‘ડાઈયૂં ડીં લેખીયેં, ચરઈયૂં છોરા જણીંયે’ આ ચોવકનો શબ્દાર્થ એવો થાય છે કે, ડાહી સ્ત્રીઓ (અહીં પ્લાનિંગ કરતી) હજુ દિવસો જ ગણતી હોય, ત્યાં સુધી ‘ચરઈયૂં’ એટલે કે, ખરેખર પાગલ નહીં પણ સામાન્ય કક્ષાનું જીવન જીવતી સ્ત્રીઓને ત્યાં પારણાં ઝૂલતાં થઈ જાય છે! ‘ડાઈયૂં’ એટલે ડાહી, ‘ડીં’ એટલે દિવસ, ‘છોરા’ એટલે સંતાન અને ‘જણીંયે’નો અર્થ થાય જન્મ આપવો! છે, ને ગજબની ચોવક? કહેવું છે કંઈક અને માધ્યમ બનાવે છે સ્ત્રીના જણતરને!

કચ્છના કયા વિસ્તારમાં મોસમનો પહેલો વરસાદ વરસે તો તે શુકન કે અપશુકન ગણાય તેવી અનુભવ અને અભ્યાસ પર આધારિત ચોવક છે: **‘કંઠી વસે કરવડો, વાગડ વસે ડુકાર, જ વસે ગેડો ત કચ્છ તેં અલીલ સુગાર’** કચ્છમાં કાંઠાળ વિસ્તારના અમુક ભાગને ‘કંઠીપર’ કહે છે વાગડ વિસ્તારથી તો આપણે સૌ પરિચિત છીએ જ, એજ રીતે અબડાસા તાલુકાનો ચોક્કસ વિસ્તાર ‘ગેડોપટ’ તરીકે ઓળખાય છે. ચોવક એમ કહેવા માગે છે કે, જો ‘કંઠીપટ’માંથી વરસાદ શરૂ થાય તો વરસ સામાન્ય રહે, અને જો વરસાદનો પ્રારંભ વાગડથી થાય તો દુષ્કાળ પડવાની દહેશત રહે! પણ જો ‘ગેડોપટ’થી ચોમાસું શરૂ થાય તો કચ્છ આખું લીલુંછમ્મ બની જાય! પણ હવે વરસાદ ચોવકને ગાંઠતો હોય તેવું લાગતું નથી!

આર્દ્રા નક્ષત્ર વરસાદની ઋતુ દરમિયાન જ આવે છે, પરંતુ કચ્છના લોકોને એ નક્ષત્રના વરસાદ પર બહુ ભરોસો નથી હોતો. એમ કહેવાય છે કે, **‘આધર કરે સાધર’** મતલબ કે આ નક્ષત્રમાં ધરતીને ધરવ થાય તેવો વરસાદ ન વરસે. તો વળી, ‘ઉતરા’ નક્ષત્ર માટે એમ કહેવાય છે કે, **‘ઉતરા ત બધો જોતરા’** ‘બધો’ એટલે બાંધો, અને ‘જોતરા’નો અર્થ થાય છે, ‘જોતરો’. એ નક્ષત્રમાં પડતા વરસાદથી પાક સારો થાય છે. એવું જ પાછું ચિત્રા નક્ષત્ર માટે પણ કહેવાય છે: **‘ઘેલી ચિત્રા કરે ખેલ, બરે બેપોરે આંણે રેલ’** ચિત્રાના વરસાદને ઘેલો વરસાદ કહે છે. એ એવો ખેલ રચે કે, બળબળતા બપોરે પણ પાણી વહી નીકળે! આ નક્ષત્રમાં પણ જો વરસાદ પડે તો વરસ સારું જાય તેવો અર્થ અહીં અભિપ્રેત છે.

જોકે હવે ઋતુ પ્રમાણે વરસાદનું ચક્ર ચાલતું નથી, પણ વરસાદને નક્ષત્રો સાથે જોડીને પણ કચ્છના પૂર્વજોએ ચોવકો રચી છે!

ખેર! કર્મની ગતિ ન્યારી એવું આપણે ગુજરાતી અને હિંદીમાં પણ બોલતા હોઈએ છીએ. એજ વાત ચોવક આ રીતે કહે છે: **‘હજાર કર્યો હીલા, ૫ કરમ વગર કોડી ન મિલે’** લાખ ધમપછાડા કરો પણ કર્મની ગત મહાન છે કપાળે લખ્યું ન હોય તો ‘કોડી’ પણ ન મળે! મર્યાદા બાંધી આપતી એક ચોવક છે: **‘હિકડે સોંણે રાત ન વિંજે’** શબ્દાર્થ છે કે, એક જ સપને રાત ન જાય. પરંતુ ભાવાર્થ એવો થાય છે કે, જીવન જીવવા માટે માત્ર સપનાં ન જોવાય. એ સાકાર કરવા કર્મ પણ કરતા રહેવું પડે. ■

feedback@bombaysamachar.com

મગજ મંથન

વિઠ્ઠલ વઘાસિયા

## વૃક્ષો જેટલા પ્રમાણમાં વાવવામાં આવે છે, તેટલા પ્રમાણમાં ઉછેરવામાં આવતાં નથી

# વૃક્ષારોપણનો ફોટો એક દિવસ માટે યાદ રહે છે, પરંતુ ઉછેરેલું વૃક્ષ પેઢીઓ સુધી યાદ રહે છે

‘વૃક્ષ વાવવું એ શરૂઆત છે, તેને ઉછેરવું એ સંકલ્પ છે અને તેને મોટું કરવું એ સાચી પર્યાવરણ સેવા છે.’



આજના સમયમાં પર્યાવરણ બચાવવાની આ પ્રકારની વાતો ખૂબ થાય છે. વિશ્વ પર્યાવરણ દિવસ આવે ત્યારે વૃક્ષારોપણના કાર્યક્રમો યોજાય છે, શાળાઓમાં વિદ્યાર્થીઓ વૃક્ષો વાવે છે, સામાજિક સંસ્થાઓ દ્વારા રોપાઓનું વિતરણ થાય છે, સરકારી તંત્ર દ્વારા વૃક્ષારોપણના આંકડા જાહેર થાય છે અને અનેક સ્થળોએ ફોટોગ્રાફ્સ સાથે વૃક્ષારોપણની ઉજવણી પણ થાય છે, પરંતુ એક મૂળભૂત પ્રશ્ન આપણા અંતરાત્માને પૂછવો જરૂરી છે-જે પ્રમાણમાં વૃક્ષો વાવવામાં આવે છે તે પ્રમાણમાં ખરેખર ઉછેરવામાં આવે છે ખરાં?

વૃક્ષારોપણની સંખ્યા કરતાં વૃક્ષોના અસ્તિત્વની સંખ્યા વધુ મહત્ત્વની છે. એક દિવસમાં એક હજાર રોપા વાવી દેવા કરતાં એક વર્ષમાં સો રોપા ઉછેરીને વૃક્ષ બનાવી દેવા એ પર્યાવરણ માટે વધારે મોટી સિદ્ધિ છે.

રોપો વાવવો સહેલો છે- તેને જીવંત રાખવો અઘરો છે. વૃક્ષારોપણના દિવસે ખાડો ખોદવો, રોપો વાવવો, પાણી રેડવું અને ફોટો પડાવવો - આ બધું થોડા કલાકોમાં થઈ જાય છે, પરંતુ પછી શરૂ થાય છે સાચી કસોટી.

રોપાને નિયમિત પાણી જોઈએ, યોગ્ય માટી જોઈએ, ખાતર જોઈએ, પશુઓથી રક્ષણ જોઈએ, નિંદામણ દૂર કરવું પડે, સમયાંતરે માટી ચઢાવવી પડે અને તેની વૃદ્ધિ પર નજર રાખવી પડે. શરૂઆતનાં એક-બે વર્ષ રોપા માટે અત્યંત મહત્ત્વના હોય છે. આ સમયગાળામાં યોગ્ય સંભાળ ન મળે તો અનેક રોપા સુકાઈ જાય છે. એટલે જ કહેવું જોઈએ કે વૃક્ષારોપણ એક દિવસનો કાર્યક્રમ નથી; તે વર્ષો સુધી ચાલતી જવાબદારી છે.

### * આંકડાની રમત નહીં, પરિણામની વાત

ઘણી વખત વૃક્ષારોપણના કાર્યક્રમોનો ભાર ‘કેટલા રોપા વાવવામાં આવ્યા?’ તેના પર હોય છે. પરંતુ સાચો પ્રશ્ન એવો હોવો જોઈએ કે ‘વાવવામાં આવેલા રોપામાંથી કેટલા આજે જીવંત અને વિકસિત વૃક્ષો બન્યાં?’

જો એક સંસ્થા દસ હજાર રોપા વાવે અને થોડા મહિનાઓ પછી તેમાંના મોટા ભાગના રોપા નષ્ટ થઈ જાય, તો દસ હજાર વૃક્ષ વાવ્યાનો આંકડો પર્યાવરણને કોઈ ખાસ લાભ આપતો નથી. બીજી તરફ, કોઈ વ્યક્તિ કે સંસ્થા માત્ર સો રોપા વાવે, પરંતુ સતત સંભાળ રાખીને તેમાંના નેવું રોપાને વૃક્ષ બનાવે તો તેની કામગીરી વધુ અર્થપૂર્ણ છે.

આથી વૃક્ષારોપણના કાર્યક્રમોની સફળતા રોપાની સંખ્યા નહીં, પરંતુ તેના જીવંત રહેવાના પ્રમાણથી માપવી જોઈએ.

### * વૃક્ષો ઉછેરવામાં નિષ્ફળતા પાછળનાં કારણ...

વૃક્ષો વાવ્યા પછી તેની સંભાળ ન રાખવાનાં અનેક કારણો છે. સૌથી મોટું કારણ છે ઉત્સાહનો અભાવ અને જવાબદારીની અછત. વૃક્ષારોપણ વખતે જે ઉત્સાહ હોય છે તે થોડા દિવસોમાં ઓસરી જાય છે.

બીજું કારણ છે પાણીની અછત. ખાસ કરીને ઉનાળામાં રોપાને નિયમિત પાણી ન મળે તો બધા સુકાઈ જાય છે.

ત્રીજું કારણ છે રક્ષણનો અભાવ. રસ્તાની બાજુ કે ખુલ્લા મેદાનમાં વાવેલા રોપાને પશુઓથી બચાવવા યોગ્ય કાંટાળી વાડ કે ટ્રી-ગાર્ડ ન હોય તો રોપાઓ નાશ પામે છે.

ચોથું કારણ છે ‘મારું કામ પૂરું’ એવી માનસિકતા. રોપો વાવી દીધો એટલે જવાબદારી પૂરી થઈ ગઈ - આ વિચાર જ સૌથી મોટો અવરોધ છે.

પાંચમું કારણ છે યોગ્ય સ્થળ અને યોગ્ય જાતિની પસંદગીનો અભાવ. દરેક જગ્યાએ દરેક પ્રકારનું વૃક્ષ વાવી શકાય નહીં. જમીન, પાણી, આબોહવા અને સ્થાનિક પરિસ્થિતિને અનુરૂપ વૃક્ષોની પસંદગી કરવી જરૂરી છે. ■

feedback@bombaysamachar.com

સાત સમંદર પાર

રવિ નાયક

# પ્લાસ્ટિક સર્જરી ને સેનેટરી પેડની શોધ યુદ્ધને કારણે!

આજે રશિયા-યુક્રેન પછી અમેરિકા-ઈરાન બાખડી રહ્યા છે. તાજા સમાચારો મુજબ સઉદી અરેબિયા અને યમનના હુતી બળવાખોરો પણ યુદ્ધમાં પ્રવેશી ચૂક્યા છે. વિશ્વની તમામ મહાસત્તાઓ અને મોટા અર્થતંત્રો યુદ્ધકાળ વેઠી રહ્યા હોય ત્યારે ગમે તે ઘડીએ ત્રીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળવાની આશંકા અસ્થાને નથી. આ પરિસ્થિતિમાં સામાન્ય નાગરિકો તરીકે આપણાથી કશું થાય એમ નથી, સિવાય કે થોડી ઘણી પોઝિટીવ વાત કરી લઈએ.

કદાચ જાણીને નવાઈ લાગશે પણ અગાઉ ખેલાઈ ચૂકેલા બે વિશ્વયુદ્ધો સહિતની ભીષણ લડાઈઓએ માનવજાતને કેટલીક મહત્ત્વની ભેટ પણ આપી છે. આમાં સૌથી ટોચે નામ આવે ઈન્ટરનેટનું. જો કે ઈન્ટરનેટ કોઈ સીધા યુદ્ધ દરમિયાન નહિ, પણ અમેરિકા અને સોવિયેત યુનિયન વચ્ચે ચાલતી કોલ્ડ વોર દરમિયાન શોધાયું હતું.

આમ તો કેન્ડ ફૂડ ખાવું સ્વાસ્થ્ય માટે સારું ગણાય કે હાનિકારક, એ વિષે નિષ્ણાંતોમાં ચર્ચા ચાલતી રહે છે, પણ દુર્ગમ પ્રદેશો જે એક્સ્પ્લોર કરવા જોવા જાણવા નીકળેલા પર્યટકો-સંશોધકોથી માંડીને દિવસો સુધી યુદ્ધરત રહેતી સૈન્ય ટુકડીઓ માટે કેન્ડ ફૂડ કોઈ આશીર્વાદથી કમ નથી. પ્રશ્ન એ છે કે સારી કેલેરી ધરાવતા ભોજનને દિવસો સુધી કેન-ડબ્બામાં સંગ્રહ કરીને દિવસો પછી વાપરતા રહેવાનો વિચાર સૌથી પહેલા કોને આવ્યો હશે?

નેપોલિયનનું લશ્કર જ્યારે યુરોપને ધમરોળી રહ્યું હતું ત્યારે આ લશ્કર માટે સૌથી મોટી મુશ્કેલી હતી સૈનિકોને ખોરાક પૂરો પાડવાની. આ માટે ઇસ ૧૮૦૯માં તત્કાલીન ફ્રાંસ સરકારે એક પ્રતિયોગિતા જાહેર કરી, જે વ્યક્તિ ખોરાકને સ્ટોર કરીને દૂર સુધી પહોંચાડી શકાય એવી ડિવાઈસ વિકસાવશે એને પૂરા ૧૨,૦૦૦ ફ્રેન્કનું ઇનામ! નિકોલસ એપર્ટ નામના એક ફ્રેંચ વ્યક્તિએ ગ્લાસ જારને ફરતે સીલ દ્વારા કવર કરીને ખાસ પ્રકારનું કેન વિકસાવ્યું. આ કેન ખોરાકને દિવસો સુધી સુરક્ષિત રાખી શકે એમ હતું.

ફ્રાન્સની સેનાએ તેનો બહોળો ઉપયોગ કર્યો. એપર્ટને ઇનામ પણ મળ્યું અને એ રકમ વાપરીને એણે ફૂડ કેન્સ બનાવવાની ફેક્ટરી પણ નાખી, પરંતુ નેપોલિયનની હાર બાદ વિરોધી દળોએ આ ફેક્ટરી સળગાવી દીધી. જો કે કેન્ડ ફૂડ એટલા પ્રખ્યાત થઇ ગયા કે આજેય આખી દુનિયામાં એ ધૂમ વપરાય છે.



જગતની પ્રથમ પ્લાસ્ટિક સર્જરી.

ફૂડની વાત નીકળે તો ઠંડા ખોરાકને તાબડતોબ ગરમ કરી આપતા ઓવનને કઈ રીતે ભૂલી શકાય? હકીકતમાં એવું ય બનતું હોય છે કે એક શોધને ઈમ્પ્રુવ કરવાના ચક્કરમાં સંશોધકો કોઈ બીજી ભળતી જ ચીજ શોધી નાખે!

યુદ્ધ સમયે વપરાતા રડારને વધુ કાર્યક્ષમ બનાવવા માટે બ્રિટિશ સંશોધકોનું એક દળ ‘કેવિટી મેગ્નેટ્રોન’ નામક હાઈ પાવર વેક્યુમ ટ્યુબ ઉપર સંશોધન કરી રહ્યું હતું. આ વેક્યુમ ટ્યુબ દ્વારા માઈક્રોવેવ તરંગો પેદા કરી શકાતા હતા. બ્રિટિશરોનું આ સંશોધનકાર્ય પાછળથી એક અમેરિકનને કામે લાગ્યું! યુદ્ધ બાદ ઇસ ૧૯૪૫માં પર્સી સ્પેન્સર માઈક્રોવેવ ઉત્પન્ન કરી શકતા રડાર ઉપર કામ કરી રહ્યો હતો. એ દરમિયાન એના ગજવામાં મૂકેલી કેન્ડી ઓગળી ગઈ! સ્પેન્સરને સમજાઈ ગયું કે માઈક્રોવેવ્સના કારણે ખોરાક ગરમ થઇ જતો હોય છે. બસ, પછી તો સ્પેન્સર ભાઈએ માઈક્રોવેવ ઓવન નામનું ઉપકરણ વિકસાવી લીધું, જે આજે ય ઘર ઘરના રસોડામાં પહોંચી ચૂક્યું છે.

સેનેટરી પેડ પણ એક એવી ચીજ છે, જે ન શોધાઈ હોત તો કદાચ આજે ય સ્ત્રીઓએ ભણતર કે રોજગાર માટે રોજિંદા ધોરણે ઘરની બહાર નીકળવા પહેલા વિચાર કરવો પડત અને આ સેનેટરી પેડની શોધ પણ યુધ્ધની જ દેન છે.

કિમ્બર્લી ક્લાર્ક નામક અમેરિકન કંપનીએ સેલ્યુકોટન નામે એક પ્રોડક્ટ વિકસાવેલી, જે યુદ્ધમાં ઘાયલ થતા સૈનિકોના રક્તસ્રાવને ઝડપથી શોષી લેવાનું કામ કરતી. યુદ્ધ સમયે આ પ્રોડક્ટનો મોટા પાયે વપરાશ થવા માંડ્યો. યુએસ આર્મીમાં આ પ્રોડક્ટ છૂટથી વહેંચાવા માંડી. એ સમયે મિલિટરી હોસ્પિટલમાં કામ કરતી કેટલીક નર્સને વિચાર આવ્યો કે જો સેલ્યુકોટન સૈનિકોના ઊંડા ઘામાંથી ધડધડાટ વહેતા લોહીને

શોષી લેવામાં ય સફળ નીવડતું હોય તો પછી... અને આ નર્સોએ પિરિયડ્સ સમયે સેલ્યુકોટનનો ઉપયોગ કરવા માંડ્યો. પાછળથી ઇસ ૧૯૨૦માં કંપનીએ ‘કોટન-લાઈક ટેક્સચર’ ઉપરથી ‘કોટેક્સ’ નામના સેનેટરી પેડ બજારમાં મૂક્યા, એન્ડ રેસ્ટ ઇઝ હિસ્ટ્રી વત્તા હર સ્ટોરી બની ગઈ!

આજ રીતે, પ્લાસ્ટિક સર્જરીની શોધ. ઇસ ૧૯૧૬માં પ્રથમ વિશ્વયુદ્ધ દરમિયાન વોલ્ટર નામના એક બ્રિટિશ સૈનિકને ચહેરા ઉપર ભયંકર ઇજાઓ થઇ. એની આંખની પાંપણ સુધ્ધાં બળી ગઈ. એ સમયે મૂળ ન્યૂ ઝિલેન્ડના નિવાસી એવા ડોક્ટર હેરોલ્ડ ગિલીસ રોયલ આર્મીની મેડિકલ ટુકડી સાથે યુરોપ આવેલા. ઈજાગ્રસ્ત વોલ્ટરને ઘાયલ થયાના એકાદ વર્ષ બાદ ડૉ. ગિલીસ પાસે લાવવામાં આવ્યો.

એક પ્રયોગ તરીકે ડૉ. ગિલીસે શરીરના સારા ભાગ ઉપરથી ત્વચાનો ટુકડો કાપીને વોલ્ટરના ચહેરા ઉપર ચોંટાડી આપ્યો અને આધુનિક તબીબીશાસ્ત્રની એ પ્રથમ પ્લાસ્ટિક સર્જરી ગણાય. છે. એ હિસાબે ડૉ ગિલીસને પ્લાસ્ટિક સર્જરીના પિતા તરીકે ગણી શકાય.

આવી ઉપરાંત બીજી ઘણી નાની-મોટી શોધ હશે જે યુદ્ધોને આભારી હોય. અહીં મૂળ વાત એ કે આ જ સંશોધનો વગર યુદ્ધે થયા હોત તો કેટલું સારું !

બીજો મહત્ત્વનો મુદ્દો : ઈચ્છીએ નહીં કે ત્રીજું વિશ્વયુદ્ધ થાય. આમ છતાં જો થાય તો આજના સમાજ માટે ઉપયોગી સાબિત થાય એવી કઈ નવી શોધો થઇ શકે? ■

---

‘મુંબઈ સમાચાર’ના ફન વર્લ્ડમાં તમને રસપ્રદ માહિતી મળશે અને સાથે મજા પણ આવશે. પ્રત્યેક કોયડાના સાચા જવાબ આપનારા વાચકોનાં જ નામ અહીં પ્રગટ કરવામાં આવશે. વાચકોએ તેમના જવાબ ઈ-મેઇલથી બુધવારે સાંજે ૬:૦૦ સુધી મોકલવાના રહેશે. ત્યાર પછી મોકલેલા જવાબ સ્વીકારાશે નહીં. વાચકોએ જવાબ નવા ઈ-મેઈલ funworld1822@gmail.com પર મોકલવાના રહેશે.

## ફન વર્લ્ડ

### ભાષા વૈભવ...

અંગ્રેજી - ગુજરાતી શબ્દોની જોડી જમાવો

| A | B |
|---|---|
| REED | દુર્ગંધ |
| REDEEM | સઢનો હિસ્સો |
| REEF | બરુ |
| REEL | છોડાવવું |
| REEK | કાગળ |

### શબ્દલાલિત્ય



**આડી ચાવી**

૧. સલાહ સંપથી (૫)
૪. સુખરૂપ કે ક્ષેમકુશળ હોવું તે (૪)
૭. વરદાન દેનાર, કૃપાળુ (૩)
૯. જેમાં ચેતન નથી તે (૨)
૧૦. મહેણું, વેણરૂપી બાણ (૩)
૧૧. લતા મંડપ (૨)
૧૨. નાનાપણું, ઓછપ (૩)
૧૪. હાથી (૩)
૧૫. રાત્રિ (૩)
૧૭. રૂઢિ, પ્રથા (૩)
૧૯. એકલું (૩)
૨૧. પાસે, નજીક (૩)
૨૨. ફળદ્રુપ (૩)
૨૪. પગદંડી (૩)
૨૬. શાક, મુરબ્બા વગેરેનો મસાલાવાળો જાડો રસ (૨)
૨૮. મનુષ્ય (૩)
૨૯. સૂકાયેલું આદુ (૨)
૩૦. કામના, લાગણી (૩)
૩૧. રોજનું કામકાજ (૪)
૩૨. કૈલાસ પર્વત (૫)

**ઊભી ચાવી**

૧. હસ્તમેળાપ (૪)
૨. મૃત્યુ (૩)
૩. ઠામકું (૩)
૪. શોક, સંતાપ (૨)
૫. પૂજન (૩)
૬. તલપ (૩)
૮. જરાક (૪)
૧૨. રાજ્યનો સામાન્ય પ્રજાજન (૪)
૧૩. માની મા (૨)
૧૫. --- હૈ તો જહાન હૈ (૨)
૧૬. પરાક્રમી લડવૈયો (૪)
૧૮. રાહ, રસ્તો (૨)
૨૦. મધુર ધ્વનિ (૪)
૨૧. ઊંઘ (૨)
૨૩. સ્થિર, નિત્ય (૪)
૨૪. મેંદો (૩)
૨૫. --- કરવું=બાંધવું, એકત્રિત કરવું (૩)
૨૭. સોની (૩)
૨૮. બાધા, આખડી (૩)
૩૦. પત્ની (૨)

**ગયા વખતનો ઉકેલ**



### માતૃભાષાની મહેક

યાદ એટલે આગળ જોયું કે સાંભળેલું સાંભરવું, વિસરી નહીં જવું, યાદગીરી, સ્મરણ. યાદ આપવું - કરાવવું એટલે સ્મરણમાં લાવવું, યાદ કરવું. યાદ આવવું - રહેવું એટલે સ્ફૂરણા થવી. યાદ કરવું એટલે ગોખવું કે સંભારવું. યાદ રાખવું એટલે ધ્યાનમાં રાખવું. યાદ હોવું એટલે ધ્યાનમાં હોવું.

### ગુજરાત મોરી મોરી રે

‘દોરડાથી ન બંધાયેલું હરાયું ઢોર’ એ મતલબની કહેવતના શબ્દો આડાઅવળા થઈ ગયા છે જે ગોઠવી કહેવત જણાવો.

ને વગરનું ધણી દોર ને ઢોર મળે ખીલો

### ઈર્શાદ

*તમે દિલમાં અને મૂર્ખ આંખો છે પ્રતીક્ષામાં,*
*ગયું કોઈ નથી ને થાય છે પાછું ફરે કોઈ.*
*-- ગની દહીંવાલા*

### ઓળખાણ પડી?




હાલ નવા નામથી ઓળખાતું જેનું અગાઉનું નામ શહીદ ભગતસિંહ એરપોર્ટ હતું એ કયા શહેરમાં છે એ જણાવો.

અ) ભોપાલ  બ) અમૃતસર  ક) ચંદીગઢ  ડ) જૌનપુર

### ચતુર આપો જવાબ — અર્થ જણાવો

‘જીવનમાં ક્યારેક યાચના કરવી અઘરી હોય છે’ પંક્તિમાં યાચના શબ્દનો અર્થ શું થાય એ જણાવો.

અ) યાદદાસ્ત  બ) લાગણી  ક) વિશ્વાસ  ડ) માગણી

### માઈન્ડ ગેમ

ભારત - વેસ્ટ ઈન્ડિઝ વચ્ચેની વન ડે ઈન્ટરનેશનલ સિરીઝની પ્રથમ મેચ દેશના કયા શહેરમાં રમાઈ હતી એ જાણો છો ખરા?

અ) જબલપુર  બ) શિલોન્ગ  ક) પ્રયાગરાજ  ડ) થિરુવનંતપુરમ

### સુડોકુ - આજનો સવાલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૬ | ૯ | | | ૨ | ૩ | | |
| | ૫ | ૨ | ૩ | | | | ૮ | |
| ૮ | | | ૧ | | | | | |
| | | ૬ | | | ૯ | | ૫ | |
| ૩ | | ૪ | | | | ૬ | | ૭ |
| | ૨ | | ૭ | | | ૪ | | |
| | | | | | ૪ | | | ૨ |
| | ૪ | | | | ૩ | ૮ | ૧ | |
| | | ૩ | ૨ | | | ૭ | ૪ | ૬ |

અહીં એક ચોરસ આપ્યું છે જેમાં નવ બોકસ છે અને દરેકમાં નવ ખાનાં છે.૧) દરેક બોક્સમાં એકથી નવ સુધીનો આંક આવવો જોઈએ. ૨) દરેક આડી અને ઊભી હરોળમાં આંક આવવો જોઈએ. અહીં પણ કોઈ આંક રહી ન જવો જોઈએ.

### સુડોકુ - ગઈકાલનો જવાબ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૪ | ૨ | ૭ | ૯ | ૬ | ૫ | ૧ |
| ૬ | ૯ | ૧ | ૪ | ૫ | ૩ | ૮ | ૨ | ૭ |
| ૫ | ૭ | ૨ | ૮ | ૧ | ૬ | ૩ | ૯ | ૪ |
| ૭ | ૫ | ૬ | ૯ | ૩ | ૮ | ૧ | ૪ | ૨ |
| ૯ | ૨ | ૮ | ૧ | ૪ | ૫ | ૭ | ૩ | ૬ |
| ૧ | ૪ | ૩ | ૬ | ૨ | ૭ | ૯ | ૮ | ૫ |
| ૨ | ૧ | ૭ | ૩ | ૮ | ૪ | ૫ | ૬ | ૯ |
| ૪ | ૩ | ૯ | ૫ | ૬ | ૧ | ૨ | ૭ | ૮ |
| ૮ | ૬ | ૫ | ૭ | ૯ | ૨ | ૪ | ૧ | ૩ |

### ગયા બુધવારના જવાબ

| A | B |
|---|---|
| RED CAP | કૂલી |
| RED FLAG | ભયનું ચિહ્ન |
| RED REG | ભડકાવનારી વસ્તુ |
| RED HANDED | રંગે હાથ |
| RED HOT | લાલચોળ |

**ગુજરાત મોરી મોરી રે:**
ચૈતર ચડે નહીં ને વૈશાખ ઊતરે નહીં

**ઓળખાણ પડી?**
કોલકાતા

**માઈન્ડ ગેમ :**
૧૯૯૬

**ચતુર આપો જવાબ અર્થ જણાવો :**
અટકચાળો

### ફનવર્લ્ડમાં ઉમળકાભેર ભાગ લઈ સાચા જવાબ આપનારા વાચકોનાં નામ અહીં આપ્યાં છે. અભિનંદન.

(૧) કિશોરકુમાર જીવણદાસ વેદ (૨) મુલરાજ કપૂર (૩) ડો. પ્રકાશ કટકિયા (૪) શ્રીમતી ભારતી પ્રકાશ કટકિયા (૫) ભરત કજરિયા (૬) ધીરેન્દ્ર મુલરાજ (૭) પ્રતિમા પમાણી (૮) ભારતી બુચ (૯) ખુશરૂ કાપડિયા (૧૦) શ્રદ્ધા આશર (૧૧) જયવંત પદમશી ચિખલ (૧૨) જ્યોતિ ખાંડવાલા (૧૩) લજિતા ખોના (૧૪) રશીક જુથાણી - ટોરંટો - કેનેડા (૧૫) વર્ષા સૂર્યકાંત શ્રોફ (૧૬) મહેશ એન. સંઘવી (૧૭) નેહુલ એમ. સંઘવી (૧૮) મીનળ કાપડિયા (૧૯) ભાવના કર્વે (૨૦) નિખિલ બંગાળી (૨૧) અમીશી બંગાળી (૨૨) નંદુભાઈ અ. ગોઠી (૨૩) મધુલતા ચંદ્રશેખર માંકડ (૨૪) ડાયના સંતોકે (૨૫) દેવેન્દ્ર સંપટ (૨૬) ગિરીશ બાબુભાઈ મિસ્ત્રી (૨૭) અરવિંદ કામદાર (૨૮) નિતીન જયંતીલાલ બજરિયા (૨૯) જ્યોત્સના ગાંધી (૩૦) હિનાબેન દલાલ (૩૧) ઈનાક્ષીબેન દલાલ (૩૨) રમેશભાઈ દલાલ (૩૩) સુભાષ મોમાયા (૩૪) નીતા દેસાઈ (૩૫) પુષ્પા પટેલ (૩૬) તાહેર ઔરંગાબાદવાલા (૩૭) શીરીન ઔરંગાબાદવાલા (૩૮) મહેશ એન. દોશી (૩૯) નયના ગિરીશ મિસ્ત્રી (૪૦) વિણા સંપટ (૪૧) અતુલ સંપટ (૪૨) મનીષા શેઠ (૪૩) ફાલ્ગુની શેઠ (૪૪) ભાવિની સંપટ

# મુંબઈ ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો મોટો 'છબરડો': ઘાટકોપર બ્રિજથી લઈને વિલેપાર્લે સુધી પ્લાનિંગમાં કેમ થઈ મોટી 'ભૂલો'?

## ક્યાંક વાયડક્ટની ઊંચાઈનું ગણિત ખોટું પડ્યું તો ક્યાંક લેનની ગોઠવણી પર સવાલો

મુંબઈઃ મુંબઈના ઘાટકોપરમાં બાંધકામ હેઠળના રોડ ઓવરબ્રિજ સાથે વિકાસનું જાણે નવું સૂત્ર સામે આવ્યું છે. પહેલા કામ શરૂ કરો, થોડું પૂરું કરો અને પૈસા વેડફ્યા પછી ડિઝાઈન ફરી વિચારો! ઘાટકોપરના આરઓબીનું લગભગ ૩૦ ટકા કામ પૂર્ણ થયા બાદ હવે તેની ડિઝાઈનમાં ફેરફાર કરવામાં આવ્યો છે.

નવી યોજના મુજબ પહેલેથી તૈયાર કરાયેલી ત્રણ પિયર કેપને આંશિક રીતે તોડી વધુ ઊંચાઈએ ફરી બનાવવી પડશે. એટલે જે કામ એક વખત થઈ ગયું છે, તેના પર ફરી કામ કરવાનો વારો આવ્યો છે. તેની સાથે જ કરોડો રૂપિયા અને સામગ્રીનો પણ વ્યય થયો છે.

નવી ડિઝાઇનમાં બે સ્તરનો બ્રિજ બનાવવાની યોજના છે. નીચલો રોડ ઓવરબ્રિજ સ્થાનિક પૂર્વ-પશ્ચિમ ટ્રાફિક માટે રહેશે, જ્યારે ઊંચો કેબલ-સ્ટેઈડ બ્રિજ અંધેરી તરફથી ઈસ્ટર્ન એક્સપ્રેસ હાઈવે તરફ જતા લાંબા અંતરના ટ્રાફિક માટે હશે.

આ બ્રિજનો મુખ્ય હેતુ ટ્રાફિકને અલગ કરવાનો છે, પરંતુ સવાલ એ છે કે આ ટ્રાફિકનું ગણિત ડિઝાઈન બનાવતી વખતે કેમ ન ઉકેલાયું? હવે ત્રણ પિયર કેપ તોડીને ફરી ઊંચી બનાવાશે, એટલે સમય, મહેનત અને થયેલા બાંધકામ પર ફરીથી બાંધકામ મુંબઈના ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં 'રીવર્ક' પણ હવે જાણે પ્રોજેક્ટનો હિસ્સો બની રહ્યો છે. ઘાટકોપરની ઘટના મુંબઈમાં બનેલી આ એકમાત્ર ઘટના નથી. પણ છેલ્લાં એક વર્ષમાં આવા ચોંકાવનારા એક બે નહીં ત્રણ ઉદાહરણ સામે આવ્યા છે. બીજું ઉદાહરણ ભાયંદરનું છે. મીરા-ભાયંદર ફ્લાયઓવરમાં ચાર લેનમાંથી બે લેન સુધી અચાનક થતી બ્રિજની ડિઝાઈનને લઈને સવાલો અને ટીકા થઈ હતી. ત્યારે એમએમઆરડીએએ સ્પષ્ટ કર્યું હતું કે આ બાંધકામ સ્થળની મર્યાદિત જગ્યા અને ભવિષ્યના વિસ્તરણને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. બાદમાં લેન મર્જિંગ અને સલામતી સુધારવા માટે વિવિધ પગલાંની યોજના બનાવાઈ. એટલે અહીં પણ જનતાને પહેલા ડિઝાઇન દેખાઈ અને પછી તેની પાછળનું 'ભવિષ્યનું પ્લાનિંગ' સમજાવવામાં આવ્યું.

વિલેપાર્લેની મેટ્રો ૭ની કહાની તો આ 'પહેલા બાંધો, પછી વિચારો' ચર્ચામાં વધુ મોટો સવાલ ઊભો કરે છે. અહીં એરપોર્ટ ઓથોરિટી ઓફ ઈન્ડિયાએ ૨૦૨૨માં પ્રોજેક્ટ માટે એનઓસી આપ્યું હતું, પરંતુ મેટ્રો માટે જરૂરી ઓએચઈની વધારાની ઊંચાઈ ડિઝાઈનમાં સામેલ કરાઈ નહોતી. ■

# નાયગાંવમાં પુત્ર, તેના મિત્રના ત્રાસથી કંટાળીને વૃદ્ધ પિતાએ કરી આત્મહત્યા

## ટ્રેન સામે ઝંપલાવતા પહેલા પુત્રીને સુસાઈડ નોટ સાથેની બેગ સોંપી

વસઈ: પુત્ર અને તેના મિત્ર દ્વારા અપાતા શારીરિક-માનસિક ત્રાસથી કંટાળીને ૮૪ વર્ષના વૃદ્ધ પિતાએ ટ્રેન સામે ઝંપલાવીને જીવનનો અંત આણ્યો હોવાની ઘટના નાયગાંવ ખાતે બની હતી. આત્મહત્યા પૂર્વે પિતાએ તેની પુત્રીને બેગ સોંપી હતી, જેમાં મહત્ત્વના દસ્તાવેજો સાથે સુસાઈડ નોટ પણ હતી.

મૃતકની ઓળખ ગેબ્રિયલ ડોમિનિક કુટિન્હો (૮૪) તરીકે થઈ હોઇ તેની પુત્રી રૂપાએ નોંધાવેલી ફરિયાદમાં આક્ષેપ કરાયો હતો કે તેનો ભાઇ શ્યામ કુટિન્હો છેલ્લાં ૧૨થી ૧૩ વર્ષથી નાની-નાની બાબતોને લઇ પિતાને ત્રાસ આપતો હતો. ૨૬ સપ્ટેમ્બરે ઇંડાં રાખવાનું શેલ્ફ તૂટી જવાને મુદ્દે તેણે પિતાની મારપીટ કરી હતી. થોડા સમય બાદ શ્યામનો મિત્ર સાગર પણ મારપીટમાં સામેલ થયો હતો. એટલું જ નહીં, તેમણે જમવાની થાળી છીનવી લીધી હતી અને તેમને ભૂખ્યા રાખવા મજબૂર કરીને ઘરમાંથી બહાર કાઢી મૂક્યા હતા.

૨૮ સપ્ટેમ્બરે ગેબ્રિયલ સ્કૂલ નજીક તેની પુત્રીને મળ્યા હતા અને તેને બેગ સોંપી હતી, જેમાં મહત્ત્વના દસ્તાવેજો અને રોકડ હોવાનું જણાવ્યું હતું. ગેબ્રિયલ ત્યાર બાદ નાયગાંવ રેલવે સ્ટેશન તરફ ગયા હતા અને ટ્રેન સામે ઝંપલાવી દીધું હતું.

દરમિયાન પુત્રીએ બેગ ખોલીને તપાસતાં તેમાં સુસાઇડ નોટ મળી આવી હતી, જેમાં સ્પષ્ટપણે લખ્યું હતું કે પુત્ર શ્યામ અને તેના મિત્ર સાગર દ્વારા આપવામાં આવતા અસહ્ય ત્રાસને કારણે તે જીવનનો અંત આણી રહ્યા છે. ભાયંદર રેલવે પોલીસે શ્યામ અને સાગર સામે આત્મહત્યા માટે પ્રવૃત્ત કરવાનો ગુનો દાખલ કરીને તપાસ આદરી હતી. ■

# મેટ્રો પ્રોજેક્ટ સાઈટ પર કરન્ટ લાગવાથી મૃત્યુ પામેલા મજૂરના કુટુંબને ૩૪ લાખનું વળતર ચૂકવવાનો આદેશ

થાણેઃ થાણેમાં મોટર એક્સિડેન્ટ ક્લેઇમ્સ ટ્રિબ્યુનલે (એમએસીટી) મે, ૨૦૨૧માં મેટ્રો રેલ પ્રોજેક્ટ સાઇટ પર વીજળીનો આંચકો લાગવાથી મૃત્યુ પામેલા ૨૪ વર્ષના મજૂરના કુટુંબને ૩૪.૫૪ લાખ રૂપિયાનું વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો.

ટ્રિબ્યુનલના સભ્ય આર. વી. મોહિતેએ સોમવારે હાઇડ્રા કેનના માલિક અને તેની વીમા કંપનીને અરજી દાખલ કર્યાની તારીખથી રકમની વસૂલાત થાય ત્યાં સુધી વાર્ષિક નવ ટકા વ્યાજ સાથે સંયુક્ત રીતે અને અલગ અલગ રીતે વળતર ચૂકવવાના નિર્દેશ આપ્યા હતા.

અરજી અનુસાર થાણે-ભિવંડી રોડ પર મેટ્રો લાઇન-પાંચ પ્રોજેક્ટ સાઇટ પર ૧૮ મે, ૨૦૨૧ના રોજ આ ઘટના બની હતી, જ્યાં મોહંમદ નાઝરે આલમ શેખ મજૂર તરીકે કામ કરતો હતો.

હાઇડ્રા કેનથી સિમેન્ટ બ્લોક્સ ખસેડવામાં આવી રહ્યા હતા ત્યારે શેખ કેન પર ઊભો હતો અને તેણે સિમેન્ટ બ્લોક્સ સાથે જોડાયેલા બૂમ હુક સાથે કનેક્ટ વાયર રોપ પકડી રાખ્યો હતો. કેનના ડ્રાઇવરે બૂમ ઉપર તરફ ઉંચક્યું, જેને કારણે તે ઉપરથી પસાર થતી હાઇ-ટેન્શન ઇલેક્ટ્રિસિટી લાઇનના સંપર્કમાં આવતાં શેખને વીજળીનો આંચકો લાગ્યો હતો.

આ ઘટના બાદ સાઇટ એન્જિનિયર અને કેનના ડ્રાઇવર વિરુદ્ધ ભારતીય દંડસંહિતાની સુસંગત જોગવાઇઓ હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો.

ટ્રિબ્યુનલે નોંધ્યું હતું કે કર્મચારીને સુરક્ષાનાં સાધનો પૂરાં પાડવાની જવાબદારી માલિકની છે અને સાઇટ પર કામ કરતા કર્મચારીઓ સુરક્ષાનાં સાધનોથી સજ્જ છે કે કેમ તે તપાસવાની અને તેની દેખરેખ રાખવાની જવાબદારી કેનના ડ્રાઇવરની છે.

ટ્રિબ્યુનલે શેખની માતા, પત્ની અને સગીર ભાઇને ૩૪.૫૪ લાખ રૂપિયા વળતર ચૂકવવાનો આદેશ આપ્યો હતો. (પીટીઆઇ)■

# પુણેના કસબા ગણપતિ મંદિરમાં દાનપેટીમાંથી રોકડ ચોરાઈ

પુણેઃ પુણેના પ્રસિદ્ધ કસબા ગણપતિ મંદિરમાં ઘૂસેલો ચોર દાનપેટી તોડીને તેમાંથી આશરે ૬૦ હજાર રૂપિયા ચોરી ફરાર થયો હતો, એમ પોલીસે જણાવ્યું હતું. કસબા પેઠ વિસ્તારમાં આવેલા ૧૮મી સદીના આ મંદિરમાં સોમવારે મધરાતે ચોરી થઇ હતી અને મંદિરમાં લાગેલા સીસીટીવી કેમેરામાં આખી ઘટના કેદ થઇ હતી. આરોપીને પકડવા માટે પોલીસની ત્રણ ટીમ તૈયાર કરવામાં આવી છે. કસબા ગણપતિને શહેરના દેવતા માનવામાં આવે છે.

ડેપ્યુટી પોલીસ કમિશનર કૃષીકેશ રાવલેએ જણાવ્યું હતું કે મંદિરમાં મધરાતે ચોર ઘૂસ્યો હતો અને દાનપેટી તોડીને તેમાંથી આશરે ૬૦ હજાર રૂપિયા ચોર્યા હતા. (પીટીઆઇ)■

# લાતુરમાં વેરહાઉસમાંથી ₹ ૪.૬ લાખના ટાયર ચોરાયા

લાતુરઃ લાતુર જિલ્લામાં વેરહાઉસમાંથી ૪.૬ લાખ રૂપિયાના ટાયર ચોરવા બદલ એક વ્યક્તિની ધરપકડ કરવામાં આવી હોવાનું પોલીસે જણાવ્યું હતું.

પોલીસે સોમવારે અબરાર અનસ શેખ નામના આરોપી પાસેથી સોમવારે ૩૭ ટાયર જપ્ત કર્યા હતા, જેણે ગરુડ ચોક વિસ્તારમાં આવેલા વેરહાઉસમાંથી છેલ્લા સાત મહિનાના સમયગાળામાં તે ચોર્યાં હતા, એમ અધિકારીએ કહ્યું હતું.

જિલ્લાના વિવેકાનંદ પોલીસ સ્ટેશનમાં આ પ્રકરણે નોંધાવવેલી ફરિયાદને આધારે ભારતીય ન્યાય સંહિતાની સંબંધિત કલમો હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આરોપીએ ગુનો આચરવા માટે ઉપયોગમાં લીધેલું વાહન પણ પોલીસે જપ્ત કર્યું હતું. (પીટીઆઇ)■

## ૪. ધાર્મિક સંબંધી

**FREE આરોગ્ય તપાસણી શિબિર** સમર્પણ સેવા પરિવાર દ્વારા આયોજિત ભાગવત કથા અને Criticare Asia Multispeciality Hospitalનાં સહયોગથી ૩ થી ૯ ઓક્ટોબર ૨૦૨૬, 3.30 to 7.30, નિઃશુલ્ક આરોગ્ય સેવાનો તેમજ ભાગવત કથાના શ્રવણનો લાભ લો. વિશ્વકર્મા એ. સી. હોલ, બજાજ રોડ, વિલેપાર્લે પશ્ચિમ. સંપર્ક: ૯૩૨૪૨૫૦૮૫૦. (૧૪૩૫-એ)

## ૫. અંગત

"ઓછા ભાવે જાહેરખબર..." "પ્રાર્થનાસભાની" -"શ્રદ્ધાંજલિની" -"નોટીસની"- "નોકરીની" - "પ્રોપર્ટીની" કોઈપણ પેપરોમાં - "સિદ્ધિવિનાયક" - (કાંદિવલી - ઘાટકોપર) - 9892007232. (બી-૧૮૧૨૨)

## ૬. પરચુરણ

**આર્ટ સેન્ટર**
**જુની ઝરીની સાડી, નોટના 1, 2, 5, 10, 50, 100ના બન્ડલ લેનાર, જુના કોઈન્સ, કોપર, નીકલ, કોઇન્સ, 1000 પર Kg લેનાર, જુના મોબાઈલ લેનાર, જુના ઘડિયાળ, પેન, એન્ડ સિલ્વર કોઈન્સ ઓલ એન્ટીક આઈટમ લેનાર Mo.: 9920663443, 9107866786. (૩૬૪)**

## ૮. શુભ પ્રસંગો માટે



(B-18133)

## ૯. લગ્ન સંબંધી

**સમૂહ જનોઈ**
બ્રાહ્મણ સેવાસમાજ (50મું વર્ષ) રવિવાર તા. 13/12/2026, કાંદિવલી ખાતે. સંપર્ક - અલકેશભાઈ વ્યાસ - 9819673665. (દહેજ નહીં). (૧૩૮૨-સી)

■ ખુશહિત મેરેજબ્યુરો યોગ્ય જીવનસાથી માટે સંપર્ક ઉર્મિલાબેન 8879576963. (દહેજ નહીં). (૧૪૧૪-સી)

## ૧૦. મહિલાઓ માટે

**ગાદીવાળા ચપ્પલો**
**કપાસિયા, ફ્લેટ ફૂટ, એડી દુખાવાના ગાદીવાળા ચપલ, સ્લીપર, શૂઝ. (બોરીવલી). 9619833392. (૧૪૨૦-એ)**

**કાનનાં મોટા કાણાં**
દવાથી એકજ સીટીંગમાં પુરાવો તરત બુટ્ટી પહેરો. નાક કાન વિંધાવો. બોરીવલી: 9969388693 / 7506569229. (બી-૧૮૧૧૦)

## ૧૨. યાત્રા સહેલગાહ

**તુષારભાઈ સાથે**
ગંગાસાગર જગન્નાથપુરી ચંપારેન, નેપાળ પૂરી મુક્તિનાથ, દક્ષિણ ભારત + કેરેલા, દેવીબેન પ્રવાસ ૯૮૩૩૭૩૦૬૩૯. (૧૪૦૬-સી)

**કિંજલ ફૂડ**
**ભારતમાં પ્રવાસ દરમિયાન ફ્રેશ જૈન વેજ/ સાત્વિક ફૂડ એરપોર્ટ - ટ્રેનમાં મળશે 8169558272, 9221506127. (બી-૧૮૬૭)**

## ૧૪. નોકરી ખાલી છે

**આવક વધારો**
(વયઃ 25-65), પાર્ટ/ ફુલટાઈમ, આકર્ષક આવકની સંધી, તાલીમ/ સંપૂર્ણ માર્ગદર્શન:- 9920062154. (૧૩૫૧-એ)

**મુંબઈ સમાચાર**
વાચકોને આથી ભલામણ કરવાની કે આ પ્રકાશનમાં પ્રસિદ્ધ થતી કોઈપણ જાહેરખબરના સંદર્ભમાં પૈસા મોકલતા અગાઉ કે તબીબી ભલામણના આધારે થતા ખર્ચ અથવા તો તેવા જ પ્રકારની કોઈપણ વચનપૂર્તિ કરતા અગાઉ અધિકૃત પૂછપરછ અને સલાહ લેવી. મુંબઈ સમાચાર જૂથ જાહેરાતની કોઈપણ સેવા કે ઉત્પાદનો અંગે કોઈ જ દાવાની ચકાસણી કરતું નથી. પ્રીન્ટર, પબ્લિશર, તંત્રી, મુંબઈ સમાચાર જૂથ પબ્લિકેશનનાં માલિકો તેનાથી ઉપસ્થિત થતાં કોઈપણ પરિણામ કે દાવા જો જાહેરાતકારો નકારે તો તેની જવાબદારી લેશે નહીં.
email id for advertisement: samacharadvt@gmail.com

## ૧૪. નોકરી ખાલી છે

**■ તમારી બીજી આવક શરૂ કરો! ઘરેથી કામ કરો (વૈકલ્પિક). પગાર, આકર્ષક ઈન્સેન્ટિવ કારકિર્દીમાં ઉત્તમ વિકાસની તક ગૃહિણીઓ, નિવૃત્ત વ્યક્તિઓ, પ્રોફેશનલ્સ. સંપર્ક: 7021566737. (૧૪૩૮-એ)**

**REQUIRED**
1) Experienced Sales Executive & 2) Helper (Only Female) for Womens Ethenic Wear Retail Studio in Vile Parle (West). Contact:- 9004392719. (1437-A)

**REQUIRED SALES COUNTER Assistant 4-5 yrs experience Graduate (Age 25 to 40 yrs) for Electrical Parts Company's Shop at Marine Lines (Near Metro) to Manage Sales, Dispatch, Stock and Other Office Routine Work. Knowledge of Computer & Sales is must. Contact: 022-61115000 / 9324522478. Email: frontdesk@surelock.in (B-18177)**

## ૧૭. જગ્યા આપવી છે

**જુહુ લેન:**
**3 BHK ગ્રીન કોર્ટ: 4 Cr. વિલેપાર્લે (પશ્ચિમ): 1 RK 1.20 Cr., 2 BHK: 5 Cr., અંધેરી - પાર્લે - જુહુ: લેવા - વેચવા - ભાડેથી. "ગૌતમ જોશી" 9322236433 - 9821069632. (૧૪૨૮-એ)**

**કાંદિવલીમાં - બોરીવલીમાં -**
**"મોકાના" "વનબેડ -૧,૦૫,૦૦,૦૦૦/-" "ટુ બેડ -૧,૪૦,૦૦,૦૦૦/-" "શ્રીજી" - 9820045571/ 9653185938. (જેપી/૪૫૭૯-સી)**

**ઘાટકોપર (ઈસ્ટ)**
**૩ કરોડ**
1 બેડરૂમ હોલ કિચન + 1 બેડરૂમ હોલ કિચનની જોડી, 1200' કાર્પેટ, વેચાણથી જુનું બિલ્ડીંગ, રિડેવલપમેન્ટનો ફાયદો. સુનિલ ભૂપતરાય શાહ વસ્તુદાનનાં પ્રણેતા 9821134251. (૧૪૦૨-એ)

**બોરીવલી (વેસ્ટ)**
બંધાતમાં, SVP રોડ, 3 બેડરૂમ 731' 2.39, પઝેશન ડિસેમ્બર 2026 બિલ્ડર 8291699699. (૧૪૦૪-એ)

**કાંદિવલી શંકરલેન પ્રાઈમ લોકેશન**
**જૈન દેરાસર પાસે ૨ બેડરૂમ હોલ કિચન, ૧૦૦૦ sq ft બિલ્ટઅપ, ફુલ્લી ફર્નિશ્ડ ફ્લેટ વેચવાનો છે. OWNER સંપર્ક 98208 90461. (એસડીબી-૩૫૩૬)**

**ઘાટકોપર - વિદ્યાવિહાર - ચેમ્બુર - તિલકનગર**
ફ્લેટ, ઓફિસ, દુકાન ભાડેથી/ વેચાણથી લેવા - વેચવા 'પંકજ નરેન્દ્ર વોરા' 9321103249. (૧૪૨૨/એ)

**વિલેપાર્લે (વેસ્ટ)**
અંબામાતા ચોક અને KLS હોસ્પિટલ નજીક 3 - બેડરૂમ - 890' તેમજ 2 બેડરૂમ - 730' એમિનિટીઝવાળા નવા બિલ્ડિંગમાં રેડી પઝેશન નવકાર એસ્ટેટ: 9819117722. (જેપી/ ૪૫૮૧-બી)

**પારલા વેસ્ટ**
2 બેડ ભાડેથી નવી બિલ્ડિંગ સ્ટેશન / દેરાસર પાસે અમિત - 7045622403. (બી-૧૮૧૫૫)

**■ સ્પેશ્યાલીસ્ટ ચિંતનભાઈ GHATKOPAR, VIDYAVIHAR, CHEMBUR, વેચાણથી/ ભાડેથી, RESIDENTIAL, COMMERCIAL. 9321234567. (૧૧૩૪/સી)**

**શાંતાક્રુઝ (વેસ્ટ)**
હાઈ લાઈફ મોલની પાસે ૩ બેડરૂમના પાંચ ફ્લેટો, નવા બિલ્ડીંગમાં, ઓ.સી. સાથે તુરંત વેચવાના. "રશ્મિભાઈ" ૯૮૨૧૦૮૩૫૯૨ "દુષ્યંતભાઈ" ૯૮૨૦૧૫૦૪૫૩. (બી-૧૮૧૩૮)

**બોરીવલી (વેસ્ટ)**
**દિગંબર જૈન મંદિરને લાગીને, બંધાતામાં 2 બેડરૂમ, 594' 1.78/- 2 બેડરૂમ જોડી શક્ય, પઝેશન ડિસેમ્બર 2026. બિલ્ડર 8291699699. (૧૪૦૪-સી)**

**અંધેરી (ઈસ્ટ)**
સ્ટેશન નજીક, નામાંકિત ટાવરમાં, 850' યૂઝેબલ કાર્પેટ, 2 પાર્કીંગ સાથે, બજેટ 3.50 કરોડ (નેગોશીએબલ). Navigators Realty - 8454849049. (૧૪૩૦-સી)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
3 બેડરૂમ, સ્પેશીયસ, પ્રીમિયમ 1390' કાર્પેટ, મહંત રોડ, વેલ મેન્ટેન્ડ સોસાયટી બધી એમેનીટીઝ સાથે 7 Cr. (નેગોશીએબલ). Navigators Realty- 8454849049. (૧૪૩૦-ઈ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
2 બેડ હોલ કિચન વેચાણથી, હાયર ફ્લોર, 700 કાર્પેટ, ફુલ્લી ફર્નીશ્ડ, 3.08 Cr. નેગોશીએબલ. Navigators Realty- 8454849049. (૧૪૩૦-એફ)

**વિલેપાર્લે (ઈસ્ટ)**
3.5 બેડરૂમ, નવા બિલ્ડીંગમાં વેચાણથી, ચિંતામણી દેરાસર નજીક, 1690' રેરા કાર્પેટ, 3 કાર પાર્કીંગ 8.75 Cr. નેગોશીએબલ. Navigators Realty - 8454849049. (૧૪૩૦-જી)

## ૧૭. જગ્યા આપવી છે

**બોરીવલી (વેસ્ટ)**
સ્ટેશન દેરાસર નજીક, 2 બેડરૂમ ગાર્ડન, પાર્કિંગ, OC સાથે વ્યાજબી ભાવે લેવા: "સંદીપ જાની" 9869485733. (૧૪૩૨-એ)

**ANDHERI**
**સ્ટેશન નજીક બજેટમાં Flats / Offices લેવા-વેચવા 9820601794 Bharat Mayani. (એસડીબી-૩૫૫૪)**

**અંધેરી વેસ્ટ**
શોપર્સ સ્ટોપની પાછળ, આઈટરાઈથી 1 બેડરૂમ 478 Carpet રીમા એસ્ટેટ:- 9820000627 / 7045660627. (એસડીબી-૩૫૫૩)

**વડાલા**
ભક્તિપાર્ક ત્રણ બેડરૂમ બે લિફ્ટ ૧૦૦૦ કાર્પેટ પાર્કિંગ સાથે સાડા ત્રણ કરોડ જગ્યા જોઈ ઓફર આપવાની. વિનોદ: 9892980593. (બી-૧૮૧૭૫)

**માટુંગા**
ત્રણ બેડરૂમ વીસ લાખમાં વેચાયા ચાલીસ વર્ષ પહેલા હવે ત્રણ બેડરૂમ ૧૦૦૦ કાર્પેટ બે લિફ્ટ સાડા ચાર કરોડમાં જગ્યા જોઈને ચાર કરોડમાં ઓફર આપો. વિનોદ: 9892980593. (બી-૧૮૧૭૬)

**બોરીવલી (વેસ્ટ)**
**શીંપોલી, સત્રા પાર્ક, દેરાસર નજીક, ૨ બીએચકે - 760 સ્કે. ફીટ કારપેટ, ૩ બીએચકે - 1084 સ્કે. ફીટ કારપેટ, રેડી પઝેશન, OC સાથે વેંચાણથી લેવા ભાનુ પ્રોપર્ટીઝ - 9967346036, 9930219031. (૧૪૩૬-એ)**

**જુહુ**
3 બેડરૂમ (1100 કાર્પેટ) ફુલ્લી ફર્નિશ્ડ ભાડે આપવાનો છે ને 3 બેડરૂમ (1225/1460 કાર્પેટ) વેચવાના છે. એજન્ટ: 8850666935. (એસડીબી-૩૫૫૦)

**વિલેપાર્લે (ઈસ્ટ/વેસ્ટ)**
2 બેડરૂમ (700 કાર્પેટ) સેમી- ફર્નિશ્ડ અને ફુલ્લી ફર્નિશ્ડ ભાડે આપવાનો છે. એજન્ટ: 8850666935. (એસડીબી-૩૫૫૧)

**અંધેરી (વેસ્ટ)**
2 બેડરૂમ (660 કાર્પેટ) અને 4 બેડરૂમ (2400 કાર્પેટ) વેચવાના છે. એજન્ટ: 8850666935. (એસડીબી-૩૫૫૨)

**જુહુ**
3 બેડરૂમ, 1475', નવી બિલ્ડિંગ, હાયર ફ્લોર, 6.5 કરોડ, જિમ, સ્વિમિંગ પૂલ, ગાર્ડન સાથે. 9820442089. (૧૪૨૬-સી)

**કાંદિવલી વેસ્ટ**
1 બેડરૂમ, 375 કાર્પેટ, 1.12 Cr. 8 માળની ઉપર નવા ટાવરમાં, અનટચ ઈરાનીવાડી. સંજીવ - 9821925693. (બી-૧૮૧૭૮)

**અંધેરી ઈસ્ટ**
3 બેડ અને ફોર બેડ ભાડેથી હાયર ફ્લોર ગંગર 8080524858. (બી-૧૮૧૮૨)

**અંધેરી ઈસ્ટ**
નેનો વન બેડ 32 ભાડેથી સ્ટેશને લિફ્ટ લેવા ગંગર 8080524858. (બી-૧૮૧૮૩)

**અંધેરી ઈસ્ટ**
ટુ બેડ 651' હાયર ફ્લોર નવામાં વેચાણથી સ્ટેશન નજીક બીજા બે ત્રણ ઓપ્શન ગંગર 8080524858. (બી-૧૮૧૮૪)

**અંધેરી ઈસ્ટ**
3 બેડ 951 અને બીજો 864 યુસેબલ 1200 બે ફ્લેટ અપ ટુ ડેટ બેઉ ફર્નિશ્ડ વેચાણથી સ્ટેશન નજીક લેવા ગંગર 8080524858. (બી-૧૮૧૮૫)

**BANDRA (EAST)**
**3 BHK 1450 Carpet, Near BKC & Western Express, Opp MIG Club, Security CCTV 1.8 Lack/Month, Vegetarians only. Outright 6.25 Cr. No Broker. Manish 9820064383. (1426-A)**

**PRABHADEVI**
Rustomjee Crown 4 BHK Higher Floor 15 CR Nego 3 Parking 9892710071 / 9619048555. (B-18149)

**KANDIVALI EAST**
**2 Bedroom Sale, Higher Floor, Main Road Facing, Excellent View, Metro Station, WEH 5 Minutes away. Very Reputed Builder. Owner: 9820552323. (1173-E)**

**REQUIRED**
4 BHK Outright Purchase in Marquis / Trumptower, Lodha Park, Lowerparel at Market Rate Owner Prefer. Lodha Specialist SFRC. 9920655056 / 9821036552. (1414-A)

**DADAR WEST**
Sale 1 BHK: 475' - 2 Cr., Negotiable. 9869229610. (1408-C)

**"VILE PARLE - WEST"**
**"Marble Saroj 56" on Prime Location of Bajaj Road Nearing Possession 2/3 BHK & Jodi Flats available on Higher Floor for Site Visit Contact "Anish Solanki" 9821151665. (B-18179)**

**GHATKOPAR EAST**
3 Bed Flats Large Carpets on Higher Floors Open Views from all side with Amenities & Podium Parking at Upashray Lane Near Station & Metro. Call or WhatsApp 8779694199. (B-18186)

## ૧૭. જગ્યા આપવી છે

**MARINE LINES**
2 Bed & 3 Bed Big Carpets with Balconies. Sea Facing with all Amenities including Swimming Pool & Banquet Hall Near Jain Temple at Princess Street. Call or WhatsApp 8779694199. (B-18187)

## ૧૯. ફેક્ટરી વર્કશોપ

**ઈન્ડસ્ટ્રીયલ ગાળા**
ભાડેથી જોઈએ. 600 થી 800 ફીટ, 25 HP પાવર, ગ્રાઉન્ડ ફ્લોર, ઘાટકોપરથી મુલુંડ, સાકીનાકાથી મરોલ. 9016057056 / 8355964411. (૧૪૩૭-બી)

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા, પ્લોટ, લેવા- વેચવા ભાડેથી**
રુષભ ઉપાધ્યાય 9049625073
હિતેષ ઉપાધ્યાય 9326470109
(એસડીબી-૩૫૪૭)

**વસઈ - કામણ**
**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399, જીતેન્દ્રભાઈ - 9320404145. (૧૨૯૨-સી)**

## ૨૦. ધંધાદારી જગ્યા

**વર્સોવા**
યારી રોડ 585 કમર્શીયલ જગ્યા વેચવાની છે 9820613128. (એસડીબી-૩૫૩૮)

**દામજી શામજી**
**લાલબહાદુર શાસ્ત્રી માર્ગ કુર્લા (વેસ્ટ), સેમ્મી ફર્નિશ્ડ ઓફિસો ઉપલબ્ધ છે. 120' / 430' કારપેટ, (એપલ પાર્કિંગ), 2 લિફ્ટ. સંપર્ક: "જયસિંહ ઠક્કર" 9869473708. (૧૪૧૧-એ)**

**દુકાન ભાડેથી**
જોઈએ 200'-400' ચર્ચગેટ ફાઉન્ટેનથી જુહુ વચ્ચે કેક, કોફી, પેથેલોજી લેબ, આઈસ્ક્રીમ - 9819569698. (૧૪૩૯-એ)

**દુકાન વેચાણથી**
જોઈએ સાઉથ મુંબઈમાં 200'-300' ઓનરશીપ, ઈમ્પોર્ટેન્ટ તૈયાર દુકાન માટે, બજેટ, - 2.5 કરોડ. 9819569698. (૧૪૩૯-એ)

**પાર્લા વેસ્ટ**
ગાંવઠન ઓફિસ ભાડાની 150' કારપેટ સ્ટેશને સેલ્ફ કન્ટેન્ડ 40 લાખ ગંગર 8080524858. (બી-૧૮૧૮૦)

**અંધેરી ઈસ્ટ**
શોપ 275' નાગરદાસ રોડ નવામાં સેલ્ફ કન્ટેન્ડ 14 હાઈટ 2,25,00000 ગંગર 8080524858. (બી-૧૮૧૮૧)

## ૨૩. મનોરંજન

**પ્રાર્થના 4500/-**
નવરાત્રિ, દાંડિયા, સંગીતસંધ્યા, લગ્નગીત, બર્થ ડે, એનીવર્સરી. કમલેશ માંડલિયા:- 9820889938. (૧૪૧૮-બી)

**બજેટથી પ્રાર્થનાસભા**
સાંજી, ભજન - સંગીત સંધ્યા, લગ્નગીત, નવરાત્રી, Anniversary, Baby Shower. મનસુખભાઈ 9326801860, 8169552801. (૧૪૧૦-ઈ)

■ ભજન, ઓરકેસ્ટ્રા, દાંડિયારાસ, સંગીતના પ્રોગ્રામ વિજયભાઈ- 9869035035. (એસડીબી-૩૫૪૯)

## ૩૦. એજન્ટો

**"પ્રાર્થનાસભા" - "શ્રદ્ધાંજલિની" "જાહેરાતો" "મરણનોંધ" તથા "પબ્લીક નોટીસની" જાહેરાતો "Discount" સાથે છપાવવા - Vardhman 9920694381. (બી-૧૮૧૫૬)**

## ૩૨. જમીન- મિલકત

**NA PLOT**
**વસઈમાં શીરસાળથી પારોલ ભિવંડી રોડમાં રોડ ટચ ઇન્ડસ્ટ્રીયલ પ્લોટ 10,000' - 1,00,000' સુધીના વેચાણથી મળશે. (વસઈ - વિરારમાં મળશે.) 9359427833. (૧૪૧૦-એ)**

**ફાર્મહાઉસ બંગલો વેચાણથી**
5 BHK (3200 Sq.ft. Carpet) સવા એકર એગ્રીકલ્ચરલ જમીન, કંપાઉન્ડ વોલ સાથે વજ્રેશ્વરી રોડ મેંઢેગાવ વિરાર (ઈસ્ટ) બોરીવલીથી માત્ર 45 કિમી. 3.5 Cr. ફાર્મર સર્ટિફિકેટ સાથે. ઓનર:- 9820568080. (જેપી/૪૫૮૧-એ)

**CONSULTANCY**
One Time Charges for Properties Consultancy, 10000/- Rajubhai Lilyan House, Bhandar Lane, Mahim. "9821559743". (B-18145)

## ૩૩. ધંધાદારી

**પાસપોર્ટ 500/-**
Application Documentation Assistance. Speed Travels - Himanshu Shah - 9322998633. Home Service Available. (એસડીબી-૩૫૪૮)

**મેડિકલેઈમ પોલીસી**
ફેમેલી ફ્લોટર મેડિકલેમ પોલીસી 0 થી નો એજ લીમીટ, 10 લાખથી 50 લાખ અને ઉપર 3 વર્ષની પોલીસીમાં, EMIની સગવડતા ઉપલબ્ધ. શું આપનો દાવો LIC અને GICમાંથી નકારાયો કે વિલંબીત થયો છે? તો અમે આપને યોગ્ય વળતર મેળવી આપીશું. વિગત માટે સંપર્ક:- "દિલીપભાઈ" - 9136621227. (૧૪૨૮-ઈ)

**દિવાળી ગિફ્ટ**
દિવાળી તથા લગ્ન નિમિત્તે આપવા ગિફ્ટ આઈટમો હોલસેલ ભાવે- 9892930331. (બી-૧૮૧૪૬)

**ડીમ કન્વેયન્સ**
**પ્રોપર્ટીકાર્ડ ટ્રાન્સફર**
**સ્ટ્રક્ચર ઓડિટ**
**મેન્ટેનન્સ રીકવરી**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૮૧૬૩)

**કલરકામ**
તમારા ઘરને આપો નવો લુક ઉત્તમ ગુણવત્તા, યોગ્ય ભાવ 9169299961, 7977918526. (બી-૧૮૧૩૨)

## ૩૪. ફર્નીચર ફીક્ષ્ચર

**એલ્યુમિનિયમ**
**સ્લાઈડિંગ, વિન્ડો, ફોલ્ડિંગ, મચ્છર જાળી, પીજન જાળી, એનવિઝિબલ ગ્રિલ, વિશ્વકર્મા એલ્યુમિનિયમ ૯૮૯૦૮ ૪૭૫૯૮. (એસડીબીજી-૩૫૪૨)**

## ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**HEART HIDDEN SECRETS**
રેકી માસ્ટર / ટેરોટ કાર્ડ / ફેસ, ઓરા એનર્જી રીડર / ન્યુમરોલોજી પ્રેમ પૈસા પરિવાર સંબંધો કારકિર્દી નજરદોષ નકારાત્મક ઉર્જા એનર્જી બેલેન્સ હાર્ટ હીલીંગ Reena - 9833454753. (જેપી-૪૫૭૯-ઈ)

## ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

■ "એસ પેસ્ટ કંટ્રોલ" ઉધઈ, વાંદા, માંકડ. (હર્બલ). 9773226675 / 9326448699. (કાંદિવલી). (૧૪૩૨-સી)

## ૫૨. કુરીઅર્સ

**ફોરેન**
પાર્સલ માટે એક માત્ર જુનું વિશ્વસનીય નામ રમેશભાઈ-9702251440 / 9224320626. (બી-૧૮૬૩૫)

**દુનિયાભરમાં પાર્સલ**
નાસ્તો, મસાલા, કપડાં, મેડિસીન બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર- 9769691025/ 26822572. (બી-૧૮૧૪૭)

**મનસ્વી પાર્સલ**
યુરોપ, અમેરિકા, ન્યૂઝીલેંડ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194179, 7208019515. (૯૦૦/એ)

**પરદેશમાં પાર્સલ**
અમેરિકા, લંડન, દુબઈ દુનિયાભરમાં ફરીયાદીશું ઓમ્સફર્મ - 8879196093 / 9594187418. (બી-૧૮૧૭૩)

# હરમનપ્રીત કૌરે અચાનક કૅપ્ટન્સી છોડી

## ઈમોશનલ પોસ્ટમાં લખ્યું, 'મેં મારી ફરજ પૂરી કરી...મારી કૅપ્ટન્સીનો અંત આવ્યો છે, પણ ભારતીય ક્રિકેટ પ્રત્યેનો પ્રેમ કદી ઓછો નહીં થાય'

લખનઊ: ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કેપ્ટન હરમનપ્રીત કૌરે અચાનક કેપ્ટન્સી છોડી દીધી છે. તાજેતરમાં જ ભારતીય મહિલા ક્રિકેટ ટીમે તેના નેતૃત્વમાં એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીત્યો હતો. અહીં બીસીસીઆઇની રિવ્યૂ મીટિંગ બાદ હરમનપ્રીતે તમામ ફૉર્મેટની કૅપ્ટન્સી છોડી દીધી હતી. જોકે તમામ ફૉર્મેટોમાં તે ખેલાડી તરીકે રમવાનું ચાલુ રાખશે. બીસીસીઆઇએ જણાવ્યું છે કે ભારતીય ક્રિકેટમાં ૩૭ વર્ષની હરમનપ્રીત આ અગાઉ વર્ષ ૨૦૨૨માં જ્યારે મિતાલી રાજે સંન્યાસની જાહેરાત કરી હતી, ત્યારે વન-ડે ટીમની કેપ્ટન બની હતી. જૂનમાં ટી-૨૦ વર્લ્ડ કપમાંથી ભારતની વહેલી એક્ઝિટ થઈ એને પગલે હરમનપ્રીતને કૅપ્ટનપદેથી હટાવવાની માગણી સોશ્યલ મીડિયામાં શરૂ થઈ હતી. ઉલ્લેખનીય છે કે મહિલાઓની આઇપીએલ (ડબ્લ્યૂપીએલ)માં હરમનપ્રીત અને સ્મૃતિ, અનુક્રમે મુંબઈ અને બેંગ્લૂરુને બે-બે ટાઇટલ અપાવી ચૂકી છે.

### હરમનના સુકાનમાં મોટી જીત

હરમનપ્રીતની કૅપ્ટન્સીમાં ભારતની મહિલા ટીમ ૨૦૨૫માં વન-ડેનો વર્લ્ડ કપ, ૨૦૧૬ તેમ જ ૨૦૨૨ અને ૨૦૨૬માં ટી-૨૦નો એશિયા કપ અને ૨૦૨૩ તેમ જ ૨૦૨૬માં એશિયન ગેમ્સ જીતી. તેણે સૌથી પહેલાં ૨૦૧૨માં કૅપ્ટન્સી સંભાળી હતી.

### સોશ્યલ મીડિયા પર લાંબી પોસ્ટ

હરમનપ્રીતે સોશ્યલ મીડિયા પર એક લાંબી પોસ્ટ લખીને સુકાન છોડવાની જાહેરાત કરી. તેણે પહેલી જ લાઈનમાં લખી દીધું કે તે તમામ ફોર્મેટમાં ભારતીય મહિલા ક્રિકેટ ટીમની કૅપ્ટન્સી છોડી રહી છે. તેણે લખ્યું હતું કે 'આ એક મુશ્કેલ નિર્ણય છે. આમાં વર્ષોની યાદો, લાગણીઓ, બલિદાન અને એવી ક્ષણો સામેલ છે જે જીવનભર મારી સાથે રહેશે. મેં મારી ફરજ પૂરી કરી. મેં પૂરી જવાબદારીથી અને ગર્વભેર ટીમનું નેતૃત્વ સંભાળ્યું હતું અને મને ભારતીય ટીમનું સુકાન સંભાળવા મળ્યું એ બદલ હંમેશાં આભારી રહીશ. મેં આ ટીમ અને ભારતીય મહિલા ક્રિકેટને પોતાનું સર્વસ્વ આપ્યું છે; પોતાનું લોહી, પરસેવો, સમય અને ઘણી વખત પોતાની વ્યક્તિગત રમત તેમ જ મહત્વકાંક્ષાઓનું બલિદાન આપ્યું છે. મારી કૅપ્ટન્સીનો અંત આવ્યો છે, પણ ભારતીય ક્રિકેટ પ્રત્યેનો મારો પ્રેમ ક્યારેય લેશમાત્ર ઓછો નહીં થાય.'

### ઘણા મુશ્કેલ નિર્ણયો લેવા પડ્યા

હવે ભારતીય મહિલા ટીમના ભૂતપૂર્વ કેપ્ટન બની ચૂકેલી હરમનપ્રીતે આગળ લખ્યું, 'કેપ્ટન તરીકે તેણે ઘણા મુશ્કેલ નિર્ણયો લેવા પડ્યા હતા. એવા નિર્ણયો જેને હંમેશાં સમજવામાં નહોતા આવ્યા, જે સરળ નહોતા અને કેટલીક વાર જેની વ્યક્તિગત કિંમત ચૂકવવી પડી હતી. પરંતુ દરેક નિર્ણય પાછળ માત્ર એક જ ઈરાદો હતો.'



હરમનપ્રીત કૌરના નેતૃત્વમાં નવેમ્બર, ૨૦૨૫માં નવી મુંબઈમાં ભારતે વન-ડેના વર્લ્ડ કપની ટ્રોફી જીતી લીધી હતી. તેના સુકાનમાં ભારત બે વખત એશિયન ગેમ્સનો ગોલ્ડ મેડલ જીત્યું છે. (એપી)

### ભાવુક હૃદય સાથે છોડી ટીમની કમાન

હરમનપ્રીતે ભાવુક થતાં વધુમાં લખ્યું, 'આજે હું ભાવુક હૃદય સાથે, પરંતુ મનમાં સંપૂર્ણ શાંતિ સાથે કૅપ્ટન્સી છોડી રહી છું. ભારતીય ટીમ મજબૂત સ્થિતિમાં છે. આ ટીમ પ્રતિભા અને આત્મવિશ્વાસથી ભરેલી છે. હું ખેલાડી તરીકે આ ટીમની ટૅલન્ટને અને એના ભવિષ્યને જોવા તેમ જ આ ટીમનો હિસ્સો બનવા ખૂબ જ ઉત્સાહિત છું.'

### હરમનપ્રીત કૌરનો કૅપ્ટન્સીનો રેકૉર્ડ અસાધારણ છે

(૧) ટેસ્ટ-ક્રિકેટમાં પાંચમાંથી ચાર મૅચમાં ભારતની જીત, ૮૦.૦૦ ટકાનો વિનિંગ રેશિયો

(૨) વન-ડેમાં ૫૧માંથી ૩૦ મૅચમાં ભારતની જીત, ૫૮.૮૨ ટકાનો વિનિંગ રેશિયો

(૩) ટી-૨૦માં ૧૫૫માંથી ૯૨ મૅચમાં ભારતની જીત, ૫૯.૩૫નો વિનિંગ રેશિયો

(૪) એકંદરે, હરમનપ્રીતનો કૅપ્ટન તરીકેનો વિનિંગ રેશિયો ૫૯.૭૧ છે.

(૫) ટી-૨૦ ઇન્ટરનૅશનલમાં ૧૫૦થી વધુ મૅચમાં નેતૃત્વ સંભાળનાર હરમનપ્રીત (મહિલા અને પુરુષ, બન્ને વર્ગમાં) વિશ્વની સૌપ્રથમ ખેલાડી છે. ■

# સ્મૃતિ નવી કૅપ્ટન નિયુક્ત: બે ફૉર્મેટમાં અલગ વાઇસ-કૅપ્ટન મળી

નવી દિલ્હી: ૩૦ વર્ષની સ્મૃતિ મંધાનાને મંગળવારે ભારતીય મહિલા ક્રિકેટ ટીમની નવી કેપ્ટન તરીકે નિયુક્ત કરવામાં આવી હતી. હરમનપ્રીત સિંહે અચાનક કેપ્ટન્સી છોડી દીધી એને પગલે ક્રિકેટ બોર્ડે સ્મૃતિને નૅશનલ વિમેન્સ ટીમનું સુકાન સોંપ્યું છે. હરમનપ્રીતને ઝિમ્બાબ્વે સામે આગામી ૧૬-૨૮ ઑક્ટોબર ઘરઆંગણે રમાનારી ટી-૨૦ અને વન-ડે ટીમમાં સામેલ કરવામાં આવી છે. ઝિમ્બાબ્વે સામેની ૧૬, ૧૮ અને ૨૦ ઑક્ટોબરની ત્રણ ટી-૨૦ રાયપુરમાં અને ત્યાર પછી ૨૩, ૨૫ અને ૨૮ ઑક્ટોબરની ત્રણ વન-ડે વડોદરામાં રમાશે.

**કઈ ટીમમાં કોણ?**

**ટી-૨૦ ટીમ:** મંધાના (કૅપ્ટન), શેફાલી (વાઇસ-કેપ્ટન), નિકી પ્રસાદ, હરમનપ્રીત, અનુષ્કા શર્મા, રિચા (વિકેટકીપર), કમલિની (વિકેટકીપર), દીપ્તિ, પ્રેમા, શ્રી ચરની, નંદની, ક્રાંતિ ગૌડ, અરુંધતી, જે. કલિતા, મિનુ મની.

**વન-ડે ટીમ:** મંધાના (કૅપ્ટન), પ્રતીકા, શેફાલી, હરમનપ્રીત, હર્લીન દેઓલ, તેજલ, દીપ્તિ (વાઇસ-કૅપ્ટન), રિચા (વિકેટકીપર), યસ્તિકા (વિકેટકીપર), વૈષ્ણવી, નંદની, શ્રી ચરની, ક્રાંતિ ગૌડ, સાયલી, રેણુકા. ■

# આગરકરની એક્ઝિટ સાથે ભુવીનું ચાર વર્ષે ભારતીય ટીમમાં કમબૅક

નવી દિલ્હી: કાર્યકારી ચીફ સિલેક્ટર પ્રજ્ઞાન ઓઝાના અધ્યક્ષસ્થાનમાં મંગળવારે ન્યૂ ઝીલૅન્ડ ખાતેના આગામી પ્રવાસ માટેની ટી-૨૦ ટીમ જાહેર કરવામાં આવી હતી જેમાં પીઢ પેસ બોલર અને આ વર્ષની આઇપીએલના સેકન્ડ-બેસ્ટ બોલર ભુવનેશ્વર કુમારને સ્થાન આપવામાં આવ્યું છે. કહેવાય છે કે ચીફ સિલેક્ટરના હોદ્દા પરથી અજિત આગરકરની વિદાય થઈ છે અને ભુવીને ચાર વર્ષે ભારતીય ટીમમાં કમબૅક કરવા મળ્યું છે. ટી-૨૦ શ્રેણી ૨૨મી ઓક્ટોબરે શરૂ થશે.

**ભારતની ટી-૨૦ ટીમ:** શ્રેયસ (કૅપ્ટન), અભિષેક, વૈભવ, સૅમસન (વિકેટકીપર), કિશન (વિકેટકીપર), તિલક (વાઇસ-કૅપ્ટન), અક્ષર, શિવમ, નીતીશ, નમન, પ્રિન્સ, મયંક યાદવ, અર્શદીન, ભુવનેશ્વર, વરુણ અને કુલદીપ.

# હરમનપ્રીત કૌર પાસે બીસીસીઆઇએ આ ઑફર મૂકી હતી, પણ તેણે નકારી!

ગુવાહાટી: ભારતની મહિલા ક્રિકેટ ટીમની કૅપ્ટન્સી મંગળવારે છોડી દેનાર હરમનપ્રીત કૌર વિશે કેટલીક રસપ્રદ અને નવાઈ પમાડનારી વાતો બહાર આવી રહી છે જેમાંની એક વાત એ છે કે હરમનપ્રીતના નેતૃત્વમાં ભારતની મહિલા ટી-૨૦ ટીમે તાજેતરમાં એશિયન ગેમ્સમાં ગોલ્ડ મેડલ જીતી લીધો ત્યાર બાદ બોર્ડ ઑફ કન્ટ્રોલ ફૉર ક્રિકેટ ઇન ઇન્ડિયા (બીસીસીઆઇ) દ્વારા હરમનપ્રીતને ટીમની આંશિક કૅપ્ટન્સી જાળવી રાખવાની ઑફર કરી હતી, પરંતુ તેણે ના પાડી દીધી હતી.

લખનઊમાં બીસીસીઆઇ દ્વારા મહિલા ક્રિકેટરોને લગતી રિવ્યૂ મીટિંગ રાખવામાં આવી હતી જેમાં બોર્ડના સેક્રેટરી દેવજિત સૈકિયા, હરમનપ્રીત કૌર, વાઇસ-કૅપ્ટન સ્મૃતિ મંધાના અને હેડ-કોચ અમોલ મુઝુમદારે હાજરી આપી હતી. કહેવાય છે કે બીસીસીઆઇએ હરમનપ્રીતને ઑફર કરી હતી કે તેણે ટી-૨૦ ટીમની કૅપ્ટન્સી ભલે છોડી દે, પણ વન-ડે ટીમની કૅપ્ટન્સી ચાલુ રાખવી જોઈએ.

જોકે ૩૭ વર્ષીય હરમનપ્રીતે એમાં કોઈ રસ નહોતો બતાવ્યો. મહિલાઓની ટેસ્ટ વર્ષ દરમ્યાન ખૂબ ઓછી રમાય છે. હરમનપ્રીતને કૅપ્ટનપદેથી દૂર કરી નાખવી જોઈએ એવી કેટલાક ભૂતપૂર્વ ખેલાડીઓએ તેમ જ સોશ્યલ મીડિયામાં માગણી થઈ હતી. સ્મૃતિ મંધાના ઘણા સમયથી હરમનપ્રીતની ડેપ્યૂટી રહી છે. ■

# શ્રેયસે ભારતને જિતાડતાં પહેલાં પ્રથમ સેન્ચુરી પૂરી કરી!

લખનઊ: અહીં ભારતે ગઈ કાલે વેસ્ટ ઇન્ડિઝ સામે સિરીઝની પ્રથમ ટી-૨૦ બત્રીસ બૉલ અને આઠ વિકેટ બાકી રાખીને જીતી લીધી હતી. કૅપ્ટન શ્રેયસ ઐયર (૧૦૨ અણનમ, ૪૩ બૉલ, છ સિક્સર, દસ ફોર) આ મૅચનો સુપરહીરો હતો એટલું જ નહીં, તેણે ભારતને વિજય અપાવતાં પહેલાં પ્રથમ ટી-૨૦ ઇન્ટરનૅશનલ સેન્ચુરી પૂરી કરી લીધી હતી. ભારતે પાંચ મૅચની શ્રેણીમાં ૧-૦થી સરસાઈ મેળવી છે.

વર્લ્ડ નંબર વન ભારત સતત ૧૦મી ટી-૨૦ મૅચ જીત્યું છે. ભારતે ૧૭૨ રનનો લક્ષ્યાંક ૧૪.૪ ઓવરમાં બે વિકેટના ભોગે મેળવી લીધો હતો. શ્રેયસની સાથે ઇશાન કિશન ૩૭ રને અણનમ રહ્યો હતો. અકીલ હૉસૈન અને રૉસ્ટન ચેઝે એક-એક વિકેટ લીધી હતી.

એ પહેલાં, વેસ્ટ ઇન્ડિઝની ટીમ ૧૯.૧ ઓવરમાં ૧૭૧ રનના સાધારણ સ્કોર પર ઑલઆઉટ થઈ ગઈ હતી. પહેલી જ ટી-૨૦ રમી રહેલા સ્પિન ઑલરાઉન્ડર નમન ધીરે સૌથી વધુ ત્રણ વિકેટ, અક્ષર પટેલે બે વિકેટ તેમ જ કુલદીપ યાદવે પણ બે વિકેટ લીધી હતી. એક-એક વિકેટ અર્શદીપ અને મયંક યાદવને મળી હતી.

શાઇ હોપ (૩૭ બૉલમાં બાવન રન) અને શેરફેન રુધરફર્ડ (૩૪ બૉલમાં ૫૬ રન) વચ્ચેની ૬૩ રનની ભાગીદારીએ કૅરિબિયન ટીમની આબરૂ સાચવી હતી. ભારતે ૧૭૨ રનના લક્ષ્યાંકના જવાબમાં ૨૯મા રને અભિષેક શર્મા (૨૧ રન) અને ૩૫મા રને સૅમસન (૧૧ રન)ની વિકેટ ગુમાવી દીધી હતી. બીજી ટી-૨૦ રાંચીમાં શુક્રવાર, નવમી ઑક્ટોબરે રમાશે. ■

# આઇસીસી અવૉર્ડ માટે ગિલ, અભિષેક, શેફાલી, શ્રી ચરની નૉમિનેટ થયાં

દુબઈ: ભારતની મેન્સ ક્રિકેટ ટીમના કૅપ્ટન શુભમન ગિલ તથા ઓપનર અભિષેક શર્માને તેમ જ મહિલા ટીમની ઑલરાઉન્ડર શેફાલી વર્મા અને સ્પિનર શ્રી ચરનીને અનુક્રમે આઇસીસી મેન્સ તથા વિમેન્સ પ્લેયર ઑફ ધ મન્થ અવૉર્ડ માટે નૉમિનેટ કરવામાં આવ્યાં છે.

આ પુરસ્કાર સપ્ટેમ્બર મહિના માટેના છે અને એ માટે નૉમિનેટ થયેલા અન્ય દેશોના ખેલાડીઓમાં ઝિમ્બાબ્વેના સિકંદર રઝા તથા શ્રીલંકન મહિલા ખેલાડી ચમારી અથાપથ્થુનો પણ સમાવેશ છે.

અભિષેકે સપ્ટેમ્બરમાં ચાર ટી-૨૦ મૅચમાં કુલ ૨૨૯ રન બનાવ્યા હતા. એમાં અફઘાનિસ્તાન સામે તેણે વિક્રમજનક ૩૦ બૉલમાં ફટકારેલી સદીનો પણ સમાવેશ હતો. શુભમન ગિલે વેસ્ટ ઇન્ડિઝ સામેની બે વન-ડેમાં ૩૩૩ રન ખડકી દીધા હતા. એમાં તેની ડબલ સેન્ચુરી પણ સામેલ હતી. તેને પાંચમી વખત આઇસીસી મન્થલી અવૉર્ડ જીતવાનો મોકો છે. ■

# ૨૦૩૬ની ઑલિમ્પિક્સ વિશે નવું અપડેટ... ભારત ઉપરાંત બીજા છ દેશે દાવો કર્યો છે

લૉસેન: ઇન્ટરનૅશનલ ઑલિમ્પિક કમિટી (આઇઓસી)એ મંગળવારે કહ્યું હતું કે ૨૦૩૬ની ઑલિમ્પિક ગેમ્સના યજમાન બનવા માટે ભારત, જર્મની, કતાર અને તુર્કી સહિત કુલ સાત દેશે દાવો કર્યો છે. આ દેશો આવતા મહિને (નવેમ્બરમાં) આઇઓસીના ફ્યુચર હૉસ્ટ કમિશન સમક્ષ ઑલિમ્પિક્સને લગતા પોતાના પ્રૉજેક્ટનું પ્રેઝન્ટેશન કરશે.

ઉલ્લેખનીય છે કે ભારતે ૨૦૨૪માં જ સત્તાવાર રીતે દાવો કરી દીધો હતો. જો ભારતને યજમાનપદ સોંપવામાં આવશે તો દુનિયાનો આ સૌથી મોટો રમતોત્સવ અમદાવાદમાં યોજાશે. યજમાન નક્કી કરવાની પ્રક્રિયા આઇઓસીના નવા પ્રમુખ કર્સ્ટી કૉવેન્ટ્રી દ્વારા અટકાવવામાં આવી હતી અને યજમાનનું નામ લગભગ ૨૦૨૯ની સાલમાં નક્કી કરવામાં આવશે.

આઇઓસીની એક યાદીમાં જણાવાયું છે કે '૧૦ વર્ષ પછીની ઑલિમ્પિક્સ યોજવામાં દક્ષિણ કોરિયા, સાઉથ આફ્રિકા તથા હંગેરીને પણ રસ છે. જોકે આગામી ૩૧મી ઑક્ટોબર પછી કોઈ પણ નવા દેશનું નામ ઉમેરવામાં નહીં આવે.'

આઇઓસીએ જણાવ્યું છે કે 'વિવિધ દેશોના પ્રૉજેક્ટનું મૂલ્યાંકન કેટલાક ટેક્નિકલ પરિબળોને આધારે કરવામાં આવશે અને એમાં યજમાની માટેના સ્થળને લગતા માસ્ટર-પ્લાન તથા ઍથ્લીટોને લગતા અનુભવ, ભંડોળ પૂરું પાડવા સંબંધિત વ્યૂહરચના, રાજકીય અને જાહેર જનતાના સ્તરે આયોજન બાબતમાં ટેકો, રમતોત્સવ સફળતાથી પાર પાડવા વિશેની સંસ્થાકીય, યાંત્રિક, ભૌગોલિક સ્થિતિ, માળખાકીય સગવડો તેમ જ વિરાસતમાં મળનારા લાંબા ગાળાના ફાયદા જેવી બાબતોનો સમાવેશ છે. ■

# સૂર્યકુમારને શું થઈ ગયું છે?

## મુંબઈની રણજી ટીમમાં સૂર્યાને નથી સમાવવામાં આવ્યો એનું કારણ બહાર આવી ગયું

મુંબઈ: રવિવાર, ૧૧મી ઑક્ટોબરે વાનખેડે સ્ટેડિયમમાં ચંડીગઢ સામે રમાનારી રણજી ટ્રૉફીની નવી સીઝનની પ્રથમ મૅચ માટેની મુંબઈની ટીમમાં પીઢ ખેલાડી અને ભારતના ભૂતપૂર્વ ટી-૨૦ કૅપ્ટન સૂર્યકુમાર યાદવને નથી સમાવવામાં આવ્યો એની સોમવારથી ખૂબ ચર્ચા હતી, પરંતુ મુંબઈ ક્રિકેટ અસોસિયેશન (એમસીએ)ના એક સૂત્ર પાસેથી એનું કારણ જાણવા મળ્યું હોવાનું પીટીઆઇએ અહેવાલમાં જણાવ્યું છે.

સૂર્યકુમારે ભારતીય ટીમમાંથી સ્થાન ગુમાવ્યું છે એટલે હવે તેણે ડોમેસ્ટિક ક્રિકેટની નવી સીઝનમાં સારું રમીને ફૉર્મ બતાવવું પડશે, પણ તે સીઝન પહેલાંના પ્રૅક્ટિસ કૅમ્પમાં ગેરહાજર રહ્યો હોવાથી રણજી ટીમમાં તેને સામેલ નથી કરવામાં આવ્યો.

વિક્રમજનક ૪૨ વખત રણજી ચૅમ્પિયન બનેલા મુંબઈની ટીમ જાહેર કરવામાં આવી એ પહેલાંની આખી શિબિરમાં તે હાજર નહોતો. મુંબઈના ખેલાડીઓ નવી સીઝન માટે મહિનાથી તાલીમ લઈ રહ્યા છે અને મંગળવારે પણ તેમણે ક્રિકેટ ક્લબ ઑફ ઇન્ડિયા (સીસીઆઇ)ના બ્રેબર્ન સ્ટેડિયમમાં અને બાંદરા-કુર્લા કૉમ્પ્લેક્સ (બીકેસી)ના એમસીએના મેદાન પર પ્રૅક્ટિસ કરી હતી.

એમસીએના સૂત્રએ પીટીઆઈને જણાવ્યું, 'આખરે આ ટીમ ગેમ છે. રેડ બૉલનો તેને (સૂર્યાને) ઘણા સમયથી ખાસ કંઈ અનુભવ પણ નથી. તેના વિશે નિર્ણય સર્વાનુમતે લેવાયો છે.' ■


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**એનએમડીસી લિમિટેડ**
(ભારત સરકારનો ઉપક્રમ)
રજી. ઓફિસ: 'ખનિજ ભવન', ૧૦-૩-૩૧૧/એ, કેસલ હીલ્સ, મસબ ટેન્ક, હૈદરાબાદ-૫૦૦ ૦૨૮.
CIN: L13100TG1958GOI001674

**NMDC ડાયમંડ માઈનીંગ પ્રોજેક્ટ, મઝગવાં, પન્નાથી રફ ડાયમંડનું ઈ-ઓકશન વેચાણ**
NMDC, મે. MSTC લી. દ્વારા આયોજિત ઈ-ઓકશન દ્વારા વેચાણ માટે NMDC ડાયમંડ માઈનીંગ પ્રોજેક્ટ, મઝગવાં, પન્ના, M.P. ખાતે ૧૨/૧૦/૨૬ થી ૧૬/૧૦/૨૬ સુધી લગભગ ૧૩૧૭૭ કેરેટ રફ ડાયમંડના લોટ પ્રદર્શિત કરશે. પ્રદર્શિત કરવાનો સમય, ઈ-ઓકશન અને સામેલ થવાની પ્રક્રિયા અંગેની વધુ વિગતો માટે ખરીદારો NMDC વેબસાઈટ: **www.nmdc.co.in** જોઈ શકે છે અથવા CGM/DGM (કોમર્સીયલ), પન્ના ખાતે ૯૮૬૯૪૦૨૪૫૮ ઉપર અથવા DGM (HR), પન્ના ખાતે મોબાઈલ નં. ૮૮૨૧૦૦૦૦૦૩ ઉપર અથવા HO હૈદરાબાદ ખાતે મોબાઈલ નં. ૭૫૮૭૦૦૭૮૨૪ ઉપર અથવા મે. MSTC લીમીટેડ ખાતે ૮૮૦૧૦૭૪૭૫૪ / ૭૭૯૯૫૭૦૬૦૦ ઉપર સંપર્ક કરી શકે છે.

BRIHANMUMBAI MAHANAGARPALIKA
**ઈ-ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| વિભાગ : | આસિસ્ટન્ટ કમિશનર (SWM) 'એ' વોર્ડ |
| વિષય : | એ વોર્ડમાં કફ પરેડ ખાતે BMC સ્ટ્રીપ ગાર્ડનનું વિકાસ & સુશોભિકરણ (થીમ-વન સરિતા) બીડ નં. 2026_MCGM_1343173_1 |
| બીડ શરૂ થવાની તારીખ અને સમય : | ૭-૧૦-૨૦૨૬ના બ. ૧૨ વાગે |
| બીડ માટેની અંતિમ તારીખ અને સમય : | ૨૭-૧૦-૨૦૨૬ના બ. ૧૨ વાગે |
| વેબસાઈટ | http://portal.mcgm.gov.in |
| સંપર્ક અધિકારી નામ અને નંબર : | આસી. એન્જી. (મેઈન્ટે. I) 'એ' વોર્ડ ઓફિસ ફોન નંબર : ૦૨૨-૨૨૬૦૭૦૨૨ મોબાઈલ નંબર ૯૦૦૪૬૮૮૬૭૮ |
| ઈ-મેલ : | ac.a@mcgm.gov.in |

સહી/-
આસિસ્ટન્ટ કમિશનર 'એ' વોર્ડ
PRO/1624/ADV./2026-27
ચાલો સાથે મળી મુંબઈને મેલેરિયા મુક્ત બનાવીએ

BRIHANMUMBAI MAHANAGARPALIKA
પબ્લિક હેલ્થ વિભાગ
કસ્તુરબા હોસ્પિટલ
સાને ગુરુજી માર્ગ, મુંબઈ-૪૦૦૦૧૧.
નં. HO/૫૬૧૩/KH તારીખ ૬/૧૦/૨૦૨૬
**ઈ-ટેન્ડર નોટીસ**
BMCના મ્યુનિસિપલ કમિશનર માટે અને વતી મેડિકલ સુપ્રિ- કસ્તુરબા હોસ્પિટલ દ્વારા નીચેના સદર કામ માટે ઓનલાઈન ટેન્ડર મંગાવે છે.

| ક્ર. નં. | બીડ નંબર | આઈટમનું નામ |
|---|---|---|
| મહાટેન્ડર્સ પોર્ટલ: https://mahatenders.gov.in/દ્વારા | | |
| ૧ | ૨૦૨૬_MCGM_૧૩૪૨૫૪૬_૧ | કસ્તુરબા હોસ્પિટલ ખાતે માઈક્રોબાયોલોજી લેબ તથા ICTC લેબમાં એલ્યુમિનિયમ ફેબ્રીકેશન તથા વુડન કાર્પેન્ટરીના રીફરબીશમેન્ટ કામ. |
| ૨ | ૨૦૨૬_MCGM_૧૩૪૨૫૪૫_૧ | કસ્તુરબા હોસ્પિટલ ખાતે PUF ઈન્સ્યુલેટેડ વેધર શેડ & ક્વાર્ટર્સ ખાતે MS ગેટનું તોડકામ, ફેબ્રીકેટીંગ & ફીક્ષીંગનું કામ |
| ૩ | ૨૦૨૬_MCGM_૧૩૪૨૫૪૭_૧ | કસ્તુરબા હોસ્પિટલ ખાતે રીઈન્ફોર્સ્ડ એસેસ પ્લેટફોર્મ સાથે રક્ષણાત્મક ઓવરહેડ વ્યવસ્થાની બજવણી |
| GEM પોર્ટલ: https://gem.gov.in/ દ્વારા | | |
| ૪ | GEM/2026/B/8111065 | એક વર્ષની મુદત માટે કસ્તુરબા હોસ્પિટલમાં AC ફેસીલીટી મેનેજમેન્ટ સેવાઓના અપલીફટમેન્ટ તથા ઈન્ટીગ્રેશન માટે વ્યૂહાત્મક સંચાલન અને જાળવણી. |

બીડ પ્રારંભ: ૦૬.૧૦.૨૦૨૬ ૧૦.૦૦ કલાકે બીડ સમાપ્તિ: ૧૨.૧૦.૨૦૨૬ ૧૬.૦૦ કલાકે
સંપર્ક ઓફિસર: ડૉ. શિવનંદા આર. લાવંડ, મેડિકલ સુપ્રિ.- કસ્તુરબા હોસ્પિટલ
ટેલિ. નં. ૦૨૨-૨૩૦૨૭૭૬૯ ઈમેલ: ms01kasturba.phd@mcgm.gov.in
સહી/-
મેડિકલ સુપ્રિ.
કસ્તુરબા હોસ્પિટલ
PRO/1609/ADV./2026-27
વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

BRIHANMUMBAI MAHANAGARPALIKA
આપત્તિ મેનેજમેન્ટ વિભાગ
**ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| બીડ નં.: | GEM/૨૦૨૬/B/૮૧૧૬૬૬૭, તા. ૫/૧૦/૨૦૨૬ |
| સંસ્થાનું નામ | બૃહન્મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશન |
| વિષય | ડીઝાસ્ટર મેનેજમેન્ટ ડીપાર્ટમેન્ટ, આપત્તિ વહીવટ વિભાગ માટે ૩૬ માસ માટે DM વેબસાઈટ & મોબાઈલ ઍપનો વિકાસ AWS માટે નેટવર્ક, ઓટોમેટીક વેધર સ્ટેશનોના વ્યાપક સેવા અને નિભાવ કોન્ટ્રેક્ટ. |
| ટેન્ડર ફી | રૂ. ૧૯૯૬૫ + ૧૮% GST |
| બાના રકમ ડિપોઝિટ | રૂ. ૩૭,૨૦,૦૦૦/- |
| ટેન્ડર દસ્તાવેજની ઈશ્યુની તારીખ | ૦૫-૧૦-૨૦૨૬ બ. ૦૨.૦૦ ક.થી |
| પ્રી બીડ મિટિંગ | ૦૯-૧૦-૨૦૨૬ બ. ૦૩.૦૦ ક. |
| બીડની છેલ્લી તારીખ અને સમય | ૧૫-૧૦-૨૦૨૬ બ. ૦૨.૦૦ ક. સુધી |
| બીડ ખુલશે. તા. & સમય | ૧૬-૧૦-૨૦૨૬ બ. ૨.૦૦ ક. |
| 'ફોલ્ડર બે નાણાકીય બીડ' તરીકે ફોલ્ડર 'સી' ગણાશે | બાદમાં જાણ કરાશે |
| વેબસાઈટ | http://gem.gov.in |
| સંપર્ક વ્યક્તિનું નામ | SE (DMU) ૦૨૨ ૬૧૨૩૪૧૧૦ |
| સંચાર માટેનું સરનામું & પ્રી બીડ મિટિંગ & બીડ | ચીફ ઓફિસર (DMU), મ્યુનિસિપલ હેડ ઓફિસ, ૨જો માળ, એનેક્સ બિલ્ડીંગ, મહાપાલિકા માર્ગ, મુંબઈ-૪૦૦૦૦૧ની ઓફિસ. ફો. ૦૨૨-૬૧૨૩૪૦૦૦ / ૨૨૬૯૪૭૨૫/૨૭ ઈમેલ ID : co.dm@mcgm.gov.in |
| ખોલવા માટેનું સ્થળ | ઉપરોક્ત સરનામે ઓનલાઈન |

નોંધ -
૧. તમામ રસ ધરાવતા બિડરોએ નોંધ લેવી જોઈએ કે આ કાર્યના સંબંધમાં સુધારા (જો કોઈ હોય તો) ફક્ત GeM પોર્ટલ પર જ પ્રકાશિત કરવામાં આવશે.
૨. BMC કોઈપણ તબક્કે કોઈપણ કારણ આપ્યા વિના કોઈપણ અરજી સ્વીકારવાનો અથવા ઉપરોક્ત વિષય માટે પ્રાપ્ત કોઈપણ અથવા બધી અરજીઓને નકારી કાઢવાનો અધિકાર અનામત રાખે છે.
સહી/-
ચીફ ઓફિસર
(DMP & CCRS)
PRO/1613/ADV./2026-27
વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

**PUBLIC NOTICE**
NOTICE is hereby given that (1) Mrs. Shakuntala Sureshchandra Shah and (2) Mr. Shrikant Sureshchandra Shah (collectively the **"Owners"**), are the owners of and well and sufficiently entitled to the undermentioned land and the structures standing thereon.
Our client is negotiating to purchase and acquire from the Owners, the undermentioned land and the structures standing thereon, and all the rights, title, interest, benefits, advantages, etc. in respect thereof, clear, marketable and free from all encumbrances.
Any and all persons/entities including any bank and/or financial institution having any right, title, claim, benefit, demand and/or interest etc. against the Owners and/or the undermentioned land and/or the structure standing thereon or any part thereof and/or the development potential and/or the development rights and/or the structure standing thereon and/or any part thereof and/or any other rights, title, interest etc. or any part thereof including any right, title, claim, benefit, demand and/or interest etc. by way of sale, exchange, let, lease, sub-lease, license, assignment, mortgage, inheritance, bequest, succession, gift, lien, charge, maintenance, easement, tenancy, sub-tenancy, trust, occupation, possession, family arrangement/ settlement, contracts, agreements, partnership, arrangement, decree and/or order of any Court of Law, Tribunal, Authority and/or any other fora or otherwise of whatsoever nature, is/are hereby required to make the same known in writing, along with supporting documentary evidence, to the undersigned at the address and the email ID mentioned below, within fifteen (15) days from the date of the publication of this public notice, failing which, any and all the rights, titles, claims, benefits, demands and/or interests etc., if any, shall be deemed to have been waived and abandoned, and the sale, transfer and assignment of the undermentioned land and the structure standing thereon, will be completed in favour of our client, without reference to any such claims etc.
**The Schedule above referred to**
All that pieces and parcel of land bearing Cadastral Survey No.458 admeasuring 505.30 sq. mtrs. (as per Property Register Card) of Girgaum Division, District: Mumbai City together with buildings and structures standing thereon all known as "Mangal Bhuwan".
**Dated this 07th day of October, 2026**
Bharat Jain
IC Regfin Legal Partners LLP
**Advocates High Court,** Office No.605-A/605-B, 6th Floor, Sir Vithaldas Chambers, Mumbai Samachar Marg, Fort, Mumbai - 400 001.
Email id: bharat.jain@regfinlegal.com

**પશ્ચિમ રેલવે - અમદાવાદ મંડળ**
વિવિધ એન્જિનિયરિંગ કાર્ય
ઈ-ટેન્ડર નોટિસ નં. 16 વર્ષ 2026-27 તારીખ: 07.08.2026

| ક્ર. સં | ઈ-ટેન્ડર નંબર અને કામનું નામ | અંદાજિત NIT કિંમત (રૂ.માં) | EMD રકમ (રૂ.માં) |
|---|---|---|---|
| 1 | DRM-ADI-142-2026-27 રાધનપુર: નવા ધોરણ મુજબ RPF ઓફિસ આઉટપોસ્ટનું નિર્માણ.(કોમ્પોઝિટ ટેન્ડર) (પુનઃ આમંત્રિત) | 86,87,128.57 | 1,73,800.00 |
| 2 | DRM-ADI-143-2026-27 ગાંધીધામ રેલવે કોલોની, સ્ટેશન, યાર્ડ અને પિટ લાઇન, SRVA સ્ટેશન, KDLP સ્ટેશન, A-કેબિન, GE લોકોમોટિવ શેડ, ખારી રોહર, ગોપાલપુર સ્ટેશન અને કોલોનીમાં રોડ ટેન્કર દ્વારા પીવાલાયક પાણીની આપૂર્તિ.(એક વર્ષ માટે) | 2,06,10,791.68 | 4,12,200.00 |
| 3 | DRM-ADI-144-2026-27 સામાખિયાળી-ગાંધીધામ સેકશન (જીઆઈએમ સિવાય) - સામાખિયાળી-ગાંધીધામ સેકશન (જીઆઈએમ સિવાય) વચ્ચે રેલવે સ્ટેશનો, એલસી ગેંગ અને સ્ટાફ ક્વાર્ટર્સને રોડ ટેન્કર દ્વારા પીવાના પાણીની આપૂર્તિ.(બે વર્ષ માટે) | 51,52,884.24 | 1,03,100.00 |
| 4 | DRM-ADI-145-2026-27 ADEN (W-I)-અમદાવાદના અધિકારક્ષેત્ર હેઠળ મણિનગર અને વટવા ખાતે આવેલી રેલવે કોલોની તથા સર્વિસ બિલ્ડિંગની ઓવરહેડ પાણીની ટાંકીઓ અને અંડરગ્રાઉન્ડ વોટર સંપની સફાઈ.(24 મહિના માટે) | 36,25,421.07 | 72,500.00 |
| 5 | DRM-ADI-146-2026-27 વરિષ્ઠ સેક્શનલ એન્જિનિયર (વર્ક્સ) (દક્ષિણ)-ADIના અધિકારક્ષેત્ર હેઠળ મણિનગર વિસ્તારમાં પીવાના પાણીનું ક્લોરીનેશન.(પાંચ વર્ષ માટે) | 41,97,827.36 | 84,000.00 |

**ઈ-નિવિદા બંધ થવાની તારીખ અને સમય:** તારીખ 03/11/2026, 15:00 કલાક. **ઓફિસનું સરનામું:** સિનિયર ડિવિઝનલ એન્જિનિયર (સમ.)-અમદાવાદ, ડીઆરએમ ઓફિસ, ચામુંડા બ્રિજ પાસે, નવી સ્વદેશી મિલની સામે, નરોડા રોડ, અમદુપુરા, અમદાવાદ-382345 **ઈ-ટેન્ડરમાં ભાગ લેવા માટેની વેબસાઈટ: www.ireps.gov.in**
ADI 180
અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

BRIHANMUMBAI MAHANAGARPALIKA
ચીફ એન્જીનિયર (ઘન કચરા વ્યવસ્થાપન)
નં. ડે. ચીફ એન્જી./૫૦૬૩/SWM/E.S. તા. ૫/૧૦/૨૬
ડે. ચીફ એન્જી. (SWM) E.S., ૬ઠ્ઠો માળ, BMC ગેરેજ બીલ્ડીંગ, પંતનગર, ઘાટકોપર (પૂર્વ), મુંબઈ-૭૫ની ઓફિસ
**આ EOI-નોટીસ છે**
બૃહન્મુંબઈ મહાનગરપાલિકા (BMC)ના મ્યુનિ. કમિશનર ભરપૂર અનુભવ અને નાણાંકીય અને સંગઠનાત્મક ક્ષમતા ધરાવતી વ્યક્તિગત પાર્ટીઓ પાસેથી નીચેના કામ માટે EOI મંગાવે છે.
EOI કોપી એક્ષી. એન્જી. (SWM) Z-5ની ઓફિસેથી મળશે.

| કામનું નામ | રૂ.માં EOI ફી | EOI પ્રારંભ તા. & સમય | પ્રી-EOI સભાની તા. | EOI ની છેલ્લી તા. & સમય |
|---|---|---|---|---|
| વેસ્ટ જનરેશન અને પ્રોજેકશન પર અભ્યાસ હાથ ધરવો. | રૂ. ૧૦,૦૦૦/- (+ ૧૮% GST) ડીડીના ફોર્મમાં અથવા રોકડા | ૭/૧૦/૨૬ | ૧૨/૧૦/૨૬ના ૧૫ ક. ઉપરોક્ત ઓફિસના સરનામે | ૨૭/૧૦/૨૬ના ૧૬ ક. |

જો ત્યાં તારીખોમાં ફેરફાર હશે તો તે BMC વેબસાઈટ (https://www.mcgm.gov.in)/ ડે. ચીફ એન્જી. (SWM) ESની આ ઓફિસમાં નોટીસ બોર્ડ પર મૂકાશે.
EOI ૨૭/૧૦/૨૬ના ૧૬.૦૦ ક. સુધીમાં કે તે પહેલાં ઓફિસના કલાકો દરમ્યાન કોઈપણ કામના દિવસે ઉપરોક્ત દર્શાવેલા સરનામે બંધ કવરમાં સુપ્રત કરવી જોઈશે.
સહી/-
એક્ષી. એન્જી. (SWM) Z-5
PRO/1616/ADV./2026-27
વૃક્ષો વાવો, વૃક્ષોનું જતન કરો.




# વડા પ્રધાન અને એકનાથ શિંદેની મુલાકાતઃ રાજ્યમાં નવા રાજકીય સમીકરણોનાં એંધાણ



વિધાન પરિષદની પુણે શિક્ષક મતદારસંઘની ઉમેદવારીને લઈને ચાલી રહેલા સંઘર્ષ વચ્ચે નાયબ મુખ્ય પ્રધાન એકનાથ શિંદે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને સોમવારે મોડી રાતે અચાનક મળવા પહોંચી ગયા હતા અને તેનાથી મહારાષ્ટ્રના રાજકારણમાં નવા સમીકરણો ગોઠવાય એવો અંદાજ બાંધવામાં આવી રહ્યો છે.

નવી દિલ્હીમાં મહારાષ્ટ્રના નાયબ મુખ્યમંત્રી એકનાથ શિંદે અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી વચ્ચે થયેલી બેઠક મુખ્યત્વે મહારાષ્ટ્રમાં પ્રવર્તતી ગંભીર દુષ્કાળની સ્થિતિ અંગે ચર્ચા કરવા માટે યોજાઈ હતી એવી સત્તાવાર જાહેરાત કરવામાં આવી હતી, જોકે આ બેઠક જટિલ સ્થાનિક રાજકીય પરિસ્થિતિની પૃષ્ઠભૂમિમાં યોજાઈ હતી.

શિંદેએ જણાવ્યું હતું કે એક કલાક ચાલેલી આ બેઠક સંપૂર્ણપણે વહીવટી બાબતો પર કેન્દ્રિત હતી. તેમાં અપૂરતા વરસાદને કારણે દુકાળગ્રસ્ત જાહેર (જુઓ પાનું ૪)

# બંને ગઠબંધનમાં બળવોઃ મતોનું વિભાજન કોના માટે ફાયદાકારક સાબિત થશે?

મુંબઈઃ વિધાન પરિષદની પાંચ બેઠકો માટે ઉમેદવારી ફોર્મ ભરવાની મુદત પૂરી થઈ ગઈ છે. આ ચૂંટણી ત્રણ ગ્રેજ્યુએટ અને બે શિક્ષક મતવિસ્તારોમાં યોજાઈ રહી છે. ઉમેદવારી નોંધાવવાના અંતિમ દિવસે ઘણા ઉમેદવારોએ ફોર્મ ભર્યા હોવાથી ચૂંટણીનું ચિત્ર લગભગ સ્પષ્ટ થઈ ગયું છે. જોકે, ૯ ઓક્ટોબર પછી જ અંતિમ લડાઈનું ચિત્ર સ્પષ્ટ થશે.

આ ચૂંટણીમાં મહાયુતિ સામે સૌથી મોટો પડકાર ઘટક પક્ષોના ઉમેદવારોનો છે. કેટલાક મતવિસ્તારોમાં ભાજપ અને શિંદે જૂથની શિવસેનાના ઉમેદવારો એકબીજા સામે ઊભા છે. તેથી મહાયુતિના મતોનું વિભાજન થશે કે નહીં, તેના (જુઓ પાનું ૪)

# ચૂંટણીપંચ સામે કૉંગ્રેસનો વિરોધ ષડયંત્ર છેઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર ભારતની બંધારણીય સંસ્થાઓમાં અવિશ્વાસ પેદા કરવાનો પ્રયાસ કરવાનો આરોપ કરી જણાવ્યું કે ચૂંટણી પંચ સામે તેમનો વિરોધ બંધારણને નુકસાન પહોંચાડવાના ષડયંત્રનો હિસ્સો છે.

ફડણવીસે પ્રધાનમંડળની સાપ્તાહિક બેઠક પછી સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે 'દરરોજ જૂઠું બોલીને અને ભારતની બંધારણીય સંસ્થાઓ પડી ભાંગી છે એવો ભ્રમ લોકોમાં પેદા કરીને અને તેમને ન્યાય નહીં મળે એવી કાન ભંભેરણી કરી ત્યારબાદ બંધારણનો જ અસ્વીકાર કરવાનું આ એક કાવતરું ચાલી રહ્યું છે.'

રાહુલ ગાંધીની આગેવાની હેઠળના વિપક્ષના ચૂંટણીપંચ સામેના વિરોધ અને મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માગણીના સંદર્ભમાં તેમણે ટિપ્પણી કરી છે. મુખ્ય પ્રધાને વધુમાં જણાવ્યું હતું કે આ આંદોલન ષડયંત્રનો એક ભાગ છે. બંધારણને હાથમાં રાખી તમામ પ્રકારના ગેરબંધારણીય કાર્ય કરે છે. તેમનો ઈરાદો લોકોમાં બંધારણ અને બંધારણીય સંસ્થા પ્રત્યે નકારાત્મકતા પેદા કરવાનો હતો.

આ ઝુંબેશનો અશક્ય આત્યંતિક-ડાબેરી સરકાર માટે માર્ગ મોકળો કરવાનો અને લોકશાહી સંસ્થાઓને નબળી પાડવાનો છે એવો આરોપ કરી મુખ્ય પ્રધાને ઉમેર્યું હતું (જુઓ પાનું ૪)




## મહારાષ્ટ્ર એસઆઈઆર

# ડ્રાફ્ટ મતદાર યાદી બાદ નવા મતદારો અને સુધારા માટે સીઈઓને ૬.૨૪ લાખ ફોર્મ મળ્યા

મુંબઈ : સત્તાવાર આંકડા મુજબ, મહારાષ્ટ્રના ૩૬ જિલ્લાઓમાં ચાલી રહેલી 'સ્પેશિયલ ઇન્ટેન્સિવ રિવિઝન' (એસઆઇઆર) પ્રક્રિયા દરમિયાન મતદાર યાદીના મુસદ્દાના પ્રકાશન બાદ નવા મતદારોની નોંધણી, વાંધાઓ અને સુધારા માટે ૬ લાખથી વધુ અરજીઓ મળી છે, જેમાં પુણેમાં સૌથી વધુ ૫૬,૬૦૫ અરજીઓ નોંધાઈ છે ત્યારબાદ થાણે, મુંબઈ, નાશિક,જળગાંવ, નાગપુરનો સમાવેશ થાય છે.

મતદાર યાદીનો મુસદ્દો ૩૧ ઓગસ્ટના રોજ પ્રસિદ્ધ કરવામાં આવ્યો હતો. કુલ ૯,૭૮,૫૪,૦૪૯ મતદારોમાંથી ૭,૭૧,૬૫,૫૬૨ મતદારોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, જ્યારે ૨,૦૬,૮૮,૪૮૭ મતદારો (અથવા ૨૧.૧૪ ટકા) ને એએસડીડીઓ (ગેરહાજર/સ્થળાંતરિત/મૃત/ડુપ્લિકેટ/અન્ય) શ્રેણીમાં મૂકવામાં આવ્યા હતા. જે લોકો નોંધણી કરી શક્યા નહોતા તેમને (જુઓ પાનું ૪)

# રાજકીય લાભની લાલચ વિના સરકાર વિદ્યાર્થીઓની ફરિયાદોનું નિરાકરણ કરેઃ ફડણવીસ

મુંબઈઃ મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મંગળવારે જણાવ્યું હતું કે વિદ્યાર્થીઓનો રાજકીય હેતુઓ માટે ઉપયોગ કરવાના પ્રયાસો સાંખી લેવામાં નહીં આવે અને એનો પ્રતિકાર રાજકીય રીતે કરવામાં આવશે. વિદ્યાર્થીઓની ફરિયાદોને નક્કર કાર્યવાહી દ્વારા દૂર કરવામાં આવી રહી છે.

મુંબઈમાં આદિવાસી વિદ્યાર્થીઓની અટકાયત કરવામાં આવી હતી અને ફરિયાદો કરતા તેમને અટકાવવામાં આવ્યા હતા એવા કોંગ્રેસના આરોપો ફગાવી તેમણે જણાવ્યું હતું કે 'મુંબઈ પોલીસ વ્યાવસાયિક ઢબે કાર્યવાહી કરી રહ્યું છે.'

ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ સરકાર વિદ્યાર્થીઓની વાસ્તવિક સમસ્યાઓના ઉકેલ માટે ૧૦૦ ટકા પ્રતિબદ્ધ છે એવું ભારપૂર્વક જણાવી તેમણે કે રાજકીય લાભ માટે વિદ્યાર્થીઓનો ઉપયોગ ન કરવા ચેતવણી આપતાં તેમણે આ સંદર્ભમાં નિર્ણયો લેવામાં આવ્યા હોવાનું જણાવ્યું હતું.

ફડણવીસે કહ્યું કે વિદ્યાર્થીઓને ખ્યાલ આવી ગયો છે કે વાસ્તવિક માગણીઓ સ્વીકારવામાં આવી રહી છે અને તેમને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો હોવાનો આરોપ કર્યો છે. વિદ્યાર્થીઓ (જુઓ પાનું ૪)




# મુંબઈમાં સ્વાઈનફ્લૂ અને મલેરિયાએ ચિંતા વધારી

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ મુંબઈમાં ગયા વર્ષની સરખામણીમાં આ વર્ષે મલેરિયા અને સ્વાઈનફ્લૂના કેસમાં મોટા પ્રમાણમાં વધારો નોંધાયો છે. છેલ્લા ચાર મહિનામાં મુંબઈમાં મલેરિયાના ૭,૪૨૨ અને સ્વાઈનફ્લૂના ૫૦૪ કેસ નોંધાયા છે. ગયા વર્ષની સરખામણીમાં જોકે ડેન્ગ્યૂના કેસમાં હળવો ઘટાડો નોંધાયો છે.

મુંબઈમાં જૂન, જુલાઈ, ઑગસ્ટ અને સપ્ટેમ્બર આ ચાર મહિનામાં મલેરિયાના ૭,૪૨૨ કેસ નોંધાય છે. ગયા વર્ષે આ જ સમયગાળામાં ફક્ત ૫,૧૪૪ કેસ નોંધાયા હતા. તો ઈન્ફલૂએન્ઝા-એ વાઈરસથી ફેલાતા સ્વાઈનફ્લૂ( એચવનએનવન)ના ચાર મહિનામાં ૫૦૪ કેસ નોંધાયા છે. ગયા વર્ષે આ સમયગાળામાં માત્ર ૭૧ કેસ નોંધાયા હતા. ગયા (જુઓ પાનું ૪)

# સાત દવાખાનાં પર કાર્યવાહી,૧૦ બોગસ ડૉક્ટરની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ શહેરના અલગ અલગ વિસ્તારોમાં ખોલવામાં આવેલાં સાત દવાખાનાં પર કાર્યવાહી કરી ક્રાઈમ બ્રાન્ચે ૧૦ કથિત બોગસ ડૉક્ટરની ધરપકડ કરી હતી. તબીબી ક્ષેત્રની કોઈ પણ ડિગ્રી ન હોવા છતાં ડૉક્ટરો ગુપ્ત રોગો પર અકસીર ઇલાજને નામે આ દવાખાનાંમાં દરદીઓની સારવાર કરતા હતા.

ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૭ના અધિકારીઓએ પકડી પાડેલા આરોપીઓની ઓળખ શેખ મોહમ્મદ અન્વર મોહમ્મદ અસલમ, મોહમ્મદ નબી હુસેન મોહમ્મદ ફરીદ શેખ, ઈમરાન અબ્દુલ જબ્બાર ખાન, દયાશંકર હુબલાલ સિંહ, ઝુનેદ હસ્માતુલ્લાહ સિદ્દીકી, શહાબુદ્દીન નિઝામુદ્દીન શેખ, નાવેદ જાહેદ ખાન, રાશિદ હુસેન બેગ, રાશિદ હુસેન અફઝલ હુસેન શેખ, નિહાલ અરાફત હુસેન શેખ તરીકે થઈ હતી.

તબીબી ક્ષેત્રની કોઈ પણ શાખાની ડિગ્રી મેળવ્યા વિના ક્લિનિક્સમાં દરદીઓની સારવાર કરવામાં આવતી હોવાની માહિતી ક્રાઈમ બ્રાન્ચને મળી (જુઓ પાનું ૪)

## ઢોસામાં ઉંદર મળવાના પ્રકરણમાં ગંભીર વળાંક

# પોલીસ ફરિયાદની ધમકી આપી હૉટેલમાલિક પાસે પચીસ લાખની ખંડણી માગીઃ બે બહેન સામે ગુનો

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોરીવલીની જાણીતી રાધાકૃષ્ણ હૉટેલમાં મૈસૂર મસાલા ઢોસામાં ઉંદર મળ્યાના પ્રકરણમાં હૉટેલમાલિકને પચીસ લાખ રૂપિયાની ખંડણી માટે ધમકાવવામાં આવતાં ગંભીર વળાંક આવ્યો હતો. વીડિયો વાયરલ કરવાની સાથે પોલીસ ફરિયાદની ધમકી આપીને નાણાં પડાવવાનો પ્રયાસ કરાયો હોવાની ફરિયાદને આધારે પોલીસે બોરીવલીના ગોરાઈ પરિસરમાં રહેતી બન્ને બહેન વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો. હૉટેલમાલિક જય કિશોર શાહ (૪૪)ની ફરિયાદ બાદ બોરીવલી પોલીસે સોમવારની સાંજે છટકું ગોઠવ્યું હતું. છ લાખ રૂપિયા લેવા આવેલી મહિલાને પોલીસે રંગેહાથ પકડી પાડી હતી. આ પ્રકરણે ફરિયાદને આધારે માનસી અમિત આચાર્ય (૩૬) અને તેની બહેન કિંજલ સુભાષ ભાટિયા (૨૯) સામે એફઆઈઆર નોંધવામાં આવ્યો હતો.

બોરીવલી પોલીસમાં સોમવારની રાતે (જુઓ પાનું ૪)

# સાયબર ફ્રોડનાં નાણાંથી મોબાઇલ ખરીદતી ટોળકીના સભ્યની અમદાવાદમાંથી ધરપકડ

મુંબઈઃ સાયબર ફ્રોડ આચરીને મેળવેલા રૂપિયાથી મોબાઇલ ખરીદનારી ટોળકીના બે સભ્યને એલ. ટી. માર્ગ પોલીસે અમદાવાદ અને કુર્લાથી ઝડપી પાડ્યા હતા. આરોપી પાસેથી વિવિધ કંપનીના ૧૯.૬૬ લાખ રૂપિયાના પચીસ મોબાઇલ જપ્ત કરાયા હતા.

એલ.ટી. માર્ગ પોલીસે ધરપકડ કરેલા આરોપીઓની ઓળખ અનિસબેગ સમીરબેગ મિર્ઝા (૨૩) અને મોઇન રહીમ શેખ (૩૪) તરીકે થઇ હતી. પોલીસ હવે આરોપીઓને ફરાર સાથીદારોની શોધ ચલાવી રહી હોવાનું અધિકારીએ જણાવ્યું હતું.

એલ.ટી. માર્ગ પોલીસ સ્ટેશનમાં ભારતીય ન્યાય સંહિતા અને ઇન્ફોર્મેશન ટેક્નોલોજી એક્ટ હેઠળ દાખલ ગુનાના ફરિયાદીને અજાણી વ્યક્તિએ કૉલ કરી પોતાની ઓળખ ખાનગી બૅંકના ક્રેડિટ કાર્ડ વિભાગના કર્મચારી તરીકે આપી હતી. ફરિયાદીના ક્રેડિટ કાર્ડ પરની મેલ (જુઓ પાનું ૪)







Deepak Somaiya

# મુંબઈમાં વિરોધ પ્રદર્શન કરી રહેલા આદિવાસી વિદ્યાર્થીઓની અટકાયત, શહેર બહાર મોકલ્યા

મુંબઈઃ હોસ્ટેલની સારી સુવિધાઓ અને આશ્રમશાળામાં થયેલા મૃત્યુની તપાસની માગણી સાથે નાશિકથી કૂચ કરીને આવેલા અને વિરોધ પ્રદર્શન કરી રહેલ આદિવાસી વિદ્યાર્થીઓની મંગળવારે પોલીસે અટકાયત કરી હતી. પોલીસે તેમને મહારાષ્ટ્ર કૉંગ્રેસ મુખ્યાલયની બહાર બસોમાં બેસાડીને શહેરની બહાર મોકલી દીધા હતા. આઝાદ મેદાનમાં એકઠા થવાની પરવાનગી ન મળવાને કારણે વિદ્યાર્થીઓ સોમવારથી દાદરમાં વિરોધ પક્ષના મુખ્યાલય તિલક ભવન ખાતે આશરો લઇ રહ્યા હતા અને તેઓ રાજ્યપાલ જીષ્ણુ દેવ (જુઓ પાનું ૪)

# પોલીસ કસ્ટડીમાં મોત થાય તો પરિવારને મળશે પાંચ લાખ

મુંબઈઃ પોલીસ કસ્ટડીમાં મારપીટ, ત્રાસ અથવા પોલીસકર્મીના દબાણને કારણે કોઈ વ્યક્તિનું મોત થયું હોવાનું સાબિત થાય તો તેના પરિવારને મહારાષ્ટ્ર સરકાર પાંચ લાખ રૂપિયાનું વળતર આપશે. મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની અધ્યક્ષતામાં મંગળવારે મળેલી રાજ્ય કેબિનેટની બેઠકમાં આ નીતિને મંજૂરી આપવામાં આવી છે. મુખ્ય પ્રધાન કાર્યાલય દ્વારા અપાયેલી માહિતી મુજબ, પોલીસ કસ્ટડી દરમિયાન પોલીસ અધિકારી (જુઓ પાનું ૪)




KAAJAL ADS

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**